પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક


મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૩-૩-૨૦૨૬, સોમવાર
વર્ષ: ૧૫, અંક : ૧૩

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 © 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

ઢગલો પુસ્તક વાંચીને બે લીટી પણ નથી લખી શકાતી પણ એક કડવો અનુભવ આખી પુસ્તક લખાવી શકે છે...




# શેરબજારમાં કડાકોઃ સેન્સેક્સ ૧૫૦૦ પોઈન્ટ તૂટ્યો



## અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન યુદ્ધ તેમજ ક્રૂડ ઓઈલના ભાવ વધારાની અસરથી ગ્લોબલ માર્કેટ સહિત ભારતીય શેરબજારમાં કડાકો

### બેન્કિંગ, ઓટો, એફએમસીજી અને આઈટી સેક્ટરના શેર્સમાં મોટા પાયે વેચવાલી

**અબતક, નવી દિલ્હી**

શેરબજારમાં આજે ૨૩ માર્ચના રોજ મોટો ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ લગભગ ૧૫૦૦ પોઈન્ટ તૂટીને ૭૩,૧૦૦ પર કારોબાર કરી રહ્યો છે. જ્યારે નિફ્ટીમાં પણ લગભગ ૪૫૦ પોઈન્ટનો કડાકો બોલી ગયો છે અને તે ૨૨,૭૦૦ના સ્તરે ટ્રેડ કરી રહ્યો છે. આજે બેન્કિંગ, ઓટો, એફએમસીજી અને આઈટી સેક્ટરના શેર્સમાં મોટા પાયે વેચવાલી જોવા મળી છે અને સેન્સેક્સના તમામ ૩૦ શેરો લાલ નિશાનમાં ટ્રેડ કરી રહ્યા છે.

બજારમાં આટલા મોટા કડાકા પાછળ મુખ્ય ત્રણ કારણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ભડકે બળ્યા છે (અનુ. આઠમા પાને)

### ટોપ ૧૦ પૈકીની ૫ મોટી કંપનીના માર્કેટ કેપમાં ૧ લાખ કરોડનું ગાબડું

ગયા અઠવાડિયે શેરબજારમાં જોવા મળેલા ઉતાર-ચઢાવ વચ્ચે દેશની ટોપ-૧૦ કંપનીઓમાંથી પાંચ કંપનીઓએ ભારે નુકસાન વેઠવું પડ્યું છે. આ પાંચ કંપનીઓનું કમ્બાઈન્ડ માર્કેટ કેપ રૂ.૧.૦૨ લાખ કરોડ ઘટી ગયું છે. પાછલા સપ્તાહે સેન્સેક્સમાં ૩૦.૯૬ અંક અને નિફ્ટીમાં ૩૬.૬ અંકનો નજીવો ઘટાડો નોંધાયો હતો.માર્કેટ વેલ્યુમાં ઘટાડામાં એચડીએફસી બેંક સૌથી આગળ છે. બેંકની વેલ્યુ એક જ ઝાટકે રૂ.૫૬,૧૨૪.૪૮ કરોડ ઘટીને રૂ.૧૨,૦૧,૨૬૭.૨૮ કરોડ પર આવી ગઈ છે. આ ઉપરાંત એફએમસીજી જાયન્ટ હિન્દુસ્તાન યુનિલિવરની માર્કેટ વેલ્યુમાં પણ રૂ.૧૮,૦૦૯.૬૨ કરોડનો ઘટાડો થયો છે. આ કડાકા વચ્ચે પણ ૫ કંપનીઓએ નફો નોંધાવ્યો છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માર્કેટ વેલ્યુ રૂ.૪૫,૯૪૨.૭૫ કરોડના ઉછાળા સાથે રૂ.૧૯,૧૪,૨૩૫.૯૨ કરોડ પર પહોંચી ગઈ છે. ભારતી એરટેલની વેલ્યુ રૂ.૨૪,૪૬૨.૦૩ કરોડ વધી છે. આ સિવાય એસબીઆઈ માર્કેટ કેપમાં રૂ.૧૦,૭૦૭ કરોડ, એલઆઈસીમાં રૂ.૨,૬૨૪ કરોડ અને ઈન્ફોસિસમાં રૂ.૨,૪૭૩ કરોડનો વધારો જોવા મળ્યો છે.

## ચાંદીમાં રૂ.૧૩ હજાર તો સોનામાં રૂ.૭ હજારનો કડાકો

### એમસીએક્સ માર્કેટમાં ખુલતા સાથે જ સોનું અને ચાંદી નીચે પટકાયું




યુદ્ધના કારણે વૈશ્વિક બજારમાં ચાલી રહેલી ભારે ઉથલપાથલની સીધી અસર ભારતીય કોમોડિટી માર્કેટ પર જોવા મળી રહી છે. આજે સોમવારે વાયદા બજાર ખુલતાં સોના અને ચાંદીના ભાવમાં અણધાર્યો અને મોટો ઘટાડો નોંધાયો છે, જેના કારણે બજારમાં ફાળકો પડ્યો છે. ખાસ કરીને મિડલ ઈસ્ટના તણાવ વચ્ચે આર્થિક અનિશ્ચિતતાને કારણે કિંમતોમાં આ મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે.

એમસીએક્સ માર્કેટના ડેટા મુજબ, સોનાના ભાવમાં આજે મોટો ઘટાડો જોવા મળ્યો છે. સોનાનો અગાઉનો બંધ ભાવ ૧૪૪૪૯૨.૦૦ હતો, જેની સામે આજે બજાર ૧૪૦૧૫૮.૦૦ પર ખૂલ્યું હતું. ટ્રેડિંગ દરમિયાન સોનું નીચામાં ૧૩૭૧૩૦.૦૦ સુધી પહોંચી ગયું હતું. હાલમાં સોનું આશરે ૪.૯૬% ના ઘટાડા સાથે ૧૩૭૩૨૦.૦૦ પર ટ્રેડ થઈ રહ્યું છે, જે દર્શાવે છે કે પ્રતિ ૧૦ ગ્રામ (કે તે મુજબના લોટ) પર ૭૧૭૨.૦૦ રૂપિયાનો જંગી ઘટાડો થયો છે.ચાંદીની સ્થિતિ સોના કરતા પણ વધુ ખરાબ જોવા મળી રહી છે. ચાંદીમાં આજે સીધો ૬.૦૦% નો ઘટાડો જોવા મળ્યો છે. ચાંદીનો અગાઉનો બંધ ભાવ ૨૨૬૭૭૨.૦૦ હતો, જે આજે ઘટીને ૨૧૭૭૦૨.૦૦ પર ઓપન થઈ હતી. બજારમાં વેચવાલી વધતા ચાંદી નીચામાં ૨૧૩૧૬૬.૦૦ સુધી ગબડી ગઈ હતી. આમ, ચાંદીના ભાવમાં એક જ દિવસમાં ૧૩૬૦૬.૦૦ રૂપિયાનો પ્રચંડ કડાકો બોલાઈ ગયો છે.નિષ્ણાંતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરે ડોલરની મજબૂતી અને યુદ્ધની સ્થિતિ વચ્ચે પ્રોફિટ બુકિંગને કારણે કિંમતોમાં આ તીવ્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. સામાન્ય ગ્રાહકો માટે આ ખરીદીની તક હોઈ શકે છે, પરંતુ રોકાણકારો માટે આ આંચકા સમાન સમાચાર છે.

# ઈંધણ ભડકે બળ્યુંઃ પાકિસ્તાનમાં ૨૦૦ ટકા તો શ્રીલંકામાં ૨૫ ટકાનો ભાવ વધારો!


### યુધ્ધના કારણે પડોશી દેશોની આર્થિક સ્થિતિ કથળીઃ શ્રીલંકામાં ૪ દિવસનું વર્ક-વિક લાગુ કરાયું




મિડલ ઈસ્ટમાં ઈરાન, અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને હોર્મુઝ સંકટને કારણે પાકિસ્તાન અને શ્રીલંકાની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. પાકિસ્તાનમાં શાહબાઝ શરીફ સરકારે આર્થિક તંગી અને વૈશ્વિક તેલ સંકટ વચ્ચે મોટો નિર્ણય લેતા લક્ઝરી વાહનોમાં વપરાતા હાઈ-ઓક્ટેન ઈંધણ પરના ટેક્સમાં સીધો ૨૦૦ ટકાનો વધારો ઝીંકી દીધો છે. વડાપ્રધાન શાહબાઝ શરીફની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં હાઈ-ઓક્ટેન ઈંધણ પરનો ટેક્સ ૧૦૦ રૂપિયાથી વધારીને ૩૦૦ રૂપિયા પ્રતિ લિટર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એટલે કે હવે લક્ઝરી વાહન માલિકોએ પ્રતિ લિટર ૨૦૦ રૂપિયા વધુ ચૂકવવા પડશે. (અનુ. આઠમા પાને)

# યુદ્ધ આરપારનું બન્યું! અમેરિકા અને ઈરાનની સામસામી ધમકીઓ

### ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું, સામે ઈરાને ગલ્ફ દેશોમાં અમેરિકાના સૈન્ય મથકો પર હુમલાની ધમકી આપી



ટ્રમ્પે ઈરાનને હોર્મુઝ સ્ટેઈટ્સ ખોલવા માટે ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે પરંતુ ઈરાન તેથી જરા પણ ડગ્યું નથી. ઉલટાની અમેરિકા ઈઝરાયલને સામી ધમકી આપી છે. ઈઝરાયલી સૈન્યના પ્રમુખોએ ચેતવણી આપી છે ઈરાનનું ફ્યુએલ અને એનર્જી પ્લાંટ ઉપર કોઈ પણ હુમલો કરાશે તો તેના જવાબમાં સંપૂર્ણ ગલ્ફ વિસ્તારમાં રહેતાં અમેરિકા અને તેમના સાથી દેશોના એનર્જી પ્લાંટ, આઈટી નેટવર્ક અને ડીસેલિનેશન સુવિધાઓ ઉપર મિસાઈલ્સ વરસાવશે. આટલું જ નહીં પરંતુ ઈરાને યુદ્ધ વિરામ પણ સ્વીકારવાનો ઈનકાર કરી દીધો છે. ઈરાનના વિદેશમંત્રી અરાઘચીએ જાપાનની ન્યૂઝ એજન્સી ક્યોડો ન્યુઝને આપેલા ઈન્ટરવ્યુમાં સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ઈરાન કોઈ પણ યુદ્ધ વિરામ સ્વીકારશે નહીં. તે ગત વર્ષે થયેલી પરિસિ્થતિ ફરી ઊભી થવા દેવા માગતું નથી. ઈરાન યુદ્ધનો સંપૂર્ણ વ્યાપક અને સ્થાયી અંત ઈચ્છે છે. તે એક માત્ર સ્વીકાર્ય સમાધાન છે. યુદ્ધનો સંપૂર્ણ અને કાયમી અંતઃ સાથે નુકસાનની ભરપાઈ થવી જોઈએ અને ફરી હુમલા ન થાય તેની ગેરેન્ટી મળવી જોઈએ.તે સર્વવિદિત છે કે અમેરિકા એ ઈરાનને પરમાણુ સમજૂતી માટે ત્રણ તક આપી છે. પરંતુ ત્રણે વખત મીટીંગ અસફળ રહી. તેથી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના દિવસે ઈઝરાયલ અમેરિકાએ સાથે મળી ઈરાન પર હુમલો કર્યો. તેમણે ઈરાનની સેનાનાં મથકોને નિશાન બનાવ્યાં. ઈરાનના સુપ્રીમ વડા યાયાતોલ્લા અલિ ખોમેનેઈને ખતમ કરી નાખ્યા. ઈરાનનાં તેલનાં સ્થાનો પર હુમલા કરી રીફાઈનરીઓને નુકસાન કરી તેની ઉત્પાદન ક્ષમતા પ્રભાવિત કરી ઈરાનને સજ્જડ ઘા માર્યો છે.તેની વળતી કાર્યવાહીમાં ઈરાને મિસાઈલ ડ્રોન એટેક શરૂ કર્યા. અમેરિકાની તે દેશોમાંની ૨૨,૦૦૦ કરોડની ડીફેન્સ સીસ્ટમ ખતમ કરી નાખી. સાથે હોર્મુઝ સ્ટેઈટસ અમેરિકા અને ઈઝરાયલ માટે બંધ કરી તે ખોલવા માટે અમેરિકાએ ઈરાનને ૪૮ કલાકનું અલ્ટીમેટમ આપ્યું છે. ઈરાન તે ખોલવા માટે શરતો મુકે છે. અમેરિકાને અને ઈઝરાયલને તે શર્તો સ્વીકાર્ય નથી. તેવામાં ઈરાને ૪,૦૦૦ કીમી દૂર ડીયાગોગાર્શિયાના હિન્દ મહાસાગરમાં રહેલાં અમેરિકા (અનુ. આઠમા પાને)

# ભારતીય સેનાની તાકાતમાં મોટો વધારોઃ સરહદ પર વધુ એક પિનાકા રેજિમેન્ટ તૈનાત થશે

### પાકિસ્તાન અને ચીન બોર્ડર પર વધતા સુરક્ષા ખતરાને પગલે લેવાયો નિર્ણયઃ વર્ષના અંત સુધીમાં આ ૮મી રેજિમેન્ટ પણ ઓપરેશનલ થશે




**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમી અને ઉત્તરીય સરહદો પર, ખાસ કરીને પાકિસ્તાન અને ચીન તરફથી વધતા સુરક્ષા ખતરાને ધ્યાનમાં રાખીને ભારતીય સેનાએ પોતાની તાકાતમાં મોટો વધારો કર્યો છે. ગયા વર્ષે પાકિસ્તાન સાથે થયેલા સંઘર્ષ બાદ ભારતીય સેનાએ વધુ એક પિનાકા રોકેટ લોન્ચર રેજિમેન્ટનો ઉમેરો કર્યો છે. આ નવી રેજિમેન્ટ કાર્યરત થવાની સાથે જ હવે ભારતીય સેના પાસે પાકિસ્તાન અને ચીન બોર્ડર પર તૈનાત પિનાકા રેજિમેન્ટની કુલ સંખ્યા ૭ થઈ ગઈ છે. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા અનુસાર, સેના દ્વારા ૮મી રેજિમેન્ટ માટે અડધાથી વધુ ઉપકરણો પ્રાપ્ત કરી લેવામાં આવ્યા છે અને ૨૦૨૬ના અંત સુધીમાં આ રેજિમેન્ટ પણ ઓપરેશનલ થઈ જશે તેવી અપેક્ષા છે. આ ઉપરાંત, આવતા વર્ષે વધુ બે રેજિમેન્ટને કાર્યરત કરવાની તૈયારીઓ ચાલી રહી છે. જેની સાથે દેશની સરહદો પર તૈનાત પિનાકા રેજિમેન્ટની કુલ સંખ્યા વધીને ૧૦ થઈ જશે. સેનાએ લાંબા ગાળાના આયોજન હેઠળ ૨૨ પિનાકા રેજિમેન્ટ ઉભી કરવાનું લક્ષ્ય રાખ્યું છે, જેમાં નવી અને લાંબા અંતરની ગાઈડેડ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટના ઈતિહાસ પર નજર કરીએ તો, ઓગસ્ટ ૨૦૨૦ માં ભારતીય સેનાએ છ પિનાકા રેજિમેન્ટના સપ્લાય માટે દેશની અગ્રણી કંપનીઓ સાથે કરાર કર્યા (અનુ. આઠમા પાને)

# નરેન્દ્ર મોદીએ ૮,૯૩૧ દિવસ સરકારના વડા બનીને ઈતિહાસ રચ્યો

### ત્રણ વખત ગુજરાતના મુખ્યમંત્રી અને ત્રણ વખત વડાપ્રધાન, ૨૪ વર્ષ કરતાં વધુ સમય એક પણ રજા લીધા વગર દેશ સેવા કરીઃ અમિત શાહ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારી તંત્રના વડા તરીકે ૮,૯૩૧ દિવસ હોદ્દા સંભાળી ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો છે. દેશમાં સરકારના વડા તરીકે સૌથી વધુ લાંબા સમય સુધી કાર્યરત રહેવાનો રેકોર્ડ નરેન્દ્ર મોદીના નામે થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી અને બાદમાં દેશના વડાપ્રધાનપદે સરકારના વડા તરીકે તેમનું ૨૫મું વર્ષ ચાલી રહ્યું છે. ટોચના કેન્દ્રીય મંત્રીઓએ આ પ્રસંગે વડાપ્રધાનની ઊંડી નિષ્ઠા અને દેશ પ્રથમની ભાવનાને બિરદાવતાં કહ્યું હતું કે, મોદીએ ગરીબોને અધિકાર આપવાની સાથે વૈશ્વિક મંચ પર દેશની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું હતું કે, દેશ તથા દેશવાસીઓ માટે શુદ્ધ સમર્પણ એ મોદીનો મુદ્રાલેખ છે. ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે તેમનું જીવન અવિરત સેવાનો પર્યાય રહ્યું છે. અમિત શાહ, જે પી નડ્ડા, પીયૂષ ગોયલ, અશ્વિની વૈષ્ણવ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીને આ પ્રસંગે અભિનંદન આપતા કહ્યું હતું કે, મોદી યુગ દરમિયાન વિકાસના નવા માનકો સ્થાપિત થવાથી ભારતનું અભૂતપૂર્વ રૂપાંતર થઈ રહ્યું છે. દાયકાઓની અવિરત સેવા થકી મોદીએ જાતે જ પોતાના યુગનું નિર્માણ કર્યું છે. આ નવા ભારતને જીવનપર્યંત પ્રયાસોની જરૂર હતી અને મોદીએ તે કર્યું છે. છેલ્લા ૨૪ વર્ષથી તેઓ એક પણ રજા લીધા વગર દેશ તથા દેશવાસીઓની સેવા કરી રહ્યા છે, જે તેમના (અનુ. આઠમા પાને)

# યુએઈ અને ઓમાનના બંદરો પર ગુજરાતના ૫૫૦૦થી વધુ કન્ટેનરો અટવાયા

### નિકાસકારોને મોટો ફટકોઃ કન્ટેનરો પાછા લાવવા રૂ.૨૭૫ કરોડ ખર્ચવા પડે તેવી સ્થિતિઃ બટાકા, તરબૂચ, સી ફૂડ, શાકભાજી, ડેરી પ્રોડક્ટના નિકાસકારોને મોટું નુકસાન સહન કરવું પડશે



**અબતક, નવી દિલ્હી**

યુદ્ધના કારણે એકસપોર્ટરો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ખાડી યુદ્ધ વણસતાં યુએઈ અને ઓમાનના બંદરો પર ગુજરાતના પાંચ હજારથી વધુ કન્ટેનરો અટવાઈ પડ્યા છે. હવે જો આ કન્ટેનરો પરત લાવવા હોય તો ગુજરાતના એક્સપોર્ટરોએ રૂ. ૨૭૫ કરોડનો ખર્ચવો પડે તેવી પરિસિ્થતિનું નિર્માણ થયું છે. આ ઉપરાંત ઈદના સમયે ગારમેન્ટ ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે. સાથે સાથે જો યુદ્ધ હજુ લંબાશે તો, કેરીના વેપારને પણ મોટી અસર થશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

ઈરાન ઈઝરાયલ-અમેરિકા યુદ્ધના લીધે વિશ્વભરના વેપાર ધંધા કટોકટીની સ્થિતિમાં મુકાયાં છે. એકસપોર્ટ ઈમ્પોર્ટ પર જાણે ગંભીર આફત આવી પડી છે. યુદ્ધની સ્થિતિને લીધે યુ.એ.ઈ.ના ખોરફક્કન પોર્ટ અને ઓમાનના સોહાર પોર્ટ પર ગુજરાતના ૫૫૦૦થી વધુ કન્ટેનરો અટવાઈ પડ્યાં છે. ગુજરાત બટાકા, તરબૂચ, સી ફૂડ, શાકભાજી, ડેરી પ્રોડક્ટ એક્સપોર્ટ કરે છે.

અત્યારે એવું જાણવા મળ્યું છે કે, ખોરફક્કન પોર્ટ ઉપર ૮૦૦થી વધુ રેફ્રિજરેટેડ કન્ટેનરો ઉતારી દેવાયાં છે. આ કન્ટેનરોને ઠંડા રાખવા માટે પૂરતાં ઈલેક્ટ્રિક પ્લગ્સની વ્યવસ્થા હોવી જોઈએ. કેપેસિટી ઓછી હોવાથી પોર્ટ પર માત્ર ૧૨૦ જેટલા પ્લગ્સ ઉપલબ્ધ છે. હવે સ્થિતિ એવી પરિણમી છે કે, રેફ્રિજરેટેડ કન્ટેનરોમાં માલ સડી અથવા તો બગડી જશે. જો આ કન્ટેનરોને પરત લાવવા હોય તો એક્સપોર્ટરોને મોટો ખર્ચ ઉપાડવો પડે તેમ છે. પ્રતિ કન્ટેનર દીઠ આશરે ૫ લાખ સુધીનો ખર્ચ થાય. જો યુએઈ-ઓમાનના પોર્ટ ઉપરનાં ૫૫૦૦ કન્ટેનરો પાછા લાવવા હોય તો રૂ. ૨૭૫ કરોડ ખર્ચ કરવો પડે. જે એક્સપોર્ટરોને પોષાય તેમ નથી.બીજુ કે, અમદાવાદ અને સુરતનો ગારમેન્ટ-કપડા ઉદ્યોગ ખાડીના (અનુ. આઠમા પાને)

# બાયબેક-મર્જરના નિયમોમાં આવશે મોટો ફેરફાર લોકસભામાં કોર્પોરેટ લો એમેન્ડમેન્ટ બિલ રજૂ

### ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધારવા અને કંપનીઓ પર બોજ ઘટાડવા સરકારનો મોટો પ્રયાસ

**અબતક, નવી દિલ્હી**

આજે લોકસભામાં કોર્પોરેટ લો એમેન્ડમેન્ટ બિલ રજૂ થવાની સંભાવના છે. આ બિલનો મુખ્ય હેતુ કંપનીઓના કામકાજ, નિયમો અને અનુપાલનમાં મોટા ફેરફારો લાવીને 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ' વધારવાનો છે. નવા બિલમાં બાયબેક અને મર્જરના નિયમો સરળ કરવામાં આવ્યા છે, જેથી કંપનીઓ હવે વર્ષમાં બે વાર બાયબેક લાવી શકશે. આ સાથે પેડ-અપ કેપિટલ અને રિઝર્વના ૨૫ ટકાના નિયમમાં છૂટછાટ અપાતા નાની અને મધ્યમ કંપનીઓને મોટો ફાયદો થશે.

નવા સુધારામાં રેગ્યુલેટર્સ એનએફઆરએ અને આઈબીબીઆઈ ની તાકાત વધારવામાં આવી છે, જેથી રિકવરી પાવર વધશે અને નિયમોનું કડક પાલન થશે. આ ઉપરાંત ઈએસઓપી અને એલએલપીના નિયમોમાં પણ મોટા ફેરફારો કરાયા છે. આઈએફએસસીએના ટ્રસ્ટ હવે એલએલપી માં બદલાઈ શકશે અને ફાઈલિંગ પ્રક્રિયા અત્યંત સરળ બની જશે. અગાઉ જ્યાં દર મહિને ફાઈલિંગ કરવું પડતું હતું, ત્યાં હવે વર્ષમાં માત્ર એક જ વાર ફાઈલિંગ કરવાનું રહેશે.

બિલમાં ઓડિટ અને પેનલ્ટીના નિયમોમાં રાહત અને કડકાઈ બંનેનું સંતુલન જાળવવામાં આવ્યું છે. કેટલીક કંપનીઓને ઓડિટમાંથી મુક્તિ આપવામાં આવી છે, પરંતુ લિસ્ટેડ કંપનીઓ પર દંડ વધારાયો છે. પેનલ્ટીને પડકારવા માટે ૧૦ ટકા રકમ જમા કરાવવી ફરજિયાત બનશે. વિશેષ રૂપે, સીએસઆર કરતી કંપનીઓ માટેની મર્યાદા ૫ કરોડથી વધારીને ૧૦ કરોડ રૂપિયા કરવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. (અનુ. આઠમા પાને)

પૃથ્વીનો સંદેશઃ હવામાનને સમજો, જીવન બચાવો

# આજનું અવલોકન, આવતીકાલનું રક્ષણ: આજે વિશ્વ હવામાન દિવસ

## પૃથ્વી નિરીક્ષણ અને હવામાન આગાહી માત્ર વૈજ્ઞાનિક કાર્ય નથી, પરંતુ માનવ જીવન, કૃષિ, અર્થતંત્ર અને આપત્તિ નિવારણ માટે અનિવાર્ય છેઃ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ હવામાન આગાહીને વધુ ચોક્કસ બનાવવા માટે ઉપયોગી

હવામાન કેવું રહેશે ? આ એક સામાન્ય પ્રશ્ન છે, આજના યુગમાં બધા લોકો પૂછતા હોય છે. આજે વિશ્વ હવામાન દિવસ છે, ત્યારે આપણે જ પૃથ્વીનું કુદરતી વાતાવરણ બગાડ્યું છે અને આપણે જ તેને હવે પાછું મૂળ સ્થિતિમાં લાવવાનું છે. હરિયાળી અને સુંદર વાતાવરણવાળી પૃથ્વી આપણે ભાવિ પેઢીને આપવાની છે.

**નોલેજ કોર્નર**




**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

૨૩ માર્ચ ૧૯૫૦ના રોજ વિશ્વ હવામાન સંસ્થાની સ્થાપનાની યાદમાં ૧૯૫૧માં વિશ્વ હવામાન વિજ્ઞાન દિવસની સ્થાપના કરવામાં આવી હતી. આજનો દિવસ પૃથ્વીનું નિરીક્ષણ, હવામાન આગાહી અને આપત્તિ પૂર્વ ચેતવણી સિસ્ટમને મજબૂત બનાવવાની મહત્વતા પર ભાર મૂકે છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે ચોક્કસ પૃથ્વી નિરીક્ષણ અને હવામાન આગાહી માત્ર વૈજ્ઞાનિક કાર્ય નથી, પરંતુ માનવ જીવન, કૃષિ, અર્થતંત્ર અને આપત્તિ નિવારણ માટે અનિવાર્ય છે.

આ સંસ્થા દર વર્ષે વિશ્વ હવામાન દિવસ માટે એક સૂત્ર જાહેર કરે છે અને આ દિવસ વિશ્વના તમામ સભ્ય દેશોમાં ઉજવવામાં આવે છે. આ વર્ષની ઉજવણી થીમ ''આજનું અવલોકન, આવતીકાલનું રક્ષણ'' છે, જે વિશ્વસનીય આગાહી અને સ્થિતિસ્થાપકતા નિર્માણ પ્રદાન કરવા માટે વાતાવરણ, મહાસાગરો, ક્રાયોસ્ફિયર અને બાયોસ્ફિયરનું સતત, ઉચ્ચ ગુણવત્તાવાળા અવલોકન કરવાના મહત્વ પર ભાર મૂકે છે. તે પૂર, દુષ્કાળ, ગરમીના મોજા અને તોફાન જેવી આત્યંતિક ઘટનાઓની આગાહીમાં સુધારો કરવા માટે કૃત્રિમ બુદ્ધિ-આધારિત વિશ્લેષણ, ઉપગ્રહ નેટવર્ક અને વધુ વ્યાપક ગ્રાઉન્ડ સેન્સર જેવી નવીન તકનીકોને સમર્થન આપીને મોનિટરિંગ નેટવર્કની ખામીઓનો સામનો કરે છે. આજની ઉજવણીનો હેતુ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ સાથે હવામાન આગાહી વધુ ચોક્કસ બનાવવા માટે અને આપત્તિ પૂર્વ ચેતવણીમાં પૂર, વાવાઝોડા, દુષ્કાળ જેવી કુદરતી આપત્તિઓ સામે તૈયારી કરવી અને ક્લાઈમેટ રિઝિલિયન્સમાં કૃષિ, જાહેર સુરક્ષા અને વિકાસ ક્ષેત્રોમાં સ્થિરતા વધારવાનો છે.

વૈશ્વિક મહત્વમાં કેરિબિયન અને અન્ય પ્રદેશોમાં વાવાઝોડા, પૂર અને દુષ્કાળ જેવી આપત્તિઓ વધુ તીવ્ર બની રહી છે. ભારત જેવા દેશો માટે મોનસૂન આગાહી, પાણી સંચાલન અને કૃષિ માટે ચોક્કસ હવામાન માહિતી અત્યંત જરૂરી બને છે. વિશ્વ હવામાન ઓર્ગેનાઈઝેશન દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. આ દિવસનો મુખ્ય હેતુ હવામાન, પર્યાવરણ અને માનવ જીવન વચ્ચેના સંબંધ વિશે જાગૃતિ લાવવાનો છે. હવામાનની સાચી માહિતી ખેડૂતો, આપત્તિ વ્યવસ્થાપન અને દૈનિક જીવન માટે ખૂબ મહત્વપૂર્ણ છે.ક્લાઈમેટ ચેન્જ આજની સૌથી મોટી વૈશ્વિક સમસ્યાઓમાંની એક છે. પૃથ્વીનું તાપમાન વધવું, અનિયમિત વરસાદ, ગરમીની લહેરો, પૂર અને દુષ્કાળ જેવી પરિસ્થિતિઓ તેનો ભાગ છે. તેનું મુખ્ય કારણ માનવ પ્રવૃત્તિઓ જેમ કે ઉદ્યોગોનું પ્રદૂષણ, વૃક્ષોનો નાશ અને ગ્રીનહાઉસ ગેસનું વધતું પ્રમાણ છે. આ સમસ્યાનો ઉકેલ માટે વૃક્ષારોપણ, ઊર્જાનો સંયમિત ઉપયોગ અને પર્યાવરણ પ્રત્યે જવાબદારીપૂર્ણ વર્તન ખૂબ જરૂરી છે.આ દિવસ લોકોને હવામાનમાં થતા ફેરફારો, પ્રાકૃતિક આપત્તિઓ અને ટકાઉ વિકાસ વિશે જાગૃત કરે છે, જેથી માનવીય દુઃખ ઘટાડી શકાય. દર વર્ષે એક નવું સૂત્ર જાહેર થાય છે જે વર્તમાન પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ દિવસ પૃથ્વી પરના પર્યાવરણમાં આવતા પરિવર્તનો અને માનવજીવન પર તેની ગંભીર અસરો વિશે ચેતવણી આપે છે. આજનો દિવસ મુખ્યત્વે આ ખતરાઓ તરફ આપણું ધ્યાન દોરે છે.આબોહવા પરિવર્તન, વધતું તાપમાનઃ પૃથ્વીનું સરેરાશ તાપમાન સતત વધી રહ્યું છે, જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે.અત્યંત આત્યંતિક હવામાનમાં ગરમીના મોજા, દુષ્કાળ અને જંગલોમાં લાગતી આગ જેવી ઘટનાઓની તીવ્રતા અને આવૃત્તિમાં વધારો થયો છે. કુદરતી આફતોનું જોખમમાં પૂર અને અતિવૃષ્ટિ અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધવાને કારણે ભારે વરસાદ અને વિનાશક પૂરની ઘટનાઓ વધી રહી છે. ચક્રવાતોમાં સમુદ્રનું તાપમાન વધવાને કારણે વાવાઝોડા અને ચક્રવાતો વધુ શક્તિશાળી બની રહ્યા છે, જેનાથી તટીય વિસ્તારોમાં ભારે નુકસાન થવાની સંભાવના રહે છે. સમુદ્ર અને જળ સ્તર વધારામાં ગ્લેશિયર્સ અને ધ્રુવીય બરફ પીગળવાને કારણે સમુદ્રનું જળસ્તર વધી રહ્યું છે, જે નીચાણવાળા દરિયાકાંઠાના વિસ્તારો માટે મોટો ખતરો છે. સમુદ્રનું વધતું તાપમાન દરિયાઈ જીવસૃષ્ટિ અને પર્યાવરણીય સંતુલન ખોરવે છે. સામાજિક અને આર્થિક અસરોમાં ખોરાક અને જળ સુરક્ષા સાથે હવામાનની અનિયમિતતા ખેતીવાડીને સીધી અસર કરે છે, જે ખોરાકની અછત અને પીવાના પાણીની સમસ્યાઓ નોતરે છે.




કુદરતી આફતોને કારણે લાખો લોકોએ પોતાનું ઘરબાર છોડીને સ્થળાંતર કરવું પડે છે, જે એક મોટી માનવીય કટોકટી છે. WMO ના મૂળ ૧૮૭૩ માં સ્થાપિત આંતરરાષ્ટ્રીય હવામાન સંગઠનમાં છે, જેની સ્થાપના સરહદો પાર હવામાન અવલોકનો શેર કરવા માટે કરવામાં આવી હતી. એવી દુનિયામાં જ્યાં વાતાવરણ કોઈ સીમા જાણતું નથી, આ પ્રારંભિક સહયોગે આજની વૈશ્વિક નિરીક્ષણ અને આગાહી પ્રણાલીઓ માટે પાયો નાખ્યો હતો. દૈનિક આગાહીથી લઈને ભારે હવામાનની પ્રારંભિક ચેતવણીઓ સુધી, આ સેવાઓ કૃષિ, ઉડ્ડયન, ઊર્જા, આપત્તિ જોખમ વ્યવસ્થાપન અને અન્ય ઘણા ક્ષેત્રોને ટેકો આપે છે.આજના યુગમાં હવામાનની આગાહી માટે અદ્યતન ડોપ્લર રડાર, INSAT અને AI ના ઉન્નત મોડેલ જેવા ઉપગ્રહોનો ઉપયોગ કરીને, IMD દ્વારા અવલોકનો ૧.૪ અબજથી વધુ લોકોને ચક્રવાત, પૂર અને ગરમીના મોજા સામે રક્ષણ આપી શકે છે, જે આ વિસ્તારમાં સામાન્ય છે. દરેક આગાહી ઉપગ્રહો, હવામાન ફુગ્ગાઓ, સમુદ્રી બોય, વિમાન અને હજારો ગ્રાઉન્ડ સ્ટેશનોના વિશાળ વૈશ્વિક નેટવર્ક પર આધાર રાખે છે જે વાતાવરણીય પરિસ્થિતિઓને સતત રેકોર્ડ કરે છે. આ અવલોકનો હવામાન અને આબોહવા બુદ્ધિનો આધાર બનાવે છે, જે સચોટ આગાહીઓ અને સમયસર ચેતવણીઓને સક્ષમ બનાવે છે. જેમ જેમ આબોહવા પરિવર્તન આત્યંતિક હવામાનની આવર્તન અને તીવ્રતામાં વધારો કરે છે, તેમ વિશ્વસનીય, સુલભ માહિતીની જરૂરિયાત ક્યારેય વધી નથી. એક ટૂંકી ચેતવણી પણ જીવન બચાવી શકે છે અને નુકસાન ઘટાડી શકે છે. પૃથ્વીની પરિક્રમા કરતા ઉપગ્રહોથી લઈને વાતાવરણમાં છોડવામાં આવતા હવામાનશાસ્ત્રીય ફુગ્ગાઓ, સમુદ્રના બોય અને મોજાઓ પર સવારી કરતા જહાજો, દૂરના સ્ટેશનો સુધી, હવામાનશાસ્ત્રીય અવલોકનો આપણા રોજિંદા દિનચર્યાઓથી લઈને અબજો ડોલરના નિર્ણયો સુધી બધું જ તેના આધાર રાખે છે.

### હવામાન બદલાય છે, હવે બદલાવનો સમય આપણો

આકાશના સંકેતો, માનવ માટે ચેતવણી રૂપ છે. આજના યુગમાં હવામાનની જાગૃતિ કુદરત સાથેનું સંતુલન છે. વૈશ્વિક ક્લાઈમેટની કાળજી જ આવતીકાલની સુરક્ષા ગણાય છે. આપણી પ્રકૃતિ બોલે જ છે, પણ આપણે સાંભળતા જ નથી. આ સંસ્થા ૧૯૧ દેશોનું સંગઠન છે, જે વાતાવરણ, મહાસાગરો અને કુદરતી આફતોની માહિતી આપે છે. આ દિવસ માત્ર ખતરાઓની વાત નથી કરતો, પરંતુ ''પૂર્વ ચેતવણી અને પૂર્વ તૈયારી'' પર ભાર મૂકે છે. આધુનિક ટેકનોલોજી અને સચોટ ડેટા દ્વારા આપણે કુદરતી આફતોની આગાહી કરી શકીએ છીએ અને જાન-માલનું નુકસાન ઘટાડી શકીએ છીએ.

## દુષ્કાળ, ગરમીના મોજા અને તોફાન જેવી ઘટનાઓની આગાહીમાં સુધારો કરવા માટે કૃત્રિમ બુદ્ધિ-આધારિત વિશ્લેષણ, ઉપગ્રહ નેટવર્ક અને વધુ વ્યાપક ગ્રાઉન્ડ સેન્સર જેવી નવીન તકનીકોને સમર્થન આપીને મોનિટરિંગ નેટવર્કની ખામીઓનો સામનો કરે છે

# પોરબંદરમાં ખારવા સમાજે નવરાત્રિની ઉજવણી કરી: વાજતે-ગાજતે ગોરમાંની રવાડી નીકળી

### બહેનો-નાની બાળાઓ રાસ ગરબા રમ્યા, રજવાડાના સમયની પરંપરા જાળવી રખાઇ



**અબતક**
**અશોક થાનકી, પોરબંદર**

પોરબંદરમાં ખારવા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરાઈ હતી. ખારવાવાડ વિસ્તાર માં ચૈત્રી નવરાત્રી નિમિતે રાસગરબા નું આયોજન કરાયું હતું જેમાં મોટી સંખ્યા માં બહેનો જોડાઈ હતી અને માતાજી ની આરાધના કરી હતી તો રવિવારે ચોથા નોરતે ઢોલ, નગારા, શરણાઈ સાથે રવાડી કાઢવામાં આવી હતી અને કેદારેશ્વર કુંડ ખાતે ગોરમાવડી નું ભક્તિમય વાતાવરણ માં વિસર્જન કરાયું હતું જેમાં હજારો લોકો જોડાયા હતા.

રાંદલ માતાજી ખારવા સમાજના આરાધ્ય દેવી છે. ત્યારે ખારવાવાડ ખાતે રાંદલ માતાજીના સ્થાનક મંદિર આવેલા છે. ચૈત્રી નવરાત્રી દરમ્યાન ગોરમાવડી ની ભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે. પોરબંદરમાં સુભાષનગર તેમજ ખારવાવાડ ખાતે ચૈત્રી નવરાત્રી નિમિતે ગોરમાવડીનું આયોજન શહેર માં રજવાડા ના સમય થી ચૈત્રી નવરાત્રિ નિમિતે ખારવા સમાજ દ્વારા માતાજીની આરાધના રાસ-ગરબા સાથે ઉજવણી કરવામાં આવે છે. ખારવાવાડમાં અલગ અલગ ૯ સ્થળોએ રાંદલ માતાજીનું મંદિર આવેલું છે રજવાડા ના સમયે ચૈત્રી નવરાત્રિએ રજવાડા તરફથી રાંદલ માતાજીને ચૂંદડી ચડાવવામાં આવતી હતી. ગુજરાતમાં એક માત્ર ખારવા સમાજ છે જે ચૈત્રી નવરાત્રિએ ગોરમાવડીની સ્થાપના, અને રાસ-ગરબા રમી ચૈત્રી નવરાત્રિની ઉજવણી કરે છે. પુર્ણાહુતીની આગલી રાત્રીના અખંડ રાત્રી જાગરણ હોય છે અખંડ જાગરણ પુર્ણ થયા પછી બપોર યાને ઢળતા પહોરે રાંદલ માતાજીની રવાડી નીકળેછે. ચણાના લોટની મોણ વગરની પુરી (વાનવા) ધરાવવા તથા સુતરના દોરામાં પોરવી મંદીર કૃતિ બનાવાય અને તેની પર ચુંદડી ઓઢાડવામાં આવે છે. માંગલીક વાધ્યોની સુરાવલી સાથે જયા જયાં સ્થળે માતાજીના સ્થાપન હોય ત્યાંથી પુર્ણાહુતી માટે બાજોઠ ઉપાડી શહેરના રાજમાર્ગો પર થી પસાર થાય છે. સમાજના મુખ્ય પુરૂષો માથે પાઘડીઓ બાંધીને યાત્રામાં અભિવૃદ્ધિ કરી હતી ત્યારે મોટી સંખ્યા માં શહેરીજનો આ શોભાયાત્રા જોવા ઉમટી પડયા હતા. આ તકે ખારવા સમાજ ના વાણોટ પવનભાઈ શિયાળ તેમજ પંચ પટેલો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણના ડુંગરપુર હનુમાન મંદિરે બુધવારથી રામચરિત માનસ કથાનો થશે પ્રારંભ

### રામ કથા જ્ઞાનયજ્ઞમાં શાસ્ત્રી પંકજભાઈ ભટ્ટ દ્વારા સંગીતમય શૈલીમાં કરાવશે કથા રસપાન



**અબતક હિતેશ ગોસાઈ, જશદણ**

જસદણ પંથકના જાણીતા ધર્મ સ્થળ ડુંગરપુર હનુમાનજી મહારાજ ધામમાં ૨૫ માર્ચથી ૨એપ્રિલ સુધી રામચરિત માનસ જ્ઞાનયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું છે. ડુંગરપુર હનુમાનજી ધામ ખાતે ૨૫/૩ થી ૨/૪ સુધી એ યોજાનારા આ જ્ઞાન યજ્ઞમાં કથા દરરોજ સવારે ૯ થી ૧૨ અને બપોરે ૩થી ૬ સુધી યોજાશે જેમાં શાસ્ત્રી પંકજભાઈ ભટ્ટ સંગીતમય શૈલીમાં તથા રસપાન કરાવશે. આ જ્ઞાનયજ્ઞ મહંત દેવેન્દ્ર ગીરી મહારાજ, હરીગીરીજી મહારાજ અને લક્ષ્મણ ગિરિજી મહારાજના આશીર્વાદ સાથે યોજાઈ રહ્યો છે ભાવિકોને આ જ્ઞાનનો લાભ લેવા દેવેન્દ્ર ગીરીજી તથા હરી હરાનંદ ગીરી દ્વારા ભાવિકોને અનુરોધ કર્યો છે ડુંગરપુર સેવક મંડળ પાર્થેશ્વર પરિવાર અને બાખલવડ પોલાર પર ગઢડીયા સહિતના ગ્રામજનો દ્વારા રામ પ્રેમી ભાવિકોને કથાનો લાભ લેવા નિમંત્રિત કર્યા છે.

# બાબરાના વલારડી દિવ્ય ધામમાં શિવ કથામાં ધર્મ સાથે સામાજિક સેવા યજ્ઞનો અદભુત સમન્વય



### સંતો મહંતો સાથે સાંસદ ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય જનકભાઈ તળાવીયા સહિતના મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિ

**અબતક, બાબરા**

બાબરાના વલારડી દિવ્યધામ ખાતે ગીરીબાપુ ના વ્યાસાસને ચાલી રહેલી શિવ કથામાં દરરોજ હજારો ભાવિકોની મેદની ને ધર્મ લાભ અપાય રહ્યો છે.આ કથામાં હરિદ્વારના બ્રાહ્મણો દ્વારા દરરોજ સાંજે ૬/૩૦વાગે ગંગા આરતી સાથે જન કલ્યાણ ટ્રસ્ટ રાજકોટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, વ્યસન મુક્તિ સહિતના સેવા યજ્ઞ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમમાં રાજભા ગઢવી, લોકગાયિકા શ્રુતિબેન પટેલ માનસિંહ ગોહિલ, આશિષ વઘાસિયા, મિતલબેન ના કાર્યક્રમ સાથે રસોત્સવ ની ભાવિકો મોજ કરી રહ્યા છે.

શિવ કથા દરમિયાન સંતો મહંતો સાથે આગેવાનો અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તેમજ સામાજિક સાલનારા શિવ કથા મહોત્સવ ધર્મ સાથે સમાજ સેવા નું સમન્વય બની રહ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૩-૦૩-૨૦૨૬ સોમવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (બોમ્બે સ્ટાઈલ પાઉંભાજી) +(કચ્છી દાબેલી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સંજય દેસાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૪-૦૩-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પુ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૪-૩ -૨૦૨૬ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ છઠ સુર્ય છઠ
**નક્ષત્ર** રોહિણી
**યોગ** પ્રીતિ **કરણઃ** ગર
**સુર્યોદય** ૬.૪૮ **સુર્યાસ્તઃ** ૬.૫૯
**ચંદ્ર રાશી** વૃષભ
**રાશિ અક્ષર** બ.વ.ઉ
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૨ થી ૧.૨૦

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | | | ૨ | |
| | ૨ | | ૩ | ૬ | | | ૫ | |
| ૮ | | | | | | ૪ | | ૬ |
| | ૧ | | | | ૮ | | | ૪ |
| | | | | ૩ | ૭ | | | |
| ૭ | ૪ | | | | | | | |
| ૧ | | | ૮ | ૯ | | | | |
| ૨ | ૯ | | | | | | ૩ | ૭ |
| | | | ૬ | | | ૯ | | ૫ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૮૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | ૮ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ |
| ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૩ | ૧ | ૯ | ૨ |
| ૬ | ૭ | ૧ | ૯ | ૫ | ૮ | ૨ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૬ |
| ૯ | ૪ | ૨ | ૭ | ૩ | ૬ | ૮ | ૧ | ૫ |
| ૭ | ૩ | ૬ | ૫ | ૮ | ૧ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૧ | ૮ | ૩ | ૯ | ૪ | ૬ | ૫ | ૭ |
| ૫ | ૯ | ૪ | ૨ | ૬ | ૭ | ૩ | ૮ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૪.૩.૨૦૨૬ મંગળવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ છઠ, રોહિણી નક્ષત્ર, પ્રીતિ યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃષભ (બ,વ,ઉ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ)** : આર્થિક બાબતો માં સારું રહે, બેન્ક બેલેન્સ વધારી શકો, નાણાકીય લેવડ દેવડમાં લાભ થાય પરંતુ યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બનશે.

**વૃષભ (બ,વ,ઉ)** : સવારથી તમારા મનમાં અનેક નવા કાર્યની સૂચિ આવી શકે છે અને તમે તમારા પ્રયત્નથી તમામ કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ રહે.

**મિથુન (ક,છ,ઘ)** : ગોચર ગ્રહો મુજબ જોઈએ તો બારમે ચંદ્રમા મનને થોડું દ્વિધામાં રાખે છે વળી ખર્ચ પર અંકુશ રાખવો હિતાવહ છે, આવક જાવક નો હિસાબ રાખવો જરૂરી બને.

**કર્ક (ડ,હ)** : થોડા સમયથી તમને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હશો પરંતુ હવે ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ લાભદાયક રહે.

**સિંહ (મ,ટ)** : જે મિત્રો વ્યવસાય બાબતે પરેશાન થાય છે તેમને રસ્તો મળતો જોવા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો અવસર આવી શકે છે. દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : આજના દિવસે તમારે મન પાસેથી ઘણું કામ લેવાનું રહેશે, પોઝિટિવ વિચારો થી ખુબ લાભ મળે, આગળ વધવાની તક મળે.

**તુલા (ર,ત)** : પ્રણયમાર્ગે ચાલનારા માટે સારા સમાચાર આવી શકે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, દિવસ ખુશનુમા વીતે .

**વૃશ્ચિક (ન,ય )** : નવા અભ્યાસ કે જ્ઞાનને લગતી બાબતોમાં સારું રહે, ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો માટે સારી તક આવે,પ્રગતિ થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : અંગત વ્યક્તિ સાથે મતભેદ થઈ શકે છે વળી હિતશત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવા સલાહ છે.

**મકર (ખ,જ)** : વિદ્યાર્થીવર્ગને ઉચ્ચ અભ્યાસમાં સફળતા અપાવતો શુભ દિન. યાદશક્તિ અને એકાગ્રતા વધારવા માટે ધ્યાન કરવું જરૂરી બનશે.

**કુંભ (ગ,સ,શ)** : આજના દિવસે તમારા રસના વિષયો માં આગળ વધી શકો વળી નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદમાં પસાર થાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : આજના દિવસે તમે બનાવેલા સબંધો તમને કામ લાગશે, ભાઈ ભાંડુ સુખ સારું રહે, અંગત મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

# ચોટીલામાં ભક્તિના ઘોડાપૂર: ૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ડુંગરની પરિક્રમા કરી ધન્યતા અનુભવી



## ચૈત્રી નવરાત્રિ નિમિત્તે ૬ કિમીની પરિક્રમામાં રાજ્યભરમાંથી માઈભક્તો ઉમટ્યા: ૨૫૦થી વધુ સ્વયંસેવકો ખડેપગે સેવામાં હાજર રહ્યા





**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

સુરેન્દ્રનગર જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે ચૈત્રી નવરાત્રિના પાવન અવસરે ધર્મ જાગરણ સમન્વય અને ચોટીલા ડુંગર પરિક્રમા સમિતિ દ્વારા ભવ્ય પરિક્રમાનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત છઠ્ઠા વર્ષે યોજાયેલી આ પરિક્રમામાં અંદાજે ૧ લાખથી વધુ ભકતોએ ડુંગરની ૬ કિલોમીટર લાંબી પરિક્રમા અને માં ચામુંડાના દર્શન કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું.

પરિક્રમાનો પ્રારંભ વહેલી સવારે ચોટીલા નવગ્રહ મંદિર ખાતે સાધુ-સંતો અને મહંતોની ઉપસ્થિતિમાં મહાઆરતી અને ધ્વજા પૂજન સાથે કરવામાં આવ્યો હતો. મનસુખગીરી બાપુ, અમૃતગીરી બાપુ અને હકાભા ગઢવી સહિતના આગેવાનોની નિશ્રામાં પરિક્રમા યાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું.

આ યાત્રામાં અમદાવાદ, રાજકોટ, સુરત સહિત રાજ્યભરમાંથી અને અન્ય રાજ્યોમાંથી પણ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. નવગ્રહ મંદિરથી શરૂ થયેલી આ પરિક્રમા ખોડીયાર ગાળા અને કબીર આશ્રમ થઈને ડુંગરની તળેટીમાં પૂર્ણ થઈ હતી.

પરિક્રમાના સમગ્ર માર્ગ પર શ્રદ્ધાળુઓ માટે પાણી, છાશ અને શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી, જ્યારે ૨૫૦થી વધુ સ્વયંસેવકો ખડેપગે સેવામાં હાજર રહ્યા હતા. પરિક્રમા પૂર્ણ થયા બાદ ચામુંડા માતાજી ટ્રસ્ટ દ્વારા મહાપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરાઈ હતી. મહંત મનસુખગીરી બાપુએ જણાવ્યું હતું કે, ભક્તોનો ભારે ઉત્સાહ જોતા આગામી સમયમાં માત્ર એક દિવસ નહીં પરંતુ નવે-નવ દિવસ પરિક્રમા યોજાય તેવી શક્યતાઓ છે. સમગ્ર ચોટીલા પંથક 'ચામુંડા માત કી જય'ના નાદથી ગુંજી ઉઠ્યો હતો.

# અમરેલીમાં નવી જીઆઈડીસીથી ઉદ્યોગો અને વિકાસને મળશે વેગ: મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ







## અમરેલીમાં ૭૦૭ કરોડના વિકાસ કાર્યોનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે લોકાર્પણ-ખાતમુહુર્ત: પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા, ઉર્જામંત્રી કૌશિક વેકરીયા અને સાંસદ ભરત સુતરીયાની ઉપસ્થિતિમાં ૨૪ વિકાસ કાર્યોની ભેટ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અમરેલી જીલ્લાની મુલાકાતે પધાર્યા હતાં. અમરેલી શહેરના નવા માર્કેટિંગ યાર્ડ ખાતે મુખ્યમંત્રીના હસ્તે રૂ.૭૦૭ કરોડના ૨૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ અમરેલી જિલ્લાની પ્રગતિને નવી દિશા આપતા પ્રજાલક્ષી વિકાસ કાર્યોની ભેટ આપવામાં આવી હતી. સૌપ્રથમ આગેવાનોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા નું સન્માન કરાયું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી દ્વારા ખેડૂતોના ઉત્પાદનોના રક્ષણ માટે રૂ. ૧૨ કરોડના ખર્ચે બે લાખ ચોરસ ફૂટમાં નિર્મિત વિરાટ શેડની તકતી અનાવરણ કરી લોકાર્પણ કર્યું હતું. તેમજ સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં અમરેલી જીલ્લાના વિકાસ માટે જુદા જુદા પ્રોજેક્ટમાં રોકાણ અર્થે ૩૬,૦૦૦ કરોડના એમઓયુ પણ થયાં છે. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વિશાળ સભામાં સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, અમરેલી જિલ્લાના વિકાસ માટે રાજ્ય સરકાર ઉદાર હાથે જોઈએ તેટલા નાણા આપશે. આ માટે જિલ્લાની વિકાસ કામોનું સુવ્યવસ્થિત આયોજન સાથે ગુણવત્તાયુક્ત કામ થાય તેની તકેદારી લઈ વિકાસ યાત્રાને આગળ ધપાવવા માટે અપીલ કરી છે. અમરેલી જિલ્લામાં ઔદ્યોગિક વિકાસ માટે એક નવી તત્પરતા પણ જોવા મળી રહી છે. તાજેતરમાં યોજાયેલી સૌરાષ્ટ્ર રીજનલ વાઈબ્રન્ટ સમિટમાં માત્ર અમરેલી જિલ્લાના વિકાસ માટે જુદા જુદા પ્રોજેક્ટમાં રોકાણ અર્થે આશરે ૩૬,૦૦૦ કરોડના એમ.ઓ.યુ પણ થયા છે. ઉપરાંત એક નવી જી.આઈ.ડી.સી પણ મંજુર કરવામાં આવી છે. જનપ્રતિનિધિઓ સાથે ટીમ બનીને સુવ્યવસ્થિત વિકાસના કામોનું આયોજન કર્યું અને તેના પરિણામે જ એક સાથે આટલા વિકાસ કાર્યોનું લોકાર્પણ ખાતમુહૂર્ત કરાયું છે. અને છેવાડાના માનવીને મુખ્ય પ્રવાહમાં જોડવા માટે આયોજનબદ્ધ વિકાસ કાર્યો થાય તે જરૂરી છે સાથે જ શહેરોમાં જે સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે તેટલી જ ગ્રામ્ય વિસ્તારમાં આપવા માટે ભાર મુક્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભવિષ્યમાં પાણીનું સંકટ ન આવે તે માટે અત્યારથી જ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. કેચ ધ રેઈન અભિયાન અંતર્ગત વરસાદી પાણીને જમીનમાં ઉતારવા માટેના પણ કાર્યો થઈ રહ્યા છે. વરસાદી પાણીના સંગ્રહ માટે ધારાસભ્યોને દર વર્ષે રૂ.૫૦ લાખની અલગથી ગ્રાન્ટ પણ આપવામાં આવી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા વિકસિત ગુજરાતની નેમને ચરિતાર્થ કરવા સહિયારો પ્રયાસ કરવા પર મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો. આ તકે ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, તેમજ પાંચેય વિધાનસભાના ધારાસભ્યો, જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, કલેક્ટર વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા તેમજ અધિકારીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**આરએસએસના શતાબ્દી વર્ષ નિમિત્તે**

# ધારીમાં સનાતન ધર્મનો વિજયઘોષ: 'વિરાટ વિશ્વ હિન્દુ સંમેલન'માં ઉમટી જનમેદની

## સનાતન સંસ્કૃતિના જતન માટે સાધુ-સંતો અને રાજકીય અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ: વેપારીઓએ સ્વયંભૂ બજાર બંધ રાખી હિન્દુ એકતાના દર્શન કરાવ્યા

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**



અમરેલી જિલ્લાના ધારી પંથકમાં આજે ભકિત અને રાષ્ટ્રપ્રેમનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. સનાતન વિશ્વ હિન્દુ સંમેલન સમિતિ દ્વારા નર્મદેશ્વર મંદિરના પવિત્ર સાનિધ્યમાં એક વિશાળ 'વિશ્વ હિન્દુ સંમેલન'નું આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ () ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતા હોય, તેના વિજયાદશમી શતાબ્દી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ ઐતિહાસિક સભાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ પૂજ્ય સાધુ-સંતોના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ તકે ઉપસ્થિત સંતોએ પોતાના આશીર્વચનમાં સનાતન સંસ્કૃતિના ગૌરવશાળી ઈતિહાસ અને વર્તમાન સમયમાં હિન્દુ સંગઠનની અનિવાર્યતા પર વિશેષ ભાર મૂકયો હતો. સંમેલનના સમર્થનમાં ધારીના તમામ વેપારીઓએ સ્વેચ્છાએ પોતાના ધંધા-રોજગાર બંધ રાખીને આ કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેણે સમગ્ર પંથકમાં હિન્દુ એકતાનો મજબૂત સંદેશ વહેતો કર્યો હતો.

આ સંમેલનમાં માત્ર પુરુષો જ નહીં, પરંતુ માતૃશક્તિ એટલે કે મહિલાઓની પણ અભૂતપૂર્વ હાજરી જોવા મળી હતી. સભા દરમિયાન 'સ્વદેશી અપનાવો' અભિયાન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો અને વિદેશી વસ્તુઓનો ત્યાગ કરી રાષ્ટ્રહિતમાં સ્વદેશી ચીજવસ્તુઓનો ઉપયોગ કરવા સંકલ્પ લેવડાવ્યા હતા. સમગ્ર આયોજન દરમિયાન ધારી પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો, જેથી કાર્યક્રમ નિર્વિઘ્ને સંપન્ન થયો હતો.

સંમેલનમાં રઘુનાથદાસ બાપુ દિનબંધુ સ્વામી શ્યામસુંદર બાપુ લાભેશ્વરદાસ બાપુ લખનદાસ બાપુ વલ્લભદાસ બાપુ ઘનશ્યામ બાપુ વિશ્વરામ બાપુ તેમજ રાહુલભાઈ જોશી, સનાતન હિન્દુ સંમેલન સમિતિ ધામ ના સચિવ ભરતભાઈ શેઠ, રોહિતભાઈ શેઠ વિશાલભાઈ સાવલિયા, વિમલભાઈ ,રાજેશભાઈ, દિલીપભાઈ કાળુભાઈ મનસુખભાઈ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.



### મુખ્ય ઉદ્દેશ્ય સનાતન સંસ્કૃતિના જતનની સાથે લોકોમાં પર્યાવરણ જાગૃતિ લાવવાનો છે: સિદ્ધાર્થભાઈ શેઠ

અબતક સાથેની વિશેષ વાતચીતમાં સિદ્ધાર્થભાઈ શેઠે જણાવ્યું હતું કે, ''આ વિરાટ હિન્દુ સંમેલન માત્ર ધારી પૂરતું સીમિત ન રહેતા, આસપાસના આઠ ગામોના લોકો પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક અને મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. અમારો મુખ્ય ઉદ્દેશ્ય સનાતન સંસ્કૃતિના જતનની સાથે લોકોમાં પર્યાવરણ જાગૃતિ લાવવાનો છે, જેથી આવનારી પેઢીને ઉજ્જ્વળ ભવિષ્ય આપી શકાય.''

### પર્યાવરણ અને જીવસૃષ્ટિનું રક્ષણ એ જ સાચી માનવ સેવા: હિમાંશુ જસાણી (અર્હમ સેવા ગ્રુપ, ધારી)



અર્હમ સેવા ગ્રુપના હિમાંશુ જસાણીએ જણાવ્યું હતું કે, ''કરુણા અભિયાન હેઠળ અમે જીવદયાના કાર્યને વેગ આપ્યો છે. આ સંમેલન દરમિયાન અબોલ પક્ષીઓની સેવા માટે દરેક શ્રદ્ધાળુને પ્લાસ્ટિકના ચબૂતરા (ચકલીઘર) અને ચણ માટેના પાત્રોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. પર્યાવરણ અને જીવસૃષ્ટિનું રક્ષણ એ જ સાચી માનવ સેવા છે.''

# ગોંડલ: ચૈત્રી નવરાત્રિમાં બ્રહ્મસેવા ટ્રસ્ટ દ્વારા ગરીબ જરૂરિયાતમંદ પરિવારને અન્નપૂર્ણા ઝોળી કરાય અર્પણ



## બ્રહ્મસેવા ટ્રસ્ટની દરિદ્ર નારાયણ પરિવારની સેવા સમાજ માટે બની પ્રેરણાદાયી

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

ગોંડલમાં સમાજ સેવા માટે જાણીતા બ્રહ્મસેવા ટ્રસ્ટ દ્વારા ચૈત્રી નવરાત્રીના પ્રથમ નોરતે શહેરના દરિદ્ર નારાયણ બ્રહ્મ પરિવાર અને ગંગાસ્વરૂપ બહેનોને આખા મહિનાની રાશન કીટ અન્નપૂર્ણા જોલી ના રૂપમાં અર્પણ કરવામાં આવી હતી. બ્રહ્મ સેવા ટ્રસ્ટ દ્વારા લાંબા સમયથી ચાલતી આ સેવા ના ભાગરૂપે પ્રથમ નોરતે જ્યારે દાન્ય પુનનું ખૂબ જ મહત્વ છે ત્યારે ગરીબ જરૂરિયાત મંદ બ્રહ્મ પરિવારને ગંગાસ્વરૂપ બહેનોને રાશન કીટ અર્પણ કરવામાં આવી હતી. મોંઘવારીના સમયમાં આર્થિક નબળા પરિવાર માટે આ સેવા યજ્ઞઆશીર્વાદરૂપ બની રહ્યો છે.

આ અન્નદાન યજ્ઞ ના દાતા વિજયભાઈ વડોદરિયા, તન્ના સ્કૂલ વાળા મધુસુદનભાઈ તન્ના, યતિશભાઈ દેસાઈ, ડો જ્યોતિબેન શુકલ, પીન્ટુભાઈ ભોજાણી, બીનાબેન ઠક્કર, બર્જર કલર વાળા મુકેશભાઈ પરમાર, સમીરભાઈ વેદ, દિનેશભાઈ અઘેરા, વાળા ધીરજભાઈ, પ્રકાશભાઈ ચૌહાણ, વર્ષાબેન સોમૈયા, અજય સિંહ રાઠોડ, હર્ષાબેન ત્રિવેદી, સ્વ બિપિનચંદ્ર દવે પરિવાર સહિતના દાતા પરિવારના સહયોગ સાથે ના આ સેવા કાર્યને સફળ બનાવવા વિજયભાઈ ભટ્ટ, અજયભાઈ રાવલ, મહેશભાઈ પંડ્યા, રજનીભાઈ પંડ્યા, કિશોરભાઈ દવે, યશવંતભાઈ રાવલ, ઘનશ્યામભાઈ પંડ્યા, અભયભાઈ યાજ્ઞિક, મનોજભાઈ જોશી, અતુલભાઈ શુકલ, હિમાંશુ ભાઈ ભટ્ટ સહિતના સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યું હતું.


## શ્રદ્ધાંજલી



સ્વ. ડો. સંજય બી. વખારિયા
સ્વ. તા. ૦૬/૦૩/૨૦૨૬ શુક્રવાર

હે ઈશ્વર તમારા ખજાનાને એવી તે શી ખોટ પડી કે અમારા પ્રિય સભ્યને તમે અમારાથી દૂર કરી દીધા! ભગવાન તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના. તેઓને અમારી સહૃદય શ્રદ્ધાંજલિ.

જામનગર રોડ
ડોકટર્સ એસોસિએશન,
રાજકોટ પરિવાર



**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ પ્રકારના કરારો માટે ઈ-હરાજી**

**ટેન્ડર સૂચના નં. RJT-ADVT-CATG-PARK-PAY&USE-26-01**

રાજકોટ ડિવિઝન માટે ઈ-ઓક્શન માટે નીચેના કેટલોગ માટે બિડ મંગાવવામાં આવી છે, જે IREPS વેબસાઈટ પર પહેલાથી જ પ્રકાશિત કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | શ્રેણી | કાર્યકાળ | ઈ-ઓક્શન તારીખ અને સમય |
|---|---|---|---|---|
| RJT-ADVT -26-01 | 1) (વિવિધ-સ્ટેટિક સેવાઓ -) એપ્લિકેશન આધારિત કેબ / બાઈક સેવાઓ 2) (પે અને યુઝ- લાઉન્જ /વેઈટિંગ/રિટાયરિંગ/ક્લોક રૂમ) 3) જાહેરાત - સ્ટેશન પરિસરમાં (નોન-ડિજિટલ) 4) જાહેરાત - ટ્રેનની બહાર 5) જાહેરાત - આઉટ ઓફ હોમ 6) BKNG-MX-21-25-1 | ૧) વિવિધ-સ્ટેટિક-સેવાઓ ૨) જાહેરાત 3) પાર્કિંગ-મિશ્ર ૪) પે એન્ડ યુઝ | 03/05/10 વર્ષ | 10-04-2026 10:00 વાગ્યે |
| RJT-E- CATG-26-01 | Catg-RJT-DWK-SMU-12-25-2 | કેટરિંગ | 05 વર્ષ | 09-04-2026 15:30 વાગ્યે |
| RJT-E- PARK-26-01 | PARKING-RJT-MVI-MX-8-25-1 | પાર્કિંગ | 03 વર્ષ | |
| RJT-E-PnU-26-01 | 1) PnU-RJT-DWK-Toi-18-26-1 2) PnU-RJT-JAM-Toi-8-25-1 | પે એન્ડ યુઝ | | |

ઉપરોક્ત કેટલોગ નં. હેઠળના લોટની વિગતો આગામી ઈ-ઓક્શન, ઝોન: પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ મંડળ - કોમર્શિયલના શીર્ષક હેઠળ **www.ireps.gov.in** (ઈ-ઓક્શન લીઝિંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT 214

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## તંત્રી લેખ


# છેવાડાના માનવીને પણ પીવાનું શુદ્ધ પાણી મળશે

રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી નલથી જલ પહોંચાડવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં સુરક્ષિત અને પૂરતું પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સુવિધા વધુ સુલભ બનાવવા મહત્વપૂર્ણ એમઓયુ કરવામાં આવ્યા છે.સરકાર દ્વારા કરાયેલા આ એમઓયુ રાજ્યના પેયજળ વ્યવસ્થાપન તેમજ ગ્રામ્ય જનજીવનના ગુણાત્મક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.જલ જીવન મિશન અંતર્ગત થયેલા આ એમ.ઓ.યુ. રાજ્યના ગ્રામ્ય વિકાસમાં એક માઈલસ્ટોન સાબિત થશે. દરેક ઘરમાં સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી પહોંચાડવાનો સંકલ્પ હવે વધુ દ્રઢતા સાથે આગળ વધશે.દરેક ગ્રામ્ય ઘરમાં નળ દ્વારા પીવાનું પાણી પહોંચાડવાનો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો.

પાણી પુરવઠા વ્યવસ્થાનું વધુ મજબૂતીકરણ, નિયમિતતા અને સસ્ટેનેબિલિટી સુનિશ્ચિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો છે. આ એમઓયુ દ્વારા યોજનાઓના અસરકારક અમલીકરણ, મોનીટરીંગ અને પારદર્શિતામાં વધારો થશે.રાજ્યના તમામ ગ્રામ્ય વિસ્તારોમાં સતત અને વધારે ગુણવત્તાયુક્ત પાણી પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવશે.ડિજિટલ મોનીટરીંગ માટે સુજલમ ભારત અને પીએમ ગતિશક્તિ જેવા પ્લેટફોર્મનો ઉપયોગ કરી પારદર્શિતા વધારવામાં આવશે. પાણીની ગુણવત્તા ચકાસણી, નાણાંકીય શિસ્ત, નલ જલ મિત્ર જેવી પહેલો થકી માનવ સંસાધન વિકાસ અને પાણી સંરક્ષણ માટે જલ ઉત્સવ જેવા જનજાગૃતિ અભિયાનો પણ આ મિશનનો અભિન્ન ભાગ રહેશે.

## ધ્રાંગધ્રાઃ માંહેનુર અને ઈહાન રમજાનના આખા માસના રોજા રાખી કરી ઈબાદત





અબતક સલીમ ઘાંચી ધ્રાંગધ્રાઃ

પવિત્ર રમઝાન માસમાં ઈબાદત અને આત્મશુદ્ધિનો મહિમા હોય છે, ત્યારે ધ્રાંગધ્રામાં વસતા બે નાના બાળકોએ અનોખી ભક્તિ દર્શાવી છે. માત્ર ૮ વર્ષના માંહેનુર ઈશાકભાઈ અને ૧૦ વર્ષના ઈહાન ઈરફાનખાન પઠાણે કઠિન ગરમી વચ્ચે પણ રમઝાનના આખા મહિનાના રોજા પૂર્ણ કર્યા છે.

નાની ઉંમરે આટલી મક્કમ સંકલ્પ શક્તિ બતાવનાર આ બાળકોની સિદ્ધિને જોઈ પરિવારમાં ભારે હર્ષની લાગણી છવાઈ છે. ઈદના પાવન અવસરે પરિવારજનોએ ફૂલહાર પહેરાવી બંને બાળકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આ ભૂલકાઓની ભક્તિ સોશિયલ મીડિયા અને સ્થાનિક પંથકમાં પ્રશંસાપાત્ર બની છે.

## જૂનાગઢના ગિરનારી ગ્રુપની સેવા, ૧૧૦૦ નાળિયેરમાં કિડીયારૂ પુરાયું

### પશુ-પંખી પ્રકૃતિ માટે યુવાનોની અનોખી સેવા



અબતક, દર્શન જોશી, જુનાગઢ

જૂનાગઢની સેવાભાવી સંસ્થા ગિરનારી ગ્રુપ દ્વારા પવિત્ર ચૈત્ર માસ અને ચૈત્રી નવરાત્રીના પાવન અવસરે પ્રકૃતિ અને જીવમાત્ર પ્રત્યે કરુણાભાવ વ્યક્ત કરવા ૧૧૦૦

નાળિયેર દ્વારા કીડીયારું પૂરવાની અલૌકિક સેવા કરવામાં આવી હતી. ત્યારે આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ એ જણાવ્યું હતું કે, ગિરનારી ગ્રુપની સેવા નિસ્વાર્થ અને પ્રેરણાદાયક છે. સમાજ માટે તેમનું યોગદાન અમૂલ્ય છે.

આ પ્રસંગે ભવનાથ ખાતે આવેલ ''શિવ નિકેતન'' આશ્રમના દલપતગીરી બાપુએ ખાસ ઉપસ્થિત રહીને જણાવ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિ સર્વજીવ પ્રત્યેની સમભાવના અને દયાભાવનું જીવંત પ્રતિબિંબ છે.

ગિરનારી ગ્રુપના સેવાભાવી સભ્યો, દાતાર એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સહિત અનેક કાર્યકર્તાઓએ તન, મન અને ધનથી સહભાગી બની આ કાર્યને સફળ બનાવ્યું હતું. તેમ ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાએ જણાવ્યું હતુ.

# ધોરાજીઃ મોટીમારડના નવા બનેલા કોઝવેમાં નબળુ મટીરીયલ વપરાયાનો આક્ષેપ

## નવા બનેલા ઝોન-વેમાં પોપડા ખર્યા ખેડુતોએ બોલાવી રામધુન



અબતક, રમણીક ટોપીયા, ધોરાજી

ધોરાજીના મોટીમારડ નજીક રૂ.૧૦ લાખના ખર્ચે બનેલા કોઝવેના પોપડા ખરવા લાગતા નબળા કામ અને હલકા મટીરીયલનો ઉપયોગ થયાના આક્ષેપ સાથે ખેડુતોએ રામધુન બોલાવી વિરોધ વ્યકત કરતા ખળભળાટ મચી જવા પામી છે.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે લાખો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ સ્થાનિક લેવલે ભ્રષ્ટ બાબુઓ અને કોન્ટ્રાકટરોની મિલીભગતથી આ ગ્રાન્ટના નાણાં કઈ રીતે સીધા ભ્રષ્ટાચારની ગટરમાં વહી જાય છે, તેનો જીવતો જાગતો નમૂનો ધોરાજી તાલુકાના મોટી મારડ ગામમાં જોવા મળ્યો છે. ધોરાજીના મોટી મારડથી મારડીયા જવાના માર્ગે તાજેતરમાં જ બનેલા નવા કોઝવેના કામમાં મોટા પાયે 'પોલંપોલ' ચાલી હોવાના આક્ષેપ સાથે ખેડૂતો રસ્તા પર ઉતરી આવ્યા છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે રસ્તા પર મુકાયેલી કપચી અને સિમેન્ટ હાથ અડાડતા જ ઉખડી રહ્યા છે! જિલ્લા પંચાયતની ૧૦ લાખ રૂપિયાની ગ્રાન્ટમાંથી આ કોઝવે (ચેકડેમ કમ રસ્તો) બનાવવામાં આવ્યો છે. મોટી મારડ ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૧ ના સદસ્ય પ્રવીણભાઈ સોલંકી અને ખેડૂત આગેવાન પરેશભાઈ વાછાણીના જણાવ્યા મુજબ, આ રસ્તા પરથી રોજના ૧૫૦૦ થી ૨૦૦૦ જેટલા ખેડૂતોની અવરજવર રહે છે અને આ માર્ગ ૩ થી ૪ ગામોને જોડે છે. જોકે, કોન્ટ્રાક્ટરે અહીં સાવ હલકી કક્ષાનું મટીરીયલ વાપરીને માત્ર પોતાના ખિસ્સા જ ભર્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. રસ્તા પર મોટી તિરાડો પડી ગઈ છે અને સહેજ હાથ અડાડતા જ મટીરીયલ બહાર આવી જાય છે. રોષે ભરાયેલા ખેડૂતોએ કોઝવે પર જ 'રામધૂન' બોલાવીને તંત્રની આંખ ઉઘાડવાનો પ્રયાસ કર્યો હતો અને જવાબદારો સામે કડક તપાસની માંગ ઉઠાવી છે.મોટી મારડના મહિલા સરપંચ શર્મિલાબેન ચાવડાએ બધો જ દોષ સોલાર કંપનીના વાહનો પર ઢોળી દીધો છે. સરપંચનું કહેવું છે કે, બાજુમાં ચાલતા સોલાર પ્રોજેક્ટના ભારે વાહનો અને થાંભલા ભરેલી ગાડીઓ આ કોઝવે પરથી પસાર થવાને કારણે નુકસાન થયું છે.

અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે, જો ૧૦ લાખ રૂપિયા પૂરેપૂરા અને ઈમાનદારીથી રસ્તાના કામમાં વપરાયા હોય, તો પછી માત્ર થોડા ભારે વાહનો પસાર થવાથી આખો કોઝવે કેવી રીતે જર્જરિત થઈ શકે?

## ધ્રાંગધ્રાઃ પૂર્વ કેબિનેટ મંત્રી આઈ.કે. જાડેજાની શુભેચ્છા મુલાકાતે ભાજપ જિલ્લા પ્રમુખ અને આગેવાનો



અબતક સલીમ ઘાંચી ધ્રાંગધ્રાઃ

ધ્રાંગધ્રામાં ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી અને વરિષ્ઠ ભાજપ નેતા આઈ.કે. જાડેજાના નિવાસસ્થાને ભાજપ જિલ્લા પ્રમુખ હાર્દિકભાઈ ટમાલીયા સહિતના આગેવાનોએ સૌજન્ય મુલાકાત લીધી હતી. આ બેઠકમાં જિલ્લા મહામંત્રી નરેશભાઈ પટેલ, સંગઠન ઉપપ્રમુખ જિજ્ઞાશાબેન નાયક અને પૂર્વ પાલિકા પ્રમુખ કુલદીપસિંહ સહિતની ટીમ ઉપસ્થિત રહી હતી.

આ મુલાકાત દરમિયાન આગેવાનોએ આઈ.કે. જાડેજા પાસેથી સંગઠનની મજબૂતી અને જનસંપર્ક વધારવા અંગે વિશેષ માર્ગદર્શન મેળવ્યું હતું. આઈ.કે. જાડેજાએ કાર્યકર્તાઓને એકતા અને સેવાભાવ સાથે જનકલ્યાણના કાર્યોને ગતિ આપવા પ્રેરણા આપી હતી. અત્યંત આત્મીય વાતાવરણમાં યોજાયેલી આ મુલાકાતમાં સંગઠનને વધુ સશક્ત બનાવવા અંગે હકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

## ધારીના છતડીયા ગામે જંગલના રાજા સિંહને રોડ ક્રોસ કરાવવા ટ્રાફિક થંભાવી દેવાયું

### રસ્તા કાંઠે સિંહનું લોકેશન મળતા પર્યાવરણ પ્રેમી તોશિફ લલીયાની ટીમે સિહોને સલામત રીતે વન રસ્તે વળાવ્યા



અબ તક મેહુલ ત્રિવેદી ધારી

ધારીના છતડીયા ગામે મધરાતે સિંહ રસ્તા કાંઠે આવી જતા પર્યાવરણ પ્રેમી યુવાનોએ તાત્કાલિક બંને બાજુથી ટ્રાફિક અટકાવી સિંહોને વન કેડે વળાવી સિંહ જતન ની ફરજ અદા કરી હતી.છતડીયા ગામના રસ્તા નજીક સિંહ મોડી રાત્રે આવી પહોંચયાની જાણ પર્યાવરણ પ્રેમી તોસીફભાઈ લલીયા ને થતા ટીમ સાથે પહોંચી ગયા હતા ને બન્ને બાજુ ટ્રાફિક અટકાવી સિંહ ને સુરક્ષિત રીતે રોડ ક્રોસ કરી વન કેડે વળાવી દીધો હતો. રોડ ઉપર સંભવિત અકસ્માત નિવારવા માટે યુવાનોએ સતર્કતા દાખવી હતી

## ચોટીલા ડુંગર પરિક્રમા પથ પર વરૂણ સ્મૃતિનું લોકાર્પણ



અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા

ચામુંડા માતાજીની પાવનભૂમિ ચોટીલા (જિ. સુરેન્દ્રનગર) સ્થિત ચોટીલા ડુંગર પારંપરિક પરિક્રમા પથ પર વરૂણ સ્મૃતિનું લોકાર્પણ કરવામાં આવ્યું. માત્ર ૨૫ વર્ષની યુવા વયે અણધારી વિદાય લેનાર પોતાના વ્હાલા પુત્ર સ્વ. વરૂણભાઈ ઠક્કર (કક્કડ)ની પુણ્યસ્મૃતિમાં દિલ્હી નિવાસી (મૂળ વતન મોરબી જિલ્લાનું ટંકારા) સેવાભાવી, પર્યાવરણ-પ્રેમી બ્રીજભાઈ મનુભાઈ ઠક્કર દ્વારા વિવિધ પ્રકારના ૨૧૦૦ જેટલાં વૃક્ષોનું વરૂણ વન તથા વરૂણ વન પ્રવેશ દ્વારનું નિર્માણ કરવામાં આવ્યું છે. વરૂણ સ્મૃતિના નિર્માણ પછી આ વર્ષે હજારોની સંખ્યામાં શ્રધ્ધાળુઓએ ચૈત્રી નવરાત્રીના પ્રથમ રવિવારે પરિક્રમામાં હોંશભેર ભાગ લીધો હતો.

ચોટીલાના સંનિષ્ઠ, ન્યાયપ્રિય અને નીડર નાયબ કલેકટર એચ. ટી. મકવાણા (જી.એ.એસ.), રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી, ખ્યાતનામ અભિનેતા અને શિલ્પકાર મયુરભાઈ વાકાણી (તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ટેલિવિઝન સિરિયલના સુંદરલાલ), શિલ્પકાર હેમાલીબેન વાકાણી, સ્વ. વરૂણભાઈ ઠક્કર પરિવારના બ્રીજભાઈ (પિતા), મીનાબેન (માતા), વિકીભાઈ (ભાઈ), વિનીબેન (ભાભી), કવીર અને મિહિર (ભત્રીજાઓ), ભારતીબેન હાલાણી (મામી), મિત્તલબેન ગોંડલીયા અને માનસીબેન કોટક (મામાની દિકરીઓ), વિપુલભાઈ જોબનપુત્રા (વેવાઈ), રાજવી પરિવારના છત્રજીતસિંહ ખાચર, શિક્ષણ જગતમાંથી ચોટીલા એજ્યુકેશન એન્ડ ચેરિટી ટ્રસ્ટના કિરીટસિંહ રહેવર (મામા), મહિપતસિંહ વાઘેલા, ઉગ્રસેનસિંહ ગોહિલ અને પ્રકાશભાઈ પરમાર, રાજેશભાઈ અને ગીતાબેન ઠક્કર, પરેશભાઈ અને પૂનમબેન કારીયા, હેમેન્દ્રભાઈ અને હેતલબેન કોટક, પરેશભાઈ અને રશ્મીબેન સાતા, મિતેશભાઈ અને મીતાબેન સાતા, સુરેશભાઈ ધરજીયા, ચિરાગભાઈ કોટક, અતુલભાઈ કોટકની આ અવસરે વિશેષ ઉપસ્થિતિ હતી. શાળાના વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં હાજરી હતી. ચોટીલા નાયબ કલેકટર એચ. ટી. મકવાણા (જી.એ.એસ.)એ મયુરભાઈ વાકાણી અને બ્રીજભાઈ ઠક્કરનું અભિવાદન કર્યું હતું.

## જૂનાગઢમાં મિલેટસની પોષણક્ષમ સ્વાસ્થ્યવર્ધક વાનગીઓએ લોકોને ઘેલુ લગાડયું

### સખી મંડળની બહેનોએ બનાવેલી કલાત્મક વસ્તુએ લોકોના મન મોહી લીધા



અબતક, દર્શન જોશી, જુનાગઢ

જૂનાગઢમાં મિલેટ એક્ષ્પોમાં મિલેટ્સની ચટાકેદાર વાનગીઓ ટેસ્ટ કરવા બે દિવસ સુધી મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. અહીં ખાસ મિનિટ્સની અવનવી વાનગીઓ લોકોને ખૂબ પસંદ આવી હતી, આ મિલેટ એક્ષ્પોમાં મોટી સંખ્યામાં ઉમટેલા લોકોએ બાજરો, જુવાર, રાગી વગેરે જેવા આપણા પરંપરાગત જાડા ધાન્યમાંથી બનતી આરોગ્યપ્રદ અને સ્વાદિષ્ટ વાનગીઓની લહેજત માણી હતી.

પરંપરાગત જાડા ધાન્ય અને તેમાંથી બનતી આધુનિક વાનગીઓનો પરિચય મેળવ્યો હતો.

સરદાર બાગ સ્થિત હવેલી વાડી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ મેળામાં બાજરી, જુવાર, રાગી અને કાંગ જેવા પોષક તત્વોના 'રેડી ટુ ઈટ' મિલેટ પ્રોડક્ટ્સ અને લાઈવ ફૂડ સ્ટોલ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. આઈ.સી.ડી.એસ., આયુર્વેદ વિભાગ અને કૃષિ યુનિવર્સિટીના સ્ટોલ્સ દ્વારા મિલેટ્સના સ્વાસ્થ્યવર્ધક ફાયદાઓ વિશે માર્ગદર્શન અપાયા હતા. સાથે જ, સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી હાથ બનાવટની કલાત્મક ચીજવસ્તુઓ અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના શુદ્ધ ઉત્પાદનોનું પણ વેચાણ સહ પ્રદર્શન રાખવામાં આવ્યું હતું.

## કેશોદના કોંગ્રેસના આગેવાનોએ સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંગે કાર્યકરોને આપ્યું માર્ગદર્શન

### વ્યુહરચના બેઠકમાં સંગઠનને મજબુત બનાવવા કરાય હાંકલ

અબતક, જય વિરાણી, કેશોદ

કેશોદ તાલુકા અને શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં પાર્ટીના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ચૂંટણીને લઈને વ્યૂહાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

મિટિંગમાં જીપીસીસી નિરીક્ષક ડો. શહેનાજ બાબી, શાંતિલાલ રાણવા, ઉપપ્રમુખ હીરા જોટવા માજી ધારાસભ્ય હમીર ધુળાની ઉપસ્થિતિ કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે આગામી ચૂંટણીમાં સંગઠનને વધુ મજબૂત બનાવી જીત હાંસલ કરવા માટે એકજુટતા જરૂરી છે.ચર્ચા દરમિયાન ઉમેદવારોની પસંદગી, પ્રચારની રણનીતિ, મતદારો સુધી પહોંચવાની રીતો અને સ્થાનિક પ્રશ્નોને પ્રાથમિકતા આપવા જેવા મુદ્દાઓ સામેલ હતા. નેતાઓએ કાર્યકરોને ઘરઘર સુધી કોંગ્રેસની નીતિઓ અને કાર્ય યોજનાઓ પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

આ મિટિંગમાં અગાઉ કોંગ્રેસ છોડી આમ આદમી પાર્ટીમાં જોડાયેલા હોદ્દેદારો ફરીથી કોંગ્રેસમાં પરત ફર્યા હતા. તેમની વાપસીથી કાર્યકરોમાં નવી ઉર્જા અને ઉત્સાહ જોવા મળ્યો હતો.

## ઈડર પાલિકા વિસ્તારમાં રૂ.૬.૬૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ

### ભિલોડા ત્રણ રસ્તા પર ૧૨ ફૂટની મહારાણા પ્રતાપની પ્રતિમા મુકાઈ





અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા

સાબરકાંઠા જીલ્લાના ઈડરમાં નગરપાલિકાના રૂ.૬.૬૩ કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું આ સાથે પાલિકાના પૂર્વ પ્રમુખ જયસિંહ તંવરે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૩ સુધીના બોર્ડમાં કરેલા વિશેષ કામોની એક પુસ્તિકા બહાર પાડી હતી.

આ પ્રસંગે નગરપાલિકાના મુખ્ય અધિકારી જૈમિન ચૌધરી દ્વારા શાબ્દિક ઉદબોધન કરવામાં આવ્યું હતુ

ઈડર શહેરમાંથી પસાર થતા સ્ટેટ હાઈવે પર આવેલ ભિલોડા ત્રણ રસ્તા પર આશરે રૂપિયા ૨૦ લાખના ખર્ચે ૧૨ ફૂટની ભારત માતાના વીર સપૂત મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવામાં આવી હતી અને આ સર્કલનો વિકાસ કરીને તે સર્કલને મહારાણા પ્રતાપ સર્કલ નામ આપવામાં આપ્યું હતું જેથી એતિહાસિક ઈડર નગરીને નવું નજરાણું આપ્યું નવીન ઓફિસ બિલ્ડીંગ,સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શેહરી વિકાસ યોજના,શહેરના મુખ્ય રસ્તાઓનું રી-સરફેસીંગ અને નવીનીકરણ

ઈડર શહેરના મુખ્ય માર્ગ પર પ્રવેશદ્વાર,ટાવર રીનોવેશન મીની ટાઉનહોલ,આધુનિક લાઈબ્રેરી,સી. એન.જી સ્મશાન સગડી,ઘન કચરા નિકાલ,દુળેટા દરવાજા ડાબી બાજુએ નવીન રોડ,એબાયલેન્સ જીમ સેન્ટલર,ગટર અને પાણી પુરવઠા યોજના વગેરે કામોનું પુસ્તક વિમોચન કરાયું હતું.

આ પ્રસંગે ઈડર ધારાસભ્ય રમણ વોરા,ગુજરાત ફાયનાન્સ બોર્ડના અધ્યક્ષ જે.ડી.પટેલ,જીલ્લા ભાજપ પ્રમુખ કનુ પટેલ,તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ કાંતિ પટેલ,ઈડર ભાજપ પ્રમુખ કુણાલ કંસારા,કૌશલ્યા કુંવરબા,ઈડર પાલિકાના પૂર્વ સદસ્યો સહિત હોદ્દેદારો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સમુહલગ્નના આયોજનથી સમાજમાં સંગઠન અને એકતાની ભાવના મજબૂત બને છેઃ જશાભાઈ બારડ

### સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય કારડીયા રાજપુત સમાજનો ૨૬મો સમુહલગ્નોત્સવ સંપન્ન, ૩૦ નવ દંપતીઓએ પ્રભુતામાં પગલા પાડયા



અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા

સુરેન્દ્રનગર ખાતે ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજનો ૨૬મો સમૂહ લગ્નોત્સવ ભવ્યતાથી સંપન્ન થયો હતો. જેમાં ૩૦ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ તકે શિક્ષણ પાછળ ખર્ચ કરવા અને સામાજિક દેખાડા બંધ કરવા પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે પ્રેરણાદાયી આહવાન કર્યુ હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી અખિલ ગુજરાત કારડીયા રાજપૂત સમાજના પ્રમુખ અને ગુજરાત રાજ્યના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે જણાવ્યું હતું કે, ''આવા સમૂહ લગ્નોના આયોજનથી સમાજમાં સંગઠન અને એકતાની ભાવના દ્રઢ બને છે. ખોટા ખર્ચ અને દેખાડાઓનો ત્યાગ કરી, બચેલા નાણાં દીકરા-દીકરીઓના ઉચ્ચ શિક્ષણ પાછળ ખર્ચવા જોઈએ.'' તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શિક્ષણ જ સમાજના ઉત્થાનનો સાચો માર્ગ છે, તેથી વધુમાં વધુ પરિવારોએ સમૂહ લગ્ન જેવા ભગીરથ કાર્યમાં જોડાવું જોઈએ.

આ પ્રસંગે આશીર્વાદ આપવા માટે પૂજ્ય દાનભા બાપુ (ભોળાદ) વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્ય બૃહદ રાજપૂત સમાજના પ્રમુખ કાનભા ગોહિલ, ધારાસભ્ય કિરીટસિંહ ડાભી, બાબુસિંહ જાદવ, પ્રસિદ્ધ લોકસાહિત્યકાર અભેસિંહ રાઠોડ, રૈયાભાઈ રાઠોડ, દીપસિંહભાઈ ડોડીયા તેમજ નરેન્દ્રસિંહ અસ્વાર સહિત સમાજના શ્રેષ્ઠીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ધ્રાંગધ્રા પાસે કાર બાઈક અથડાતા દુધરેજના બે યુવકના મોત

## કારના ચાલકે બે બાઈકને અડફેટે લેતા સર્જાયો અકસ્માત, બે ઘવાયા

**અબતક**
**સલીમ ઘાંચી, ધાંગધ્રા**

સુરેન્દ્રનગર જીલ્લામાં અકસ્માતના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે સુરેન્દ્રનગર-ધ્રાંગધ્રા રોડ પર વધુ એક અકસ્માત સર્જાયો હતો જેમાં બે યુવકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા જ્યારે અન્ય બે યુવકોને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે મળતી માહિતી મુજબ તા.૨૨ માર્ચના રોજ વહેલી સવારે ધ્રાંગધ્રા તરફથી સુરેન્દ્રનગર પૂરઝડપે આવી રહેલા કારના ચાલકે કટુડા ગામના પાટિયા પાસે બે બાઈકને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે નાથુભાઈ ડાયાભાઈ ક્લોત્રા, ઉ.વર્ષ ૨૬ અને મહેશભાઈ જેઠાભાઈ કડ, ઉ.વર્ષ ૨૫, (બન્ને રહે.દુધરેજ )વાળાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે મહેશભાઈ કડ અને અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતને પગલે લોકો અને વાહન ચાલકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. તેમજ આ બનાવની જાણ થતાં મૃતક યુવકોના પરિવારજનો સહિત સમાજના આગેવાનો તેમજ



પોલીસ કાફલો સ્થળ પર આવી પહોંચ્યો હતો અને બન્ને યુવકોના મુતદેહનો કબજો લઈ પીએમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એક જ સમાજના બે આશાસ્પદ યુવકોના અકસ્માતમાં મોત નીપજતા સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે આ અંગે હાલ તો પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનાના ઓલવાણ ગામે મંડપના મામલે પિતા-પુત્ર પર હુમલો

## માતાજીની તિથિ ઉજવવા બાબતે બેઠકમાં મંડપ સર્વિસ બાબતે થયેલી બોલાચાલીમાં ચાર શખ્સોએ મારમાર્યો

**અબતક, ઉના**

ઊના તાલુકાના ઓલવાણ ગામે મંડપ સર્વિસ ના બાબતે બે પરિવાર વચ્ચે બોલાચાલી થતા સામાવાળા ચાર લોકો એ લાકડુ વતી માર મારી ઢીકાપાટું નો માર મારી ત્રણને ઈજા પહોંચાડીની પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ઊના તાલુકાના ઓલવાણ ગામે રહેતા રાજુભાઈ મસરી ભાઈ દમણિયાએ ફરિયાદ નોંધાવી હતી કે ઓલવાણ ગામે ખોડિયાર માતાજી મંદિર પાસે માતાજી ની તિથિ ઉજવવા બાબતે મિટિંગ રાખેલ તેમાં રાજુભાઈ અને તેજ ગામના અરજણ ભીખાભાઈ દમણિયા વચ્ચે મડપ સર્વિસ બાબતે બોલા ચાલી થયેલ અરજણભાઈએ ગાળો આપી લાકડુ હાથમાં લઈ મારવા લાગેલ અને વચ્ચે તેમના પિતા મસરી ભાઈએ આરોપીને પકડી લેતા બીજા આરોપીઓ બિજલ બાબુભાઈ, ધીરુભાઈ બાબુભાઈ, વિશાલ બાબુ ભાઈ આવી તે પણ ઢીકાપાટું નો માર માર્યો હતો. આરોપીએ મસરી ભાઈના ડાબા ગાલ ઉપર કરડી બટકું ભરી ઈજા કરી હતી અને તેમને બચાવવા વચ્ચે પડેલ સાગર મસરી ને પણ માર મારી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા ની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચાર આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ધ્રોલના સોયલ ગામે પિતાએ પ્રેમી સાથે જોઈ જતાં યુવતીનો આપઘાત

## આબરૂ જવાના ડરથી પુત્રીએ ફાંસો ખાઈ ભર્યું અંતિમ પગલુ

**અબતક,સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના સોયલ ગામે એક હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે. ઘરે પ્રેમી સાથે હાજર યુવતીને તેના પિતાએ અચાનક જોઈ લેતા, લોકલાજ અને ડરના કારણે ૨૦ વર્ષીય યુવતીએ પંખા સાથે ચૂંદડી બાંધી આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પોલીસ માંથી મળતી વિગતો અનુસાર, સોયલ ગામે રહેતા અને વ્યવસાયે ડ્રાઈવિંગ કરતા સિંધાભાઈ હરજીભાઈ ઝાપડાની ૨૦ વર્ષીય પુત્રી હેતલબેન ગત રવિવારે (તા. ૨૨/૦૩/૨૦૨૬) ના રોજ સાંજના સમયે ઘરે એકલી હતી. આ સમયે તેણે પોતાના પ્રેમીને ઘરે બોલાવ્યો હતો અને બંને ઘરે હાજર હતા. આ દરમિયાન પિતા સિંધાભાઈ અચાનક ઘરે આવી પહોંચ્યા હતા. અજાણ્યા યુવકને પોતાની પુત્રી સાથે ઘરે જોઈ જતા પિતા ચોંકી ઉઠ્યા હતા અને પિતાને જોઈ પ્રેમી ત્યાંથી ભાગવા લાગ્યો હતો, જેની પાછળ સિંધાભાઈ દોડ્યા હતા.

પોતાના પ્રેમ સંબંધ વિશે પિતાને જાણ થઈ ગઈ છે અને હવે પરિવારમાં શું મોઢું બતાવવું તેવા ડર અને ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગયેલી હેતલબેને મનમાં લાગી આવતા અંતિમ પગલું ભરવાનું નક્કી કર્યું હતું. પિતા જ્યારે પ્રેમી પાછળ ગયા હતા તે દરમિયાન હેતલબેને રૂમમાં પંખા સાથે પોતાની જ ચૂંદડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેમાં તેમનું કરૂણ મોત નીપજ્યું હતું.

આ ઘટના અંગે ધ્રોલ પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. મૃતકના પિતા સિંધાભાઈ ઝાપડાની પૂછપરછ અને નિવેદનના આધારે ધ્રોલ પોલીસે આ કેસની વધુ તપાસ પી.એસ.આઈ. એમ.એમ. કુંભારવાડીયા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢના પાતાપુરની સીમમાંથી રૂ.૪ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## એલ.સી.બી.એ બે શખ્સોને દબોચી લેવાયા: ત્રણ આરોપીની શોધખોળ

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ પાતાપુર ગામની સીમ વિસ્તારમાં સફળ દરોડો પાડી, રૂ. ૪.૦૭ લાખની કિંમતની ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૩૯૦ બોટલ પકડી પાડી, બે શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં આ ગુન્હામાં અન્ય ૩ આરોપીઓના નામ ખુલતા તેને પકડી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

જૂનાગઢ શહેર સહિત જિલ્લામાં દારૂ અને જુગારની બદીને ડામી દેવા પોલીસ તંત્ર દ્વારા કડક કામગીરી હાથ ધરાઈ છે, દરમિયાન જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. કૃણાલ પટેલ અને તેમની ટીમના



માણસો પેટ્રોલિંગમાં હતાં. ત્યારે પી.એસ.આઈ. પી.કે. ગઢવી સહિતના સ્ટાફને એક બાતમી હકીકત મળી હતી. જે હકીકતના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે જૂનાગઢના પાતાપુર ગામની સીમ વિસ્તારમાં તાત્કાલિક પહોંચી જઈ, હરેશ લખમણભાઈ ભાદરકાની વાડીમાં આવેલા રહેણાંક મકાન પર દરોડો પાડી, તપાસ કરતા સ્થળ પરથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અંદાજિત રૂ. ૪,૦૫,૯૭૭ ની કિંમતની કુલ ૧૩૯૭ બોટલો મળી આવતા પોલીસે સ્થળ પરથી મળી આવેલ આરોપીઓ હરેશભાઈ લખમણભાઈ ભાદરકા (રહે, પાતાપુર ગામ, આથમણી સીમ વિસ્તાર, વાડીએ) તથા ભરતભાઈ હમીરભાઈ રાડા (રહે. જુનાગઢ, ગાંધીગ્રામ, ધરમ અવેડા)ને ઝડપી લઈ, ભારતીય બનાવટની વિદેશી દારૂનો જથ્થો, મોબાઈલ સહિત કુલ રૂ. ૪,૨૫,૯૭૭ મુદ્દામાલ જપ્ત કરી, આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં આ ગુન્હામાં મેરા ઉર્ફે બકરી પરબતભાઈ શામળા (રહે. જુનાગઢ ગાંધીગ્રામ), દેવા જેસાભાઈ પરમાર (રહે. મીરાનગર જુનાગઢ) તથા નિકુલ ભરતભાઈ રાડા (રહે. જુનાગઢ ગાંધીગ્રામ ધરમ અવેડા) ના નામો ખુલતા તેને પકડી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગાંધીધામ: દીપેશ ત્રિપાઠી આત્મહત્યા કેસમાં વધુ બે ઝડપાયા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના આશાસ્પદ યુવાન દીપેશ ત્રિપાઠીની આત્મહત્યાના મામલે પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચનાથી કઈઇ અને આદિપુર પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું. ''Mission Fugitive'' અંતર્ગત કાર્યવાહી કરતા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ગુનામાં સંડોવાયેલા આરોપીઓ ગુજરાત બહાર નાસી ગયા છે. આ બાતમીના આધારે પોલીસે વર્કઆઉટ કરી મુકેશ રમેશભાઈ મીરાણી અને હરેશ રમેશભાઈ મીરાણી નામના બે આરોપીઓને પકડી પાડ્યા છે. આ બંને આરોપીઓ સામે આત્મહત્યા માટે મજબૂર કરવા તેમજ ગેરકાયદેસર નાણાં ધીરધારની કલમો હેઠળ



ગુનો દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં બંને આરોપીઓને વધુ તપાસ માટે આદિપુર પોલીસને સોંપવામાં આવ્યા છે.

# વરસામેડી ગામે દારૂ-બિયરનો જથ્થો ઝડપાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**


અંજારના વરસામેડી બાગેશ્રી નગર-૧ મકાન નંબર-૪૩-એ પાસે એલસીબી પોલીસ દ્વારા કાર્યવાહી કરાઈ હતી. પૂર્વ કચ્છ એલસીબી ટીમ અંજાર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમ્યાન બાતમી હકીકત મળી કે કાના વેલા બઢીયા રહે. બાગેશ્રી નગર ૧, મ.નં. ૪૩/એ વર્ષામેડી તથા બુધ્ધવિલાસ જયપ્રકાશ પટેલ સાથે મળી પોતાના મકાન પાસે તથા મોપેડ ની ડીકીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થાનું વેચાણ કરે છે. જેથી બાતમી વાળી જગ્યાએ જઈ રેઈડ કરતા વાહન તથા મકાન પાસે થેલામાંથી ટુબોર્ગના ૧૬ ટીન, કિંગફિશરના ૨૦ ટીન, વ્હાઈટ લેસ વોડકાના ૨૫ કવાર્ટરિયા એમ કુલ રૂા. ૧૫,૩૭૦નો પ્રોહી મુદ્દામાલ જપ્ત કરાયો હતો, પણ બંને આરોપીઓ હાજર ન મળી આવ્યા હોવાનું પોલીસે જણાવ્યું હતું.પોલીસે પ્રોહી મુદ્દા માલ અને મોપેડ સહિત કુલ ૩૫,૩૭૦ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી માટે અંજાર પો.સ્ટે.ને સોંપવામાં આવેલ છે.

# ચોટીલા નજીક અકસ્માત બાદ કારમાં આગ ભભૂકી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચોટીલા-જસદણ રોડ પર અકસ્માત બાદ અચાનક કારમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ નહી થતા દુર્ઘટના ટળી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલા-જસદણ હાઈવે પર જઈ રહેલ કારના ચાલકે કુંઢડા ગામ પાસે અચાનક સ્ટેરીંગ પર નો કાબુ ગુમાવતા કાર લોખંડની રેલીંગ સાથે ધડાકાભેર અથડાતા અકસ્માત સર્જાયો હતો અને અકસ્માત બાદ તરત જ કારમાં આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જો કે કારમાં સવાર ચાલક સહિત અંદાજે ૦૩ થી વધુ વ્યક્તિઓ સમય સૂચકતા વાપરી



## કારમાં સવાર તમામ લોકોનો આબાદ બચાવ થતા મોટી જાનહાની ટળી

બહાર નીકળી જતા તમામનો આબાદ બચાવ થયો હતો. જ્યારે બનાવની જાણ થતા લોકો સહિત વાહન ચાલકોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા અને ચોટીલા નગરપાલિકાની ફાયર ફાયટર ટીમને જાણ કરતા સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. તેમજ પોલીસે પણ ઘટના સ્થળે પહોંચી આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

# વંથલીના ટીકર ગામે ઓજત વિયરમાં અજાણ્યા શખ્સો દ્વારા તોડફોડ

## સ્લીપર ગેટ કાઢી નાખતા પોલીસ ફરિયાદ અને બેદરકાર એજન્સીને નોટિસ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

વંથલીના ટીકર ગામે ઓજત વિયરમાં અજાણ્યા શખ્સો દ્વારા તોડફોડ કરી, સ્લીપર ગેટ કાઢી નાખવામાં આવ્યા હતા, જેના કારણે ડેમમાં રહેલ પાણી મોટા પ્રમાણમાં વહી જવા પામ્યું હતું, જેની જાણ સબંધિત કચેરીને થતાં, કાઢી નાખેલા સ્લીપર ગેટ સમયસર પાછા ચડાવી પાણી વહી જતું અટકાવ્યુ હતું તથા આ બાબતે પોલીસ ફરિયાદ અને બેદરકાર એજન્સીને નોટિસ પાઠવવામાં આવી હતી.

વંથલી તાલુકાના ટીકર ગામે ઓજત વિયર ટીકર સિચાઈ યોજના આવેલી છે. આ યોજનામાં કુલ ૩૨ ગાળા આવેલ છે, અને દરેક ગાળામાં ૦.૫૦ મી ઊંચાઈના ૬ સ્લીપર ગેટ આવેલા છે. ચોમાસામાં પાછતરા વરસાદથી આ સ્લીપર ગેટ ગાળામાં ચડાવીને ડેમ ભરવામાં આવે છે. ગત તા. ૨૦/૦૩/૨૦૨૬ ની રાત્રિના સમયગાળા દરમ્યાન ગાળા નં ૩૧ અને ૩૨ નં ના ગાળામાંથી ૩-૩ સ્લીપર અજાણ્યા શખ્સો દ્વારા કાઢી નાખી બહાર ફેંકી દીધા હતા. જેની જાણ સવારે ૮.૦૦ કલાકે થતાં કચેરીના સ્ટાફ દ્વારા ૧૦:૦૦ કલાકે વંથલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ઉપરાંત વાર્ષિક જાળવણીનું ટેન્ડર શ્રી શ્યામ મજૂર સહકારી માં. લી. ને આપેલ હોય, જે ને ડેમની દેખરેખ માટે રાઉન્ડ ક્લોક માણસ રાખવાની જવાબદારી હોય, જે રાત્રિના ડેમ ઉપર ધ્યાન આપેલ ન હોય અને કચેરીના સ્ટાફને સમયસર જાણ ન કરતા આ ઘટના બની હતી. જેથી એજન્સી ને નોટીસ આપી ટર્મીનેસનની કાર્યવાહી હાથ ધરેલ છે. આ સાથે સ્થળ પર કાઢી નાખેલા સ્લીપર ગેટ સમયસર પાછા ચડાવી પાણી વહી જતું અટકાવેલ. આ બનાવના કારણે નીચવાસમાં કોઈ જાનહાનિ કે કાંઠા ને નુકશાન થવા પામેલ નથી. તથા સરકારી સંપતિ ને નુકશાન કરવા બદલ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવેલ હોવાનું જાણવા મળી રહ્યું છે.

# કુતિયાણા નજીક વિદેશી દારૂના જથ્થા સાથે બે પકડાયા

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

કુતિયાણાના ચૌટા વાક નજીકથી વિદેશી દારૂ નો જથ્થો ઝડપાયો હતો જે મામલે પોલીસે બે શખ્સો ની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી. પોરબંદર પોલીસ ને બાતમી મળી હતી કે કુતિયાણા ના ચૌટા વાક પાસે બે શખ્સો દારૂના જથ્થા સાથે આવી રહ્યા છે ત્યારે આ બાતમી ના આધારે પોલીસે અલગ અલગ બ્રાન્ડ ની વિદેશીદારૂ ની ૮૬ જેટલી બોટલો સાથે અજય ખુશાલદાસ કોટેચા તેમજ આકાશ ભીખુભાઈ જુંગી નામના શખ્સો ને ઝડપી લીધા છે અને આ દારૂ ક્યાંથી લાવ્યા અને કોને આપવાનો છે તે અંગે ની પૂછપરછ હાથ ધરાઈ છે.

# પોરબંદર નજીક કારે બાઈકને ઠોકરે લેતા પત્નીની નજર સામે પતિનું મોત

**અબતક**
**અશોક થાનકી, પોરબંદર**

પોરબંદર નજીક કાર હડફેટે બાઈક નો અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક નું સારવાર દરમ્યાન મોત થયું છે ત્યારે તેના પત્ની સીવીલ હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહ્યા છે. પોરબંદર ના બોખીરા વિસ્તારમાં રામદેવપીર ના દુવારા પાસે રહેતા નોધણભાઈ ભોજાભાઈ સગારકા અને તેના પત્ની લીલાવંતી બેન શહેર માંથી પોતાના ઘરે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે ૩ માઈલ પાસે કારે તેમના બાઈક ને હડફેટે લેતા બન્ને ને ઈજાઓ થઈ હતી આથી તેઓને સારવાર માં ખસેડવામાં આવ્યા હતા જ્યાં નોધણભાઈ નું સારવાર દરમ્યાન મોત થયું છે જયારે લીલાવંતી બેન સારવાર લઈ રહ્યા છે ત્યારે પોલીસે આગળ ની કાર્યવાહી હાથ ધરી છે.

# ધારી: લિઓનીયા હોટલના કેશિયરની ઠગાઈના ગુનામાં ધરપકડ

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**



ધારી પોલીસ વિભાગ દ્વારા લીઓનીયા હોટલના કર્મચારીને છેતરપિંડીના કેસમાં ઉત્તરાખંડના ગઢવાલ જિલ્લામાંથી ઝડપી પાડ્યો છે.ધારી ખાતે આવેલી લિયોનીના હોટલ ખાતે કેશિયર તરીકે કામ કરનાર નિખિલ કુકરેટી રહે. કોટદ્વાર ગઢવાલ કર્મચારીએ હોટલના ટેબલના ખાનામાં રાખેલ રોકડ રકમ તેમજ ઉપાડ પેટે રકમ માંગીને ત્રણ લાખ દસ હજાર રૂપિયા લઈને ફરાર થઈ ગયો હતો. જે બાબતની ફરિયાદ હસમુખભાઈ વેકરીયાએ ધારી પોલીસને આપતા ધારી પોલીસ વિભાગની ટીમ ઉતરાખંડ પહોંચીને આરોપીને ઝડપી લીધો હતો. આ ઘટનાની વધુ તપાસ ધારી પોલીસ વિભાગ દ્વારા થઈ રહી છે

# હિંમતનગર નજીક ટ્રક પાછળ બીજો ટ્રક ઘૂસી જતાં ચાલક કેબિનમાં ફસાયો

## ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ કેબિનનું પતરૂં કાપીને ટ્રક ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાંથી પસાર થતા અમદાવાદ-ઉદયપુર નેશનલ હાઈવે પર રવિવારે બપોરે પીપલોદી ગામ નજીક એક અકસ્માત સર્જાયો હતો એક ટ્રક પાછળ બીજી ટ્રક ઘૂસી જતાં અકસ્માત થયો હતો જેમાં એક ટ્રકનો ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો.

આ ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી હતી અને હિંમતનગર ફાયર બ્રિગેડ ને પણ જાણ કરવામાં આવતા ફાયર ટીમે ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી આ અંગે હિંમતનગર ફાયર વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર હિંમતનગર તાલુકાના પીપલોદી સ્ટેન્ડ નજીક નેશનલ હાઈવે પર અમદાવાદ તરફથી હિંમતનગર તરફ જઈ રહેલી ટ્રકમાં અકસ્માત થયો હતો ટ્રક નંબર આરજે.૨૭.જિએફ. ૨૯૪૬ નો ચાલક કેબિનમાં ફસાયો હતો.

ફાયર ટીમે લગભગ ૨૦ મિનિટની જહેમત બાદ કેબિનનું પતરું કાપીને ટ્રક ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો ચાલકને પગ અને શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ થઈ હોવાથી તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો અકસ્માતને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામનાં દ્રશ્યો સર્જાયા હતા.

# જૂનાગઢ: ધોળા દિવસે રૂ.૯ લાખ રોકડા અને ૭ તોલા સોનાના દાગીનાની ચોરી

## પરિવાર સુરાપુરાના દર્શને ગયો અને પુત્રીના લગ્ન માટેના રોકડા તથા સોનાના ઘરેણા તસ્કરો ઉસેડી જઈ ફરાર

**અબતક, દર્શન જોશી,જુનાગઢ**

જુનાગઢના જોષીપુરા વિસ્તારમાં ધોળા દિવસે પરિવાર સુરાપુરા દાદાના દર્શન માટે ગયો અને ચોર ઈસમો દીકરીના લગ્નની તૈયારીઓ માટે ભેગી કરેલ રૂ. ૯ લાખ રોકડા તથા ૭ તોલા સોનાના દાગીનાની ચોરી કરી, ફરાર થઈ જતા પોલીસ આ ચોરીનો ભેદ ઉકેલવા ચક્રો ગતિમાન કર્યા છે, બીજી બાજુ આ ચોરીને પગલે જોષીપુરા વિસ્તારમાં રહેતા લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ દીકરીના લગ્નની તૈયારીઓ માટે એક પરિવારના ૨૦ વર્ષના અથાગ પરિશ્રમ સાથે જમા કરેલ કમાણી માત્ર બે કલાકની ગેરહાજરીમાં ધોળા દિવસે ચોર ઈસમો ઉસેડી ગયા હતા, જોષીપુરા વિસ્તારમાં આવેલ ગોકુલધામ સોસાયટી રહેતા જયસુખભાઈ રૂપાપરા તેમના પરિવાર સાથે સુરાપુરા દાદાના દર્શન માટે ગયા હતા, ત્યારે ઘરના બંધ મકાનના તાળા અને બારીઓ તોડીને ચોરો ઈસમોએ ઘરમાં હાથફેરો કરીને રૂ. ૯ લાખ રોકડા તથા ૭ તોલા સોનાના દાગીનાની ચોરી કરી, ફરાર થઈ ગયા હતા.

આ અંગેની પોલીસને જાણ કરાતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો સ્ટાફ તાત્કાલિક બનાવના સ્થળે પહોંચ્યો હતો, અને મકાનનું પંચનામું સહિતની કાર્યવાહી કરી, અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી, ગુનાનો ભેદ ઉકેલવા કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ ચોરીની ઘટનામાં જાણભેદુ હોવાની આશંકા સેવાઈ રહી છે. ત્યારે સોસાયટી તથા આસપાસના વિસ્તારોમાં લગાવાયેલા સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી સહિત વિવિધ દિશામાં તપાસ અને પૂછપરછ હાથ ધરી હતી.

# ગોંડલના કથિત પત્રકાર ધવલ ઉર્ફે ડી.કે. સામે 'તોડ'ની ફરિયાદ

## સમાચાર છાપી બદનામીની ધમકી આપી ઓનલાઈન ૧૦ હજાર પડાવ્યા

**અબતક**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રાજકોટ માં તોડબાજ કથીત પત્રકાર ગેંગ નો પર્દાફાશ થયો તેમ ગોંડલ માં પણ પોતાની જાત ને પત્રકાર તરીકે ઓળખાવતાં શખ્સ સામે બી'ડીવીઝન પોલીસ માં ફરિયાદ નોંધાઈ છે. કહેવાતા પત્રકારે ફરિયાદી ને છાપા માં તથા સોશિયલ મિડીયા માં મેટર છાપવા ની ધમકી આપી રુ.દશ હજાર નો તોડ કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ ભગવતપરા ગેઈટવાળી શેરી માં રહેતાં અને માર્કેટ યાર્ડ માં મજુરીકામ કરતા રાહુલભાઈ કિશોરભાઈ ચૌહાણે બી'ડીવીઝન પોલીસ માં ધવલ ઉર્ફ ડી.કે.જેન્તીભાઈ રાણપરીયા સામે ફરિયાદ કરી જણાવ્યું કે હું તથા મારાં મિત્ર ધર્મેશભાઈ ચંદુભાઈ પરમાર રાત્રીનાં માર્કેટ યાર્ડ માં બેઠા હતા.તે દરમિયાન બે પોલીસવાળા આવી અમને ચેક કરતા ધર્મેશે દારુ પીધેલ હોય અમને બન્ને ને પોલીસ સ્ટેશન લઈ ગયા હતાં.ત્યાં ધર્મેશ સામે કેસ કરી લોકઅપ માં રાખી દિધેલ હતો.મેં દારુ પીધો ના હોય મારી સામે કેસ કરાયો નહોતો.આ સમયે પોલીસ સ્ટેશન નાં કમ્પાઉન્ડ માં ઉભેલા પત્રકાર ધવલ ઉર્ફે ડી.કે.મારી પાસે આવી મને સાઈડ માં બોલાવી કહેલ કે તમારે વહિવટ કરવો પડશે.

છાપા માં નામ અને સોશિયલ મીડીયા મા વિગતો આપી બદનામ કરી દઈશ.જો વહિવટ કરશો તો છાપા માં કે સોશિયલ મીડીયા માં કંઈ નહી આવે વધુ માં પોલીસ માં ભલામણ કરી તારા મિત્ર ને છોડાવી દઈશ. આવી ધમકી આપી મારી પાસેથી રુ.દશ હજાર ની માંગણી કરી હતી.જેથી મેં ગુગલ પે મારફત પૈસા આપ્યાં હતા.બાદ માં જો તું કોઈ ને આ વાત કહીશ તો જાનથી મારી નાખવા ની ધમકી આપી હતી.બાદ માં મિત્ર જામીન પર નહી છુટતા મેં ડી.કે.પાસે પૈસા પરત માંગતા તેણે કહેલ કે હવે પૈસા પાછા નો મળે. હવે પૈસા માંગ્યા તો ઉપર મોટા પોલીસ અધિકારીઓ ને જાણ કરી તને ફીટ કરાવી દઈશ.તેવી ધમકી આપી હતી.

પોલીસે ફરિયાદ લઈ કહેવાતા પત્રકાર ધવલ ઉર્ફ ડી.કે.સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ કથીત પત્રકાર ડી.કે.ને પોલીસ સાથે સારા સબંધો હોય પોલીસ સાથે હરતો ફરતો હોવાનો વિડીયો પણ કોઈએ વાયરલ કરતાં ચકચાર મચી જવા પામી છે. કેટલાક લોકોએ આ વિડીયો રેંજ આઈજી નિર્લિપ્ત રાય સુધી પહોંચતો કર્યાની ચર્ચાએ જોર પકડયું છે.

### હરીચરણદાસજી બાપુની ૧૦૪મી જન્મજયંતિએ

# વાંકાનેર: સદગુરૂ આનંદ આશ્રમ ખાતે કાલે અનેકવિધ કાર્યક્રમોની વણઝાર, તૈયારીઓનો ધમધમાટ

## મંગળા આરતી, કેશર સ્નાન, ભોગદર્શન, પાદુકાપુજન સહિતના કાર્યક્રમોનું આયોજન: સદગુરૂ શિષ્ય પરિવારોમાં અનેરો ઉત્સાહ

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેરમાં રાજકોટ રોડ પર આવેલ સદગુરૂ આનંદ આશ્રમ ખાતે સદગુરૂદેવ રણછોડદાસજીબાપુના સ્મૃતિ મંદિર ખાતે આગામી તા.૨૪ને મંગળવારના સદગુરૂસ્વામી હરીચરણદાસજી બાપુની ૧૦૪મી જન્મજયંતિ ભકિતભાવ સાથે અનેકવિધ કાર્યક્રમો થકી ઉજવાશે.

આ દિવ્ય વેળાએ ગોંડલ રામજી મંદિરના ગાદીપતિ જયરામદાસજી મહારાજના આર્શિવાદ સાથે ૨૪ માર્ચ ના રોજ દિવસભર ભરચક કાર્યક્રમોનું આયોજન ટ્રસ્ટી મંડળ તથા સદગુરૂ શિષ્ય સેવકો દ્વારા કરવામાં આવ્યુંહ છે.

જેમાં સવારે મંગળા આરતી, કેશર સ્નાન, ભોગદર્શન બાદ સાંજે ૪.૩૦ કલાકથી વાંકાનેરનું પ્રખ્યાત અને નિ:શુલ્ક સેવા આપતુ શ્યમા ધુન મંડળ ના પંદરથી વધુ કલાકારોના કાફલા દ્વારા સંગીતના સથવારે રામધુનની રમઝટ બોલાવશે. સાથે સાથે તમામ સદગુરૂ શિષ્ય પરિવારો માટે પાદુકા પુજનનું સુંદર આયોજન કરાયુ છે.

ત્યારબાદ સાંજે ૭.૩૦ કલાકે દિપમાળા સાથે મહાઆરતી યોજાશે. મહાઆરતી બાદ તમામ ઉપસ્થિત સદગુરૂ શિષ્ય પરિવારો, આમંત્રીત મહેમાનો, ભૂદેવો તથા સેવકગણ માટે મહાપ્રસાદનો પ્રારંભ થશે તો વાંકાનેર તથા તાલુકામાં વસતા સદગુરૂ શિષ્ય પરિવારોને સદગુરૂદેવ હરીચરણદાસની ૧૦૩મી જન્મજયંતિના પાવન દિને ઉપરોકત પાવન પ્રસંગોમાં પરિવાર સાથે ઉપસ્થિત રહેવા તથા દર્શનનો લાભ લેવા તથા મહાપ્રસાદનો લાભ લેવા વાંકાનેર સદગુરૂ આનંદ આશ્રમના ટ્રસ્ટી મંડળે આમંત્રણ પાઠવ્યું છે.

આ દિવ્ય અવસરે વાંકાનેરનું પ્રખ્યાત સંગીતમાલા ગ્રુપના નામાંકીત કલાકારો દ્વારા હનુમાન ચાલીસાના પાઠ સંગીતના સથવારે રજૂ કરાશે.

# વાકાનેરમાં નવ વર્ષના બાળકો અલી અને મહંમદએ રમજાનના ૩૦ રોજા રાખી બંદગી કરી



**અબતક લિતેશ ચંદારાણા વાંકાનેર**

મુસ્લિમ ધર્મ ના પવિત્ર રમજાન મહિનાની આસ્થાબેન ઉજવણી વચ્ચે વાંકાનેર ના ભોરણીયા શેરીમાં રહેતા સોયબ ભાઈ ના પુત્ર અને અબ્દુલ ગફાર ભાઈ ના૯ વર્ષના પૌત્ર અલી અને વાંકાનેર માર્કેટિંગ યાર્ડના પૂર્વ ચેરમેન સબીરભાઈ મોમીન ના પૌત્ર અને ઈસ્તિયાક અહેમદ ના ૯ વર્ષ વર્ષ પુત્ર મહમદ બીલાલ એ આખા રમજાન મહિના ના૩૦ રોજા રાખી ઈબાદત કરી હતી બંને બાળકો ને, દાદા દાદી સહિતના પરિવારજનો એ નેકી બદલ દુઆઓ થી નવાજવામાં આવ્યા હતા.

# માલીયાસણથી બેડી રોડને જોડતા રીંગ રોડનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય સોમાણી

## રાજકીય - સામાજીક આગેવાનો શહેરીજનો રહ્યા ઉપસ્થિત

**અબતક, લીતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેર - કુવાડવા મત વિસ્તારના માલીયાસણ ગામથી બેડી મોરબી રોડને જોડતા ૧૦૬ કરોડના ખર્ચે બનતા રીંગ રોડનું ખાતમુહુર્ત ધારાસભ્ય જીતુભાઈ સોમાણી તેમજ રાજકોટ જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના હસ્તે કરવામાં આવ્યું હતું.

માલીયાસણ ગામથી બેડી મોરબી રોડને જોડતાં રીંગ રોડ રૂડા દ્વારા ૧૦૬ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવેલ છે જેનું ખાતમુહુર્ત ધારાસભ જીતુભાઈ સોમાણી તેમજ રાજકોટ જીલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે રાજકોટ તાલુકા ભાજપ પ્રમુખ કેયુરભાઈ ઢોલરીયા, રાજકોટ તાલુકા પંચાયત પૂર્વ કારોબારી ચેરમેન ભરતભાઈ ડાભી રાજકોટ જીલ્લા પંચાયત પૂર્વ સદસ્ય રજાભાઈ ચાવડા સહિતના બહોળી સંખ્યામાં સૌ કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેર - મોરબી - ગાંગરડી એસટી બસને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા ભાજપના કાર્યકરો




**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

રાજકોર વિભાગ તરફથી વિભાગીય નિયામક ડીએમઈ દ્વારા વાંકાનેર ડેપો ખાતે વાંકાનેર - મોરબી - ગાંગરડી રૂટમાં નવીન ગુર્જર નગરી બસ પ્રજાની સેવા માટે પરિવહન સેવામાં ઉમેરવામાં આવી છે.

જેમાં વાંકાનેર શહેર ભાજપ નગરપાલિકા ઉપપ્રમુખ હર્ષિતભાઈ સોમાણી, મોરબી જીલ્લા ભાજપા ઉપાધ્યક્ષ ચેતનભાઈ ગોસ્વામી, કોર્પોરેટર રમેશભાઈ વોરા, બ્રિજરાજસિંહ ઝાલા, જે.બી.મદ્રેસાણીયા વગેરે ભારતીય જનતા પાર્ટીના આગેવાન હાજરીમાં વાંકાનેર એસ.ટી.ના ડેપો મેનેજર એ.એન.પઢારીયા રૂબરૂ હાજર રહી તેમજ રાજકોટ એસ.ટી. કર્મચારી મંડળના પ્રમુખ જયુભા. ડી. જાડેજાના માર્ગદર્શન સાથે પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં વાંકાનેર એસ.ટી. પરીવાર બાપા સીતારામ ગ્રુપના સભ્યો જે વાંકાનેર એટીઆઈ વિરેનભાઈ જાની, વાંકાનેર કર્મચારી મંડળ પ્રતિનિધિ ૯૬/૩-ક જયદેવસિંહ ઝાલા(મુનાભાઈ ),પ્રતિનિધિ જે.જે.ઝાલા, ટીસી અનિલભાઈ ગઢીયા, ટીસી રાજેશ ખોરજા, એસ.વી ઝાલા, હમિદ કાદરી, ભરતવન ગોસ્વામી, ક્રિપાલસિંહ જાડેજા, ગાંગરડી રૂટના ડ્રાઈવર કાનાભાઈ કળોતરા, કંડકટર કિશોરભાઈ પી., કાઝીભાઈ તેમજ અન્ય એસ.ટી સ્ટાફ મિત્રો સાથે બસને શણગાર કરી શ્રીફળ ફોળી, મીઠાઈ વેચી તેમજ મુસાફરોની હાજરીમાં લીલીઝંડી આપી વાંકાનેર - ગાંગરડી રૂટને પ્રસ્થાન કરાવવામાં આવેલ હતું.

# ચૈત્રી નવરાત્રિ નિમિતે ધક્કાવાળી મેલડી માતાજી મંદિરે બુધવારે રાસોત્સવ

**અબતક, ઋષીમહેતા**



મોરબીના નવલખી રોડ પર આવેલ શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર દ્વારા ચૈત્રી નવરાત્રી મહોત્સવ અંતર્ગત તા. ૨૫ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે ઓર્કેસ્ટ્રા સાથે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

મોરબીના નવલખી રોડ પર રેલ્વે સ્ટેશન નજીક આવેલ આસ્થા અને શ્રદ્ધાના પ્રતિક સમાન શ્રી ધક્કાવાળી મેલડી માતાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રી મહોત્સવ ભક્તિભાવથી ઉજવાઈ રહ્યો છે. નવરાત્રી નિમિતે મંદિરને આકર્ષક લાઈટિંગથી ઝગમગતું બનાવવામાં આવ્યું છે, ત્યારે શ્રદ્ધા, ભક્તિ અને આરાધનાના સંગમરૂપ આ પાવન અવસરે તા.૨૫/૦૩ને બુધવારના રોજ રાત્રે ૮.૩૦ વાગ્યે મંદિરના આંગણે ઓર્કેસ્ટ્રા અને મ્યુઝિક પાર્ટીના તાલે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સ્થાનિક બહેનો અને દીકરીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ શકે તે માટે શ્રી ધક્કાવાળી મા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સૌને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ રાજકીય ગરમાવો, ભાજપની બેઠક મળી



**અબતક, ઋષિ મહેતા**

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને મોરબી જીલ્લા ભાજપ દ્વારા સંગઠનાત્મક તૈયારીઓ તેજ કરવામાં આવી છે. આ સંદર્ભે મોરબી જીલ્લા ભાજપ કાર્યાલય ‘ કમલમ’ ખાતે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં ચૂંટણીલક્ષી વ્યૂહરચના પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં ભાજપના જીલ્લા પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, જીલ્લા પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા, રાજ્યસભા સાંસદ કેસરીદેવસિંહ ઝાલા, સાંસદ ચંદુભાઈ સિહોરા, ધારાસભ્યો દુર્લભજીભાઈ દેથરીયા અને પ્રકાશભાઈ વરમોરા, પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા, પૂર્વ જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘી સહિત અગ્રણી નેતાઓ અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક દરમિયાન જીલ્લાની તમામ નગરપાલિકા અને પંચાયત બેઠકો પર સંગઠનને વધુ મજબૂત બનાવવા ચર્ચા કરવામાં આવી હતી. સાથે જ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓને છેવાડાના લોકો સુધી પહોંચાડવા માટે વ્યાપક જનસંપર્ક અભિયાન ચલાવવાનો નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપરાંત, આગામી સમયમાં વિવિધ સ્તરે કાર્યકર સંમેલનો યોજી જવાબદારીઓની વહેંચણી કરવામાં આવશે અને ‘પેજ સમિતિ’થી લઈને ‘બૂથ સ્તર’ સુધી કાર્યકરોને સક્રિય બનવા આહવાન કરવામાં આવ્યું હતું.

# વ્યાજખોરી વિરૂધ્ધ પોલીસ દ્વારા કાલે લોકદરબાર

## જરૂરિયાતમંદો માટે લોન મેળવવા માટે માર્ગદર્શન અને સહાય મળી શકે

**અબતક, ઋષિ મહેતા**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે તા. ૨૪ માર્ચના રોજ ગેરકાયદેસર વ્યાજખોરી અને નાણા ધીરધારના કેસોમાં પીડિત નાગરિકોની ફરિયાદો સાંભળવા તથા બેંક લોન અંગે માર્ગદર્શન આપવા જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવ્યું છે, ત્યારે આ સભાનો લાભ લેવા મોરબી જીલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવ્યું છે.ગુજરાત રાજ્ય પોલીસ મહાનિર્દેશક તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક અને મોરબી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ તા.૨૪/૦૩ના રોજ સાંજે ૪ વાગ્યે મોરબી સીટી ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે જનસંપર્ક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં ગેરકાયદેસર વ્યાજખોરીનો ભોગ બનેલા નાગરિકોની રજૂઆતો અને ફરિયાદો સાંભળી યોગ્ય કાર્યવાહી અને નિરાકરણ કરવામાં આવશે.

ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીયકૃત, સેડ્યુલ્ડ અને કો-ઓપરેટિવ બેંકો તેમજ માઈક્રો ફાઈનાન્સ સંસ્થાના પ્રતિનિધિઓ પણ હાજર રહેશે, જેથી જરૂરિયાતમંદ નાગરિકોને કાયદેસર રીતે લોન મેળવવા માટે માર્ગદર્શન અને સહાય મળી શકે. ત્યારે મોરબી જીલ્લા પોલીસ દ્વારા આ જનસંપર્ક સભામાં વધુમાં વધુ નાગરિકોને હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# હળવદના રાયસંગપર નજીક યુવકને પાઈપ-ધોકાથી માર માર્યો

## ‘તું વિજય અને ભરત સાથે કેમ બેસે છે’ તેમ કહી બાઈકને આંતરી ચાર શખ્સોએ કર્યો હુમલો

**અબતક, ઋષિ મહેતા**

હળવદના રાયસંગપર નજીક મોટર સાયકલમાં ડબલ સવારી જઈ રહેલા યુવકને રોકી ચાર ઈસમોએ લોખંડના પાઈપ અને ધોકાથી હુમલો કર્યો હતો.

મળતી માહિતી મુજબ, ભવાનીનગર લાંબી દેરી હળવદમાં રહેતા મહેશભાઈ ઉર્ફે ગોપાલભાઈ ગોહિલ ઉવ.૨૯ એ હળવદ પોલીસ સમક્ષ આરોપી એસ.પી.કોળી રહે. કુંભરીયા તા.માળીયા(મી), સામંતભાઈ રામાભાઈ ભરવાડ, ગણપતભાઈ ભરવાડ તથા નિલેશભાઈ હમાભાઈ સુરેલા ત્રણેય રહે. હળવદ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૧/૦૩ના રોજ પોતાના મિત્ર સાથે મોટરસાયકલ ઉપર રાયસંગપરથી હળવદ જતાં હતા ત્યારે એક નંબર વગરની કાળી અલ્ટો કાર આવી હતી અને તેમનું મોટર સાયકલ રોકી કારમાંથી ઉતરેલા ઉપરોક્ત ચારેય ઈસમો પૈકી બે ઈસમોએ તું વિજય અને ભરત સાથે કેમ બેસે છે કહી ગાળો આપી લોખંડના પાઈપ અને લાકડાના ધોકાથી બેફામ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ ઉપરથી નાસી ગયા હતા.

આ બનાવ બાદ યુવકને ૧૦૮ મારફતે હળવદ સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે મોરબી સરકારી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યો હતો, જ્યાં મહેશભાઈ ઉર્ફે ગોપાલભાઈને હાથ અને પગમાં પાંચ જેટલા ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું સામે આવ્યું હતું. ઘટના બાદ પીડિતની ફરિયાદના આધારે હળવદ પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રબારી-ભરવાડ સમાજની એકતા મજબુત બનાવવા મહામિલન બેઠક સંપન્ન

**અબતક, ઋષી મહેતા**



મોરબીમાં રબારી-ભરવાડ સમાજ એકતા સમિતિ દ્વારા સમાજની એકતા અને અસ્મિતા મજબૂત બનાવવા માટે મહામિલન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મચ્છુ માતાજી મંદિરે યોજાયેલ આ કાર્યક્રમમાં બંને સમાજના વડીલો, આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમમાં સમાજના સર્વાંગી વિકાસ માટે સંગઠનની મહત્વતા પર ભાર મુકાયો હતો અને એકતા દ્વારા મજબૂત ભવિષ્ય નિર્માણ કરવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. યુવાનોને ખાસ કરીને આગળ આવીને સમાજના હિતમાં કાર્ય કરવા અપીલ કરવામાં આવી હતી. આ સાથે કાર્યક્રમના વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે અંતે ઉપસ્થિત તમામે તાવા પ્રસાદ (સમૂહ ભોજન) લઈ કાર્યક્રમની પુર્ણાહુતી જાહેર કરવામાં આવી હતી.

# ટેન્કર પાછળ સુપર કેરી અથડાતાં ચાલકનું મોત: એક ઘાયલ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના રાપર ગામની સીમમાં હળવદ-માળીયા હાઈવે રોડ ઉપર પાણીના ટેન્કર પાછળ સુપર કેરી વાહન અથડાતા ચાલકનું સારવાર દરમિયાન મોત થયું હતું.

મોરબી તાલુકાના રાપર ગામની સીમમાં હાઈવે પર અકસ્માતની ઘટના બની હતી, જેમાં પાણી ભરેલા ટ્રક ટેન્કર પાછળ મારૂતિ સુઝુકી સુપર કેરી લોડિંગ વાહન પુરઝડપે અથડાયું હતું. જેમાં ગત તા.૧૮/૦૩ના રોજ ટેન્કર રજી.નં. જીજે-૧૨-એટી-૭૭૧૩ ડિવાઈડરમાં આવેલા છોડને પાણી પીવડાવવાના કામમાં હોય ત્યારે પાછળ સ્ટોપ લાઈટ ચાલુ હોવા છતાં સુપર કેરી રજી.નં. જીજે-૩૬-વી-૮૯૮૬ના ચાલકે બેદરકારીથી વાહન હંકારતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સુપર કેરીના ચાલક સાજનકુમાર હરજીભાઈ દેલવાણીયા ઉવ.૨૧ રહે. સરવડ તા.માળીયા(મી) વાળાને તથા તેમની સાથે બેઠેલા ચાલકના ભાઈ વિષ્ણુભાઈ દેલવાણીયાને માથા અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ત્યારે બંનેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં ચાલુ સારવાર દરમિયાન સુઓર કેરી વાહનના ચાલક સાજનકુમારનું મૃત્યુ નિપજ્યું હતું.

# મોહન કુંડારિયાની બીબીએસએલના ડિરેક્ટર પદે વરણી

**અબતક, ઋષિ મહેતા**



ગુજરાત ભાજપના સહ-કોષાધ્યક્ષ મોહનભાઈ કુંડારીયાની ભારતીય બીજ સહકારી લિમિટેડના ડિરેક્ટર પદે નિમણુંક કરાઈ છે. તેમની આ નિમણુંકને મોરબી જીલ્લા ભાજપ દ્વારા હર્ષભેર વધાવવામાં આવી છે. જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટિયા તેમજ મહામંત્રીઓ નિર્મલભાઈ જારીયા, તપનભાઈ દવે અને ચતુરભાઈ મકવાણાએ સંયુક્તમાં જણાવ્યું કે, મોહનભાઈનો સહકારી ક્ષેત્રનો અનુભવ રાષ્ટ્રીય સ્તરે ખેડૂતોના કલ્યાણ અને બીજ ઉત્પાદન ક્ષેત્રે ઉપયોગી બનશે.

# બજરંગ અખાડા ખાતે મોડર્ન જીમનું નિર્માણ કાર્ય પુરજોશમાં



**અબતક, ઋષિ મહેતા,**

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ બજરંગ અખાડા ખાતે નગરજનોના આરોગ્ય અને ફિટનેસને પ્રોત્સાહન આપવા માટે મોડર્ન જીમના નિર્માણનું કામ હાલમાં પ્રગતિ હેઠળ છે. આ પ્રોજેક્ટનું અંદાજે ૩૫ ટકા કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. હાલમાં બિલ્ડિંગના પ્રથમ માળના સ્લેબનું કામ ચાલુ છે. નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ થાય તે માટે મહાનગરપાલિકા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે, આ પ્રોજેક્ટ હેઠળ આધુનિક કસરત સાધનો, યોગ્ય વેન્ટિલેશન, સુવ્યવસ્થિત લાઈટિંગ તેમજ ટ્રેનિંગ માટેની સુવિધાઓ વિકસાવવામાં આવશે. જેના કારણે યુવાનો અને નગરજનોને સ્થાનિક સ્તરે જ ઉત્તમ જીમ સુવિધા મળશે અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ પણ વધશે.

# સનાળા હાઈવે પર નબળા સ્પીડ બ્રેકરના વિરોધમાં સ્થાનિકોનું ચકકાજામ

## રાજપર ચોકડી પાસે ટ્રાફિક જામ થતાં અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા

**અબતક, ઋષિ મહેતા**



મોરબીના શનાળા હાઈવે પર લોકોએ નબળા ગુણવત્તાવાળા બમ્પને લઈને ગુસ્સો વ્યક્ત કરી ચક્કાજામ કર્યો હતો. પહેલાં મોટા બમ્પને કારણે અવારનવાર ટ્રાફિક જામ સર્જાતા તંત્ર દ્વારા નાના બમ્પ મુકવામાં આવ્યા હતા, પરંતુ સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ બમ્પ નબળી ગુણવત્તા વાળા હોય તે તૂટી ગયા, જેના કારણે વાહનચાલકો અને ગામવાસીઓ ઉપર અકસ્માતનું જોખમ વધ્યું હતુ.

આ માટે સ્થાનિકો દ્વારા અનેકો વાર રજુઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા સ્થાનિકો રાજપર ચોકડી પાસે એકઠા થઈ ગયા અને ચારે તરફ વાહનવ્યવહાર રોકી દીધો, જેનાથી હાઈવે પર ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો.

બનાવની જાણ થતાં ૩૦-૪૦ પોલીસ જવાનોએ અને અધિકારીઓએ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. પ્રાથમિક રીતે પોલીસ દ્વારા સ્થાનિકોને સમજાવટ કરવામાં આવી કે ટ્રાફિક ખોલી દેવું, પરંતુ સ્થાનિકોએ બમ્પનું કાર્ય ન થાય ત્યાં સુધી રસ્તો ન ખોલવાનું નક્કી કર્યું હતું. અંતે, પોલીસે હસ્તક્ષેપ કરી ચક્કાજામ હટાવ્યો અને વાહનવ્યવહારને પુન:સંચાલિત કરવામાં આવ્યો હતો. ત્યારે સ્થાનિકોએ આ અંગે સ્પષ્ટ સંકેત આપ્યો કે જ્યા સુધી બમ્પની યોગ્ય કામગીરી કરવામાં નહીં આવે, ત્યાં સુધી આવનારા દિવસોમાં પણ વિરોધ ચાલુ રાખવા ચેતવણી આપી હતી.

# માળીયા (મી) નજીક તમંચા સાથે સુલતાન ઉર્ફે ટપુસ કટીયો ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા,**



માળીયા(મી) પોલીસ ટીમ રમજાન ઈદ તહેવારને અનુસંધાને પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન મળેલ બાતમીને આધારે માળીયા(મી) વિસ્તારમાં આવેલ વિશાલા હોટલ નજીક કાચા રસ્તા ઉપરથી આરોપી સુલતાન ઉર્ફે ટપુસ રસુલભાઈ કટીયા ઉવ.૩૨ રહે. માળીયા-કચ્છ હાઈવે વિશાલા હોટલ પાછળ માળીયા(મી) વાળાને એક દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપી લઈ તેની વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# રીબડાથી ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું : ૬૦૦ બાટલા જપ્ત

## ઉમિયા ગેટ નં.૪ માં સ્થિત સાંઇ પ્રેમ ગેસ એજન્સીમાં કાળાબજારી થતી'તી : બાટલાંથી ત્રણ-ત્રણ કિલો ગેસ કાઢી ત્રીજો બાટલો ભરી રોકડી કરતા'તા

**અબતક, રાજકોટ**

ઈરાન-ઈઝરાયલ યુદ્ધને પગલે વિશ્વ આખામાં ગેસ અને પેટ્રોલિયમ પ્રોડકટની અછત તોળાઈ રહી છે ત્યારે તકવાદીઓ વિકટ પરિસ્થિતિનો લાભ ઉઠાવી કાળાબજારી કરી નફો રળવા સક્રિય થયાં છે. તેવા જ એક બનાવમાં રિબડામાંથી ગેસ રિફલિંગનું મોટું કૌભાંડ રૂરલ એસઓજીની ટીમે પકડી રૂ.૧૬ લાખના ૬૦૦ બાટલા જપ્ત કરી મોટી કાર્યવાહી કરી હતી. ઉમિયા ગેટ નં.૪ માં સ્થિત સાંઇ પ્રેમ ગેસ એજન્સીમાં બે ગેસના બાટલાંથી ત્રણ-ત્રણ કિલો ગેસ કાઢી ત્રીજો બાટલો ભરી કાળાબજારી થતી હોવાનું સામે આવતા ખળભળાટ મચી ગયો હતો. પોલીસે હાલ ગેસ એજન્સીના મેનેજર સહિત ચાર શખ્સોની ધરપકડ કરી સંચાલક અને ગોડાઉન માલિકની શોધખોળ આદરી છે.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા એલ.પી.જી. ગેસના સીલીન્ડર્સને સંબંધિત ગેરકાયદેસરની પ્રવુતી સદંતર નાબુદ કરી અસરકારક કામગીરી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં પીએસઆઈ જી.જે.ઝાલા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે રીબડા ઈન્ડસ્ટ્રિયલ એરીયામાં આવેલ ઉમિયા ગેટ નં.૪ અંદર સ્થિત સાંઈ પ્રેમ ગેસ એજેન્સીમાં એલ.પી.જી.ગેસ સિલીન્ડરની કાળાબજારી કરી અન્યની જીંદગી જોખમાય તે રીતે ફાયર સેફટી નોર્મ્સનું પાલન કર્યા વિના અનઅધિકૃત રીફિલિંગ કરતા હોવાની કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાંધલ તથા વિપુલભાઈ ગોહેલને

મળેલ ચોક્કસ બાતમીના આધારે રિબડા પાસે ઉમિયા ગેટ નં.૪ અંદર સ્થિત સાંઇ પ્રેમ ગેસ એજેન્સીમાં ડમી ગ્રાહક મોકલી દરોડો પાડ્યો હતો.





**પીઆઈ એફ.એ.પારગી અને પીએસઆઈ જી.જે.ઝાલા ટીમની કાર્યવાહી**

એસઓજીની ટીમે ગેસ એજન્સીમાંથી અલગ-અલગ કંપનીના નાના-મોટા ભરેલા તથા ખાલી એલ.પી.જી. ગેસ સિલીન્ડર ૬૦૦ નંગ સહિત સમગ્ર ગોડાઉન સિઝ કરી આરોપી મેનેજર પંકજ જેઠા મકવાણા (ઉ.વ.૩૮, રહે. રાજકોટ મવડી પાળ રોડ, મીરાબાઈ ટાઉનશીપ, મૂળ ગામ-નવાણીયા, બાબરા), લખમણ ચના ચાવડા (ઉ.વ.૩૧, રહે. ગણેશનગર મફતીયાપરા, શાપર, મુળ ગામ-દેરોદર, પોરબંદર) અને રામ ચના ચાવડા (ઉ.વ.૨૮, રીબડા ગામની સીમ, ઉમીયા ઈન્ડ્રસ્ટ્રીઝ, સાંઇ પ્રેમ ગેસ એજન્સી, મુળ ગામ દેરોદર, પોરબંદર) તેમજ રાકેશ અરવિંદ કુબાવત (ઉ.વ.૪૮, ગુંદાસરા ગામની સીમ, હરસીધ્ધી પાર્ક, રીબડા રેલ્વે સ્ટેશન પાસે, મુળ ગામ-જીંજુડા, મેદરડા) ની ધરપકડ કરી અલગ અલગ કંપનીના ૬૦૦ થી વધું ગેસના બાટલા રૂ.૧૬ લાખનો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી આદરી હતી.

જયારે સાંઈ પ્રેમ ગેસ એજન્સીનો સંચાલક બાબાભાઈ બગ્ગા (રહે. કલ્પવન સોસા., ઢોલરા, મુળ- નોઈડા (યુ.પી.) અને શૈલેષ ઉર્ફે હસમુખ ભાલાણી (રહે. મોરબી) તેમજ ગોડાઉન માલીક નિરવ ભરત ભીમાણી (રહે. માણાવદર) પોલીસ પકડથી દૂર રહેતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે.

વધુમાં પોલીસે જણાવ્યું હતુ કે, આરોપીઓએ એલ.પી.જી. ગેસ સિલીન્ડર્સનું અનઅધિકૃત રિફીલિંગ કરી ગેસ સિલીન્ડર્સનું નિર્ધારીત બજારભાવ કરતા ઉંચા ભાવે વેચાણ કરતાં હતાં. તેમજ ફાયર સેફટીની જોગવાઈઓનો ભંગ કરી

ઘર વપરાસના ગેસ સિલીન્ડર્સનું કોમર્શિયલ હેતુથી વેચાણ થતું હતું. તેમજ પકડાયેલ શખ્સો છેલ્લા ત્રણ વર્ષથી આ એજન્સી ચલાવી બે ગેસના બાટલાંથી ત્રણ-ચાર કિલો ગેસ કાઢી ત્રણ ગેસના બાટલા તૈયાર કરતાં હતાં.

ઉલ્લેખનીય છે કે, ગેસ એજન્સીમાં સ્ટોક રજીસ્ટર જાળવણીની જોગવાઈઓનો ભંગની સાથે બિન અધિકૃત રીતે અન્ય કંપનીના તથા કંપનીના નામ વગરના ગેસ સિલિન્ડર્સનો ગેરકાયદેસર સ્ટોક કરવામાં આવતો હતો.

### કાળા બજારીઓ પ્રતિ સિલિન્ડરએ હજાર રૂપિયા સુધીનો નફો રળતા'તા

સમગ્ર મામલામાં રાજકોટ ગ્રામ્ય એસોજીની ટીમે રીબડા પાસે આવેલ ઈન્ડસ્ટ્રીયલ ઝોનમાં દરોડો પાડી ગેરકાયદેસર ગેસ રિફલિંગ કરી કાળાબજારીના કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો. જેમાં ખુલાસો થયો હતો કે, આરોપીઓ ૪ કિલો ગેસના બાટલાના રૂ.૧ હજારની જગ્યાએ ૧,૫૦૦, ૧૨ કિલોના રૂ.૧૫૦૦ ની જગ્યાએ ૨,૫૦૦ અને ૨૧ કિલોના રૂ.૨૫૦૦ ની જગ્યાએ ૩૫૦૦ રૂપિયા પડાવી કાળા બજારી કરતાં હોવાનું સામે આવ્યું છે.

**ગેસ એજન્સીના મેનેજર સહિત ચાર શખ્સોની ધરપકડ કરતી ગ્રામ્ય એસઓજીની ટીમ : સંચાલક અને ગોડાઉન માલિકની શોધખોળ**

# પડધરીના મેટોડામાં કપાતર પુત્રએ માતા-બહેનને માર માર્યો

## માતા સાથે બોલાચાલી - ઝપાઝપી બાદ મારામારી કરી : છોડાવવા વચ્ચે પડેલી બહેનને લાકડી વડે ફટકારી, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

પડધરીના મેટોડામાં કપાતર પુત્રએ માતા સાથે ઝપાઝપી કરી માર માર્યો હતો. જે બાદ બહેન વચ્ચે પડતા કળીયુગી ભાઈએ બહેનને પણ લાકડાના કટકા વડે ફટકારી હતી. જે મામલે પડધરી પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે પડધરીના મેટોડા ગામે રહેતી ૨૮ વર્ષીય ત્યકતા અનિતાબેન અરવિંદભાઈ સોલંકીએ નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે અહીં ગામમાં જ રહેતા કરણ અરવિંદભાઈ સોલંકીનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં એક દીકરો આર્ય (ઉંમર વર્ષ ૦૯) નો છે. આશરે એકાદ વર્ષ પહેલાં મારા છૂટાછેડા થઈ ગયેલ છે.

હાલ હું મારા માતા-પિતા સાથે રહું છું. હું મેટોડાના કારખાનામાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવવામાં મદદરૂપ થાવ છું. ત્યકતાએ જણાવ્યું હતું કે, ગત તા. ૨૨-૦૩-૨૦૨૬ ના રોજ સાંજના સાત વાગ્યે હું મારા કારખાનેથી ઘરે પરત આવેલ ત્યારે ઘરે મારા માતા લીલાબેન, બહેન પૂજા તથા મારો ભાઈ કરણ હાજર હતા.

હું ટિફિન મૂકીને ઘરમાં બેસતા જ મારો ભાઈ કરણ માતા સાથે કોઈ બાબતે બોલાચાલી કરવા લાગેલ હતો. બાદ તેઓ બંને વચ્ચે ઝપાઝપી થવા લાગતા હું તેમને છોડાવવા માટે વચ્ચે પડેલ હતી.

જે બાદ કરણ મારી સાથે પણ ઝપાઝપી કરવા લાગ્યો હતો અને મને ઢીંકાપાટુનો માર મારવા લાગેલ હતો. જેથી મારા માતા વચ્ચે આવી છુટા પાડવા લાગતા કરણે માતાને પણ ઢીકાપાટુનો માર મારેલ હરો. ત્યારબાદ કરણે ઓસરીમાં પડેલ લાકડીનો કટકો લઈ મને હાથમાં મારી દીધું હતું. જે બાદ રાડારાડી થતાં કરણ નાસી ગયેલ હતો.

જે બાદ બહેન પૂજાએ પિતાને જાણ કરતા અમને બંને માતા-પુત્રીને ૧૦૮ મારફતે પ્રથમ પડધરી અને ત્યારબાદ રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવેલ હતા. બનાવ અંગે બહેનની ફરિયાદ પરથી પડધરી પોલિસેં કપાતર ભાઈ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

# ગોંડલનો બિટ્ટુ જાડેજા બેફામ : વૃદ્ધની દુકાનોના દસ્તાવેજ કરાવી ખાલી કરી નાખવા ધમકી આપી

## ભરેલ કબ્જે વેચાણ કરાર કરી ડરાવી-ધમકાવી મિલકત પડાવવા રઘવાયો બન્યો : સતત બીજી ફરિયાદ નોંધાઈ

**અબતક, રાજકોટ**

ગોંડલનો બિટ્ટુ જાડેજા ભરેલ કબ્જે મિલ્કતોનો વેચાણ કરાર કરી મૂળ માલિકોને મોતનો ભય બતાવી મિલ્કત પડાવી લેવા રઘવાયો બન્યો હોય તેવો બીજો બનાવ સામે આવ્યો છે. અગાઉ વર્ષો જુના ભાડુઆતની જાણ બહાર મકાનનો દસ્તાવેજ મૂળ માલિકો પાસે કરાવી નળ અને વિજ કનેક્શન કાપી ખૂનની ધમકી આપનાર બિટ્ટુ જાડેજા વિરુદ્ધ બીજો ગુનો નોંધાયો છે. ૭૨ વર્ષીય વૃદ્ધની બે દુકાનોનો ફારગતી દસ્તાવેજ કરાવી દુકાન ખાલી કરી નાખજો કહી ધમકી આપનાર બિટ્ટુ જાડેજા સહીત ત્રણ શખ્સો વિરુદ્ધ ગોંડલ બી ડિવિઝન પોલિસેં ગુનો નોંધ્યો છે.

બનાવ અંગે મૂળ ગોંડલના મોવૈયા ગામે ગોવિંદનગર માસ્તર સોસાયટીના રહેવાસી અને હાલ રાજકોટ શહેરના આસ્થા સોસાયટીમાં કેશવ રેસીડેન્સી બ્લોક નં.-૮, ૧૫૦ ફૂટ રીંગ રોડ પર રહેતા ૭૨ વર્ષીય વૃદ્ધ ખેડૂત વલ્લભભાઈ ગાંડુભાઈ સીદપરાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોવૈયા ગામે રહેતા ડાયાભાઈ રાઘવભાઈ રાંક, ભાનુબેન ગિરધરભાઈ રાંક અને ગોંડલના ભર્ગરાજસિંહ ઉર્ફે બિટ્ટુ રઘુરાજસિંહ જાડેજાનું નામ આપતાં જણાવ્યું હતું કે, મારી વડીલોપાર્જિત મોવૈયા ગામે ખેતીની જમીન આવેલી હોય ત્યા ખેતી કામ કરૂ છું. ગુજરાન ચલાવુ છું. અમારા ગામના ડાયાભાઈ રાઘવભાઈ રાંક સાથે મારે પરિચય હોય અને મારે મારા દિકરાઓ માટે વર્ષ ૨૦૦૬ મા ગોંડલ ગુંદાળા ચોકડી પાસે ગેલેક્સી હોટલની બાજુમા બે દુકાનો ખરીદ કરવી હોય જેથી મારે રૂપીયાની જરૂરીયાત હોય મેં ડાયાભાઈ પાસેથી રૂ.૫ લાખ વ્યાજે લીધેલ હતા. જે રકમ પેટે બે ટકા વ્યાજ અને સીકયુરીટી પેટે તમે જે દુકાન ખરીદવાના છો તેમા હું કહુ તેનુ નામ જોઈન્ટમાં રાખવાનુ તેં શરતે મને નાણાં આપેલ હતા. મેં દુકાન ખરીદ કરેલ ત્યારે વેચાણ દસ્તાવેજમા (૧) ભાનુબેન ગીરધરભાઈ રાંક જે ડાયાભાઈના નાનાભાઈના પત્ની થાય છે અને ગીતાબેન નરેશભાઈ સીદપરા જે મારા દિકરાના પત્ની છે તેં બંનેના નામ નાખેલ હતા. બાદ અમે દુકાનમાં સબમર્શીબલ પંપ તથા મોટરનો ધંધો ચાલુ કરેલ હતો. જે બરાબર નહિ ચાલતા અમે આ ડાયાભાઈને વ્યાજના પૈસા ચુકવી શકેલ નહિ. જેથી વર્ષ ૨૦૧૪ માં ડાયાભાઈએ બળજબરીપૂર્વક અમારી પાસેથી ફારગતી દસ્તાવેજ કરાવી લીધેલ હતો. જે બાબતે મારા દિકરા શૈલેષે ડાયાભાઈ વિરુધ્ધ ગોંડલ ખાતે પોલીસ ફરીયાદ કરેલ હતી જેનો કેસ હાલ ગોંડલ કોર્ટમા ચાલુ છે અને બંન્ને દુકાનોના કબજો અમારી પાસે જ છે.

વૃદ્ધએ જણાવ્યું હતું કે, સામાવાળાએ અમારી પાસેથી ફારગતી દસ્તાવેજ કરાવી લીધેલ જે બાબતે કોર્ટમા રેગ્યુલર સીવીલ સ્યુટ નંબર ૯૭/૨૦૨૦ થી દુકાનોનો દસ્તાવેજ રદ કરવા અંગેની સીવીલ મેટર દાખલ કરાવેલ છે. તેમ છતા તા.૧૬/૧૦/૨૪ ના રોજ ડાયાભાઈ રાંકે બંન્ને દુકાનોનો દસ્તાવેજ બીટ્ટુ જાડેજા ઉર્ફે ભર્ગરાજસિંહને ભરેલ કબ્જે કરી દીધેલ હતો. બાદ ભર્ગરાજસિંહ રઘુરાજસીંહ જાડેજા અવાર નવાર અમારી દુકાને આવી ગાળો આપી મને તેમજ મારા દિકરા નિરેશભાઈ, તેના સાળા પ્રવિણભાઈ જે બંન્ને દુકાને બેસી વેપાર કરે છે તેમને પણ મારી નાખવાનો ભય બતાવી દુકાન ખાલી કરી નાખજો, હવે મે દુકાનો ખરીદ કરી લીધેલ છે તેમ ધમકીઓ આપતા હતા. જેથી મેં બીટ્ટુ જાડેજાને તેમના મો.નં.૯૦૯૯૭ ૦૦૦૦૯ ઉપર ફોન કરતા તેમણે જણાવેલ કે, હા મે તમારી બંન્ને દુકાનો ભરેલ કબ્જે ડાયાભાઈ પાસેથી ખરીદ કરેલ છે અને કેમ ખાલી કરાવવી એ મારે જોવાનુ છે તેમ વાત કરેલ હતી. બિટ્ટુ જાડેજા માથાભારે વ્યક્તિ હોય તેના વિરુદ્ધ અમે અગાઉ ફરીયાદ કરેલી ન હોય પણ હાલ તેના વિરુદ્ધ ગુનો નોંધાતા તેં ફરાર થઈ ગયો હોય જેથી હિંમત આવતા અમે પણ ફરીયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે, ત્રણ દિવા પૂર્વે જ ગોંડલમાં સ્ટેશન પ્લોટ નગરપાલિકા પાસે રહેતાં રાજેન્દ્રકુમાર જયાનંદભાઈ જોષી (ઉ.વ.૬૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે આયુષી રવીદર્શન વ્યાસ અને બીટ્ટુ જાડેજા ઉર્ફે ભાર્ગવરાજસિંહ રઘુરાજસિંહ જાડેજા (રહે. બંને ગોંડલ) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ જે મકાનમાં ૧૯ વર્ષથી ભાડુઆત તરીકે રહે છે તં મકાનના વારસદારો પાસે આયુષીબેન વ્યાસના નામે વેચાણ દસ્તાવેજ કરાવી તારે આ મકાન ખાલી કરી નાખવાનુ છે, નહિતર મારી નાખીશ તેમ ભય બતાવેલ હતો. બાડ દિવાળીના તહેવાર દરમ્યાન મકાનનુ વિજળીનું તેમજ નળનુ કનેકશન કપાવી નાંખી મકાનની ગટર, નળના પાઈપો તોડી નાખી નુકશાન કરેલ હતું. જે બનાવ અંગેની ફરીયાદ ગોંડલ બી. ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ હતી.

# વિંછીયાના દડલી અને સમઢીયાળા ગામે જુગારના દરોડા

## રૂ.રોકડ અને મોબાઈલ મળી રૂ.૨૭ હજારના મુદ્દામાલ સાથે છ પતપ્રેમી ઝડપાયા

**અબતક રાજકોટ**

રાજકોટ જિલ્લાના વિછીયા તાલુકાના દડલી ગામે અને સમઢીયાળા ગામે વિછીયા પોલીસે જુગારના દરોડા પાડી , જુગાર રમતા છ પતા પ્રેમીને ઝડપી લઈ, જુગાર ના પટમાંથી રોકડ અને ત્રણ મોબાઈલ મળી રૂ.૨૭ હજારની મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ , વિછીયા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, દડલી ગામે કાળીદાસ ભાઈ રવિદાસ ભાઈ દેસાણીની વાડી પાસે જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે. બાતમીના પગલે દડલી ગામે દરોડો પાડી, જુગાર રમતો કાળીદાસ રવિદાસ ભાઈ દેસાણી ,સુરેશ સગરામભાઈ અડકીયા અને મગન વશરામભાઈ હાંડા નામના શખ્સોને ઝડપી લઈ જુગારના પટમાંથી રૂ.૨.૨૭૦ની રોકડ કબ્જે કરી છે.જયારે જુગારનો બીજો દરોડો સમઢિયાળા ગામે આવેલી વિપુલભાઈ માનસંગભાઈ ધોરિયાની વાડી પાસે પાડી ,જાહેરમાં જુગાર રમતા વિપુલ માનસંગભાઈ ધોરીયા, ધીરુ ધનજીભાઈ જમોડ અને વજુ આંબાભાઈ ટિમ્બરનામના પાતાપ્રેમીઓને ઝડપી લઈ,જુગારના પટમાંથી રૂ.૧૪.૪૭૦ની રોકડ અને ત્રણ મોબાઈલ મળી રૂ.૨૫ હજારનો મુદ્દા માલ કબ્જે કર્યો છે.

# આણંદપર (બાઘી) ગામે વાડીમાં ખાડો કરી છુપાવેલો રૂ. ૨૧.૭૦ લાખનો દારૂ ઝડપાયો

## રાજકોટના મોન્ટુ નામના શખ્સેં પખવાડિયા પૂર્વે જ વાડી ભાગીયે વાવવા રાખી'તી : બાદમાં અહીં દારૂ ઉતારી વેંપલો શરૂ કરે ત્યાં જ કુવાડવા રોડ પોલીસની ટીમ ત્રાટકી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ આણંદપર (બાધી) ગામની સીમમાં વાડીમાં ખાડો ખોદી છુપાવવા આવેલો રૂ.૨૧.૭૦ લાખનો દારૂ કુવાડવા રોડ પોલીસે પકડી પાડ્યો હતો. જો કે, બુટલેગર મોન્ટુ નાસી છૂટવામાં સફળ થતા તેની શોધખોળ હાથ ધરાઈ છે. ૧૫ દિવસ પહેલા જ રાજકોટના મોન્ટુએ વાડી વાવવા રાખી અને તરત જ દારૂનો મોટો જથ્થો ઉતારી લીધો હતો.

દરોડાની વિગત મુજબ, ડીસીપી હેતલ પટેલ અને એસીપી





વી.બી.જાડેજા દ્વારા દારૂ અને જુગારની બદી પર ઘોંસ બોલાવવાની આપેલ સૂચનાથી કુવાડવા રોડ પોલીસ મથકના પીઆઈ બી.પી.રજયાની રાહબરીમાં એએસઆઈ ખોડુભા જાડેજા, કોન્સ્ટેબલ ભાવેશભાઈ મકવાણા અને કુશલભાઈ જોષી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે આણંદપર (બાધી) ગામના તળાવ પાસે આવેલ બીપીનચંદ્ર મેઘજીભાઈ રાઠોડની વાડી વાવવા રાખેલ મોન્ટુભાઈ નામના શખ્સે તે વાડીમાં મોટો દારૂનો જથ્થો છુપાવેલ છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડી વાડીમાં આવેલ મોટા ખાડામાં તાલ પત્રી ઢાંકી છુપાવેલ દારૂનો મોટો જથ્થો પકડી પાડ્યો હતો.

### ૪૩૨૦ શરાબની બોટલ કબ્જે : ફરાર બુટલેગરની શોધખોળ

પોલીસની ટીમે કુલ વિદેશી દારૂની ૪૩૨૦ બોટલ રૂ.૨૧.૭૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જ્યારે દારૂનો જથ્થો ઉતારનાર મોન્ટુ દરોડા સમયે પોલીસ પકડમાં ન આવતાં તેની શોધખોળ હાથ ધરાઈ છે. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, મોન્ટુ રાજકોટનો રહેવાસી છે અને તેને ૧૫ દિવસ પહેલાં જ વાડી વાવવા માટે રાખેલ હતી. હાલ મોન્ટુ પકડાયા બાદ જ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યો અને ક્યાં સપ્લાય કરવાનો હતો તેમજ દારૂના ધંધામાં અન્ય કોણ ભાગીદાર છે તે ખુલી શકશે.

# રાજકોટમાં સંતકબીર રોડ પરથી મકાનમાંથી રૂ. ૨૯ લાખનો મોંઘો શરાબ ઝડપાયો

## ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી સ્કોચ, વોડકા સહિત શરાબની ૯૩૬ બોટલ સાથે ખેપિયા રાહુલ પરમારને દબોચ્યો : મુખ્ય સૂત્રધાર બુટલેગર બેલડી યશ ઠાકર અને કરણ પટેલ ફરાર, મકાન માલિકની પણ પૂછપરછ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાંથી ફરીવાર મોંઘા શરાબનો જથ્થો ઝડપાયો છે. શોખીન બંધાણીઓને સપ્લાય કરવા લાવવામાં આવેલી સ્કોચ અને વોડકાની બોટલોનો જથ્થો ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડ્યો છે. સંત કબીર રોડ પર આવેલ મકાનમાં ક્રાઈમ બ્રાન્ચ ત્રાટકી હતી અને વિદેશી દારૂની ૯૩૬ બોટલ સાથે ખેપીયાની ધરપકડ કરી મુખ્ય સૂત્રધાર બે લિસ્ટેડ બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશ્નર બજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા અને એસીપી ક્રાઈમ બી.બી.બસીયા દ્વારા દારૂ, જુગાર અને આર્મ્સ એકટ મુજબની ગેર કાયદેસર પ્રવૃતી આચરતા શખ્સોને પકડવાની આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ ડી.પી.ઝાલા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં. ત્યારે કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા, ધર્મરાજસિંહ રાણા અને દિપકભાઈ ડાંગરને સંત કબીર રોડ, શકિત કો.ઓ.હા. સોસાયટી, શેરી નં. ૪ માં આવેલ એક મકાનમાં દારૂનો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.

જે બાતમીના આધારે ક્રાઈમ



બ્રાન્ચની ટીમે શકિત કો.ઓ.હા. સોસાયટી, શેરી નં. ૪ માં આવેલ મકાનમાં દરોડો પાડી સ્કોચ, વોડકા સહિતની મોંઘી વિદેશી દારૂની ૯૩૬ બોટલ રૂ.૨૯.૦૫ લાખનો મુદામાલ પકડી મકાન માલીક રાહુલ જગદીશ પરમાર (ઉવ.૨૮, રહે. ભવાનીનગર, શેરી નં.૨/૩ નો ખુણો, રામનાથપરા પોલીસ લાઈન પાસે, રાજકોટ) ની ધરપકડ કાર્યવાહી કરી હતી.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો યશ ઉર્ફે કાનો કલ્પેશ ઠાકર (રહે.સીલ્વર બેકરીની બાજુમાં, કોઠારીયા રોડ, રાજકોટ) અને કરણ પટેલ (રહે. પટેલ નગર, સોરઠીયાવાડી સર્કલ, ૫૦ ફુટ રોડ, રાજકોટ) એ મંગાવી મકાનમાં ઉતર્યો હતો. ઝડપાયેલ શખ્સ રાહુલ મુખ્ય સૂત્રધાર યશ ઠાકર કહે ત્યાં સપ્લાય કરવા જવાનું કામ કરતો હતો. તેમજ જે મકાનમાંથી દારૂનો જથ્થો પકડાયો છે તે અક્ષય પટેલ નામના શખ્સનું હોવાનું ખુલ્યું છે, હાલ પોલીસે તેની પૂછતાછ પણ આદરી છે કે, મકાન તેને ભાડે આપેલ હતું કે, પોતે પણ દારૂના ધંધામાં ભાગીદાર છે.

હાલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે મુખ્ય સૂત્રધાર બંને શખ્સોની શોધખોળ હાથ ધરી છે. જે બંને શખ્સો લિસ્ટેડ બુટલેગર હોવાનું પણ સામે આવ્યું છે.

# ભચાઉ: રૂા.૭.૧૪ લાખના શરાબ સાથે વિપુલસિંહ જાડેજા ઝડપાયો

## સ્થાનિક પોલીસે દરોડો પાડી ૪૭૬ બોટલ દારૂ અને કાર મળી રૂા.૧૦.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ભચાઉના ભવાનીપુર કેનાલ પાસેથી કારમાંથી રૂા.૭,૧૪,૦૦૦નો વિદેશી દારૂનો જથ્થો પોલીસે જપ્ત કર્યો હતો. કારમાથી એક શખ્સ સાથે કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને ઝડપી લેવાયો હતો. ભચાઉના ભવાનીપુર કેનાલ બાજુ રહેલી પોલીસને ગુણાતીતપુર બાજુથી આવતી કારમાં દારૂ હોવાની પૂર્વ બાતમી મળી હતી. દરમ્યાન પોલીસે કેનાલ પાસે વોચ ગોઠવી હતી, તેવામાં ગાડી આવતાં તેને રોકાવાઈ હતી. ગાડીની ડેકી તથા પાછળની સીટમાંથી દારૂ મળી આવતાં ધમડકાના વિપુલસિંહ ગોવુભા




જાડેજા તથા ધમડકાના એક કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરને ઝડપી લેવાયો હતો. આ કાર નંબર જી.જે.-૧૨-સી.ડી.- ૩૯૦૦માંથી ઓલ્ડ મોન્ક ત્રિપલ એક્સ રમ ફોર સેલ ઈન દિલ્હી ઓન્લીના માર્કાવાળી ૭૫૦ મિ.લિ.ની ૪૭૬ બોટલ કિંમત રૂા. ૭,૧૪,૦૦૦નો દારૂ, સ્વીફ્ટ ડીઝાયર કાર અને મોબાઈલ સહિત કુલ ૧૦,૨૪,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ રાપરના યશપાલસિંહ બળવંતસિંહ જાડેજા અને અંજાર તાલુકાના વરસામેડીના રાજદીપસિંહ ભરતસિંહ ઝાલાને પકડવાના બાકી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# લાલપુરના ઈશ્વરીયા ગામે જુગાર રમતી ત્રણ મહિલા પકડાઈ

**અબતક, જામનગર**

લાલપુર તાલુકાના ઈશ્વરીયા ગામમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલી ત્રણ મહિલાઓને ઝડપી લીધી છે.

લાલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે ગઈકાલે ઈશ્વરીયા ગામના રાવલવાસ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમાતો હોવાની માહિતીના આધારે દરોડો પાડયો હતો, જે દરોડા દરમિયાન ત્રણ મહિલાઓ ગંજીપાના વડે જુગાર રમી રહેલી નજરે પડી હતી.

આથી પોલીસે બનાવના સ્થળેથી ત્રણ મહિલાઓ વનીતાબેન ધીરૂભાઈ ગોહીલ, જશોદાબેન કમલેશભાઈ પરમાર અને હંસાબેન પ્રવિણભાઈ પરમારની અટકાયત કરી લઈ, તેઓ પાશેઠ રૂપિયા ૬,૫૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગર: મકાનમાંથી દારૂના જથ્થા સાથે બુટલેગર ઝડપાયો

**અબતક, જામનગર**

જામનગરમાં માતૃ આશિષ સોસાયટીમાં ગઈકાલે પોલીસે પૂર્વ બાતમી ના આધારે દરોડો પાડ્યો હતો, અને રહેણાક મકાનમાંથી ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો કબજે કરીને દારુ સંતાડનાર આરોપીની અટકાયત કરી લીધી છે.

જામનગરમાં નવાગામ ઘેડ નજીક માતૃ આશીષ સોસાયટીમાં રહેતા અર્જુનસિંહ મહીપતસિંહ ગોહીલ નામના આરોપીના રહેણાંક મકાનમાં પોલીસ દ્વારા રેઈડ કરવામાં આવી હતી. તેમના રહેણાંક મકાનના પ્રથમ માળના રૂમમાંથી પરમીટ વગર ભારતીય બનાવટનો વિદેશી દારૂ વેચાણ માટે રાખેલો મળી આવ્યો હતો. પોલીસે ત્યાંથી કુલ પાંચ બોટલ ઈંગ્લિશ દારૂ તથા અન્ય માલ મળી કુલ અંદાજે રૂ. ૫,૧૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# લાઠીના જરખીયા ગામે બે મકાનમાંથી રૂ.૧.૬૬ લાખની ચોરી

## ધાણાના વેંચાણના રોકડ રકમની તસ્કરીથી ખેડુતોમાં ફફડાટ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

લાઠીના ગ્રામ્ય વિસ્તારોમાં વારંવાર થતી ચોરીઓની ઘટનાથી લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે, જરખીયા ગામે ગત મોડી રાત્રીના અજાણ્યા ચોરે બે ઘરમાં તિજોરી તોડી રોકડ રકમ સહિત કુલ રૂ. ૧.૬૬ લાખ ની મત્તા ચોરી કરી જતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

લાઠીના જરખીયા ગામના ખેડૂત ગોરધનભાઈ ખોડાભાઈ આસોદરીયા (ઉ.વ.૬૦)ના ઘરે તા.૨૦માર્ચે મોડી કોઈ અજાણ્યો ચોર પ્રવેશ્યો હતો. ચોર ઘરમાં રાખેલી તિજોરી ખોલી તેમાંથી રોકડા રૂ.૧.૪૧ લાખ અને એક ધાતુની મૂર્તિ ઉપાડી ગયા હતા, અને બાજુમાં રહેતા સામંતભાઈ ભભલુભાઈ ભૂવાના ઘરેથી પણ રોકડા રૂ.૨૦ હજાર ચોરી કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે. ખેડૂત ગોરધનભાઈએ જણાવ્યું હતુ કે તેઓએ બે દિવસ પહેલા ખેતીપાકના ધાણાનું વેચાણ કર્યું હતું, તે રૂપિયા તિજોરીમાં રાખ્યા હતા.

આ અગાઉ પણ અંટાળીયા અને આસપાસના ગામોના મંદિરોને ટાર્ગેટ કરી લાખો રૂપિયાની ચોરીઓ થઈ હતી, દામનગરમાં પણ પાંચ મહિના પહેલા લૂંટ વિથ મર્ડરનો કેસ થયો હતો. જો કે, આ ગુન્હાઓ ડિટેક કરવામાં પોલીસને સફળતા મળી છે. પરંતુ આ વિસ્તારમાં વારંવાર બનતી આવી ઘટનાઓથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. હાલ ગોરધનભાઈ આસોદરીયાની ફરિયાદના આધારે પોલીસે આ અજાણ્યા ચોરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ફલ્લા નજીક અકસ્માતમાં દંપતી ગંભીર

# જામનગર: રોંગ સાઈડમાં આવતા ટ્રેક્ટરે ડબલ સ્વારી બાઈકને ઠોકરે લીધું

**અબતક, જામનગર**

જામનગર- રાજકોટ ધોરીમાર્ગ પર ફલ્લા ગામના પાટીયા પાસે એક અકસ્માત સર્જાયો હતો. ડબલ સવારી બાઈકમાં જઈ રહેલા એક દંપત્તિને ટ્રેક્ટર ના ચાલકે હડફેટમાં લઈ લેતાં દંપતિ ગંભીર સ્વરૂપે ઘાયલ થયું છે, અને હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

જામનગર તાલુકાના મોટી લાખાણી ગામના વતની નાનભા લાલુભા જાડેજા (ઉં.વ. ૬૪) પોતાની પત્ની ધીરજબા સાથે પોતાના જી.જે. ૧૦ સી.કયુ. નંબરના મોટરસાયકલ પર બેસીને પોતાના ગામ તરફ જઈ રહ્યા હતા.તે દરમિયાન રસ્તા પર તેમની જમણી બાજુ એક ટ્રક જઈ રહ્યો હતો, અને સામે તરફથી જી.જે. ૧૦ ડી.આર. ૨૮૧૦ નંબરના ટ્રેક્ટર ચાલકે રોંગ સાઈડમાં બેફીકરાઈથી ચલાવી ફરીયાદીના મોટરસાયકલને સાઈડમાંથી જોરથી ટક્કર મારી હતી.જેના કારણે ફરીયાદી અને તેમની પત્ની બંને રોડ પર પડી ગયા હતા.આ અકસ્માતમાં ફરીયાદીને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હતું, અને તેમની પત્ની ધીરજબાને માથામાં ગંભીર ઈજા થઈ હતા. તેઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

આ અકસ્માતના બનાવ બાદ ટ્રેક્ટર-ટ્રોલીનો ચાલક સ્થળ પરથી ભાગી ગયો હતો. ધ્રોલ પોલીસે ટ્રેક્ટર ચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# જસદણ પાલિકાના સેનીટેશન ચેરમેન દ્વારા યોજાયું ઈદ મિલન



**અબતક, હિતેશ ગોસાઈ જસદણ**

જસદણ નગરપાલિકાના સેનીટેશન વિભાગના ચેરમેન રફીકભાઈ ગોગદાના ઘેર જસદણ નગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ, કર્મચારીઓ, ભાજપના ચૂંટાયેલા સભ્યો તથા ભાજપના દરેક મંડળના હોદ્દેદારો અને કાર્યકરોનું રમઝાન ઈદ નિમિતે એક સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાયો હતો ત્યારબાદ ભાજપના તમામ જાગૃત કોર્પોરેટર અસમાબેન પરમારના ઘેર ગયાં હતાં આ તકે રફીકભાઈએ તમામનો આભાર માન્યો હતો.

# જામનગર: શિવ ટાઉનશિપમાં કોન્ટ્રાકટરનો રહસ્યમય સંજોગોમાં આપઘાત

## રૂમ બંધ કરી ગળેફાંસો ખાઈ લીધો: મોબાઈલ ફોનના આધારે તપાસનો ધમધમાટ

**અબતક, જામનગર**

જામનગરમાં બેડીબંદર રીંગ રોડ પર શિવ ટાઉનશીપમાં રહેતા અને મકાન બાંધકામના કોન્ટ્રાક્ટર તરીકે કામ કરતા અવિકુમાર મનસુખભાઈ શિંગડીયા નામના ૨૧ વર્ષના કોન્ટ્રાક્ટર યુવાને ગઈકાલે રાત્રિના પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર પંખાના હુકમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. આ બનાવની જાણ થવાથી તેના મોટાભાઈ જસ્મીનભાઈ મનસુખભાઈએ તેને નીચે ઉતાર્યો હતો, અને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો, પરંતુ ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ ડી. એન. ત્રિવેદી બનાવના સ્થળે અને જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ પૂછપરછ માં તેણે ક્યા સંજોગોમાં આપઘાત નું પગલું ભરી લીધું, તે જાણવા મળ્યું નહોતું, જેથી તેનો મોબાઈલ ફોન કબજે કર્યો હતો. જોકે તે સ્વીચ ઓફ હોવાથી તેને ખોલવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. મોબાઈલ ફોન ખુલ્યા બાદ વોટ્સએપ ચેટ અને ફોનકોલ્સ ની ડિટેઈલ વગેરેના માધ્યમથી આત્મહત્યાનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ ટીમ તપાસ કરી રહી છે.

# કેશોદ: ડિપ્લોમાની વિદ્યાર્થિનીનો ફાંસો ખાઈ આપઘાત

## પરિક્ષાની ચિંતામાં કઠોર પગલું ભર્યાની આશંકા

**અબતક, જય વિરાણી, કેશોદ**

કેશોદ શહેરના રાધેશ્યામ-૨ નગર વિસ્તારમાં એક દુઃખદ ઘટના સામે આવી છે, જેમાં સગીર વિદ્યાર્થિનીએ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હોવાની માહિતી મળી રહી છે. મૃતક તન્વી લાખા જોરા જુનાગઢ સ્થિત ઓમ એજ્યુકેશન કોલેજમાં ડિપ્લોમા અભ્યાસ કરતી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, તન્વી નજીકમાં આવનારી પરીક્ષાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી માનસિક તણાવમાં હતી. ઘટનાના દિવસે તેણે પોતાના મકાનના ઉપરના રૂમમાં પંખા સાથે કપડાનું દોરડું બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. પરિવારજનોને જાણ થતા



તેઓ તાત્કાલિક દોડી આવ્યા, પરંતુ ત્યાં સુધીમાં તન્વીનું મોત નિપજ્યું હતું. આ બનાવને પગલે પરિવારજનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે તેમજ સમગ્ર વિસ્તારમાં દુઃખનો માહોલ છવાઈ ગયો છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ દ્વારા પ્રાથમિક તપાસમાં પરીક્ષાના ટેન્શનને કારણે આ પગલું ભરાયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે હકીકત જાણવા વધુ તપાસ ચાલુ છે. પોલીસે વિદ્યાર્થીઓને અપીલ કરી છે કે કોઈપણ પ્રકારના માનસિક તણાવ કે દબાણને કારણે આત્મહત્યા જેવા કઠોર પગલા ન ભરે. જીવન અમૂલ્ય છે અને સમસ્યાઓનો ઉકેલ ચર્ચા, માર્ગદર્શન અને સહાયથી મળી શકે છે. જરૂર પડે તો પરિવારજનો, મિત્રો અથવા કાઉન્સેલિંગની મદદ લેવી જોઈએ.

(પહેલા પાનાનું ચાલું)

## શેરબજારમાં કડાકો...

અને તે ૧૧૪ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયા છે. આ સાથે જ અમેરિકા અને એશિયન બજારોમાં જોવા મળેલા ભારે ઘટાડાની સીધી અસર ભારતીય શેરબજાર પર પડી છે.

વૈશ્વિક બજારોની સ્થિતિ પર નજર કરીએ તો એશિયન બજારોમાં પણ નિરાશાજનક માહોલ જોવા મળી રહ્યો છે. જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૩.૩૫ ટકા ઘટીને ૫૧,૫૮૨, હોંગકોંગનો હેંગસેંગ ૩.૩૭ ટકા ઘટીને ૨૪,૪૨૪ અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ૨.૨૯ ટકા ઘટીને ૩,૮૬૬ પર ટ્રેડ કરી રહ્યો છે. જોકે, સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેકસ ૫.૬૨ ટકા વધીને ૫,૪૫૬ પર ટ્રેડ કરી રહ્યો છે. બીજી તરફ, ૨૦ માર્ચે અમેરિકી બજારમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જેમાં ડાઉ જોન્સ ૪૪૩ પોઈન્ટ (૦.૯૬ ટકા), નાસ્ડેક કમ્પોઝિટ ૨.૦૧ ટકા અને એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ ૧૦૦ પોઈન્ટ (૧.૫૧ ટકા) ઘટીને ૬,૫૦૬ ના સ્તરે બંધ થયા હતા.

અમેરિકા અને ઈઝરાયલની ઈરાન સાથેની તંગદિલી વચ્ચે ક્રૂડ ઓઈલની કિંમતોમાં ભારે તેજી જોવા મળી રહી છે. બ્રેન્ટ ક્રૂડ એક ટકાથી વધુ ઉછળીને ૧૦૮ ડોલર પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગયું છે, જ્યારે ઈન્ડિયન બાસ્કેટની કિંમતો ૧૫૬ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગઈ છે. વિદેશી અને ઘરેલું રોકાણકારોના આંકડા જોઈએ તો, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૨૦ માર્ચે ૫,૫૧૮ કરોડ રૂપિયાની નેટ વેચવાલી કરી હતી. જ્યારે તેની સામે ઘરેલું સંસ્થાકીય રોકાણકારોએ ૫,૭૦૬ કરોડ રૂપિયાની ખરીદી કરી હતી. માર્ચ મહિનાના અત્યાર સુધીના આંકડા મુજબ એફઆઈઆઈ એ ૮૬,૭૮૦ કરોડ રૂપિયા પાછા ખેંચ્યા છે, જ્યારે ડીઆઈઆઈ એ ૧૦૧,૧૬૮ કરોડ રૂપિયાની ખરીદી કરી બજારને ટેકો આપ્યો છે. નોંધનીય છે કે આ કડાકા પહેલાં શુક્રવારે એટલે કે ૨૦ માર્ચે શેરબજારમાં તેજી જોવા મળી હતી, જેમાં સેન્સેક્સ ૩૨૫ પોઈન્ટ અને નિફ્ટી ૧૧૨ પોઈન્ટ વધીને બંધ થયા હતા.

## ઈંધણ ભડકે બળ્યું...

સરકારે સ્પષ્ટતા કરી છે કે હાઈ-ઓકટેન ઈંધણના ભાવવધારાની અસર જાહેર પરિવહન અને હવાઈ મુસાફરીના ભાડા પર નહીં પડે. આ અગાઉ ૬ માર્ચે પણ પાકિસ્તાન સરકારે સામાન્ય પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૫૫ રૂપિયા પ્રતિ લિટરનો વધારો કર્યો હતો, જેના કારણે ત્યાં પેટ્રોલ ૩૨૧.૧૭ રૂપિયા અને ડીઝલ ૩૩૫.૮૬ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. બીજી તરફ શ્રીલંકા સરકારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ૨૫ ટકા સુધીનો અધધ વધારો કર્યો છે. ૨૨ માર્ચે થયેલા આ વધારા બાદ શ્રીલંકામાં રેગ્યુલર પેટ્રોલની કિંમત ૮૧ શ્રીલંકન રૂપિયા વધીને ૩૯૮ રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે, જ્યારે ડીઝલ ૭૯ રૂપિયા મોંઘુ થઈને ૩૮૨ રૂપિયા પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. છેલ્લા બે અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારવામાં આવ્યા છે. આ અગાઉ ગયા અઠવાડિયે કિંમતોમાં ૮ ટકાનો વધારો કરાયો હતો. પરિસ્થિતિ વધુ વણસતી જોઈને રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેએ દેશમાં ઈંધણ બચાવવા માટે અઠવાડિયામાં માત્ર ૪ દિવસ કામ કરવાનો આદેશ લાગુ કરી દીધો છે અને કંપનીઓને વર્ક-ફ્રોમ-હોમ મોડ પર પાછા ફરવા જણાવ્યું છે. સીલોન પેટ્રોલિયમ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, આ પગલાંનો મુખ્ય હેતુ દેશમાં ઈંધણના વપરાશને ૧૫ થી ૨૦ ટકા સુધી ઘટાડવાનો છે. કંપનીઓને કહેવામાં આવ્યું છે કે શક્ય હોય ત્યાં કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપવામાં આવે જેથી રસ્તાઓ પર વાહનો ઓછા નીકળે અને તેલની બચત થઈ શકે.

## અમેરિકા અને ઈરાન...

અને ઈંગ્લેન્ડના સંયુક્ત લશ્કરી મથક ઉપર મિસાઈલ્સ વહેતાં મુકી દુનિયાને આંચકો આપી દીધો છે. હવે તો નિરીક્ષકો કહે છે કે આ યુધ્ધ આરપારનું બની રહ્યું છે.

## પિનાકા રેજિમેન્ટ...

હતા. આશરે ૨,૫૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ભારત અર્થ મૂવર્સ લિમિટેડ , ટાટા પાવર કંપની અને લાર્સન એન્ડ ટુબ્રો સાથે આ મહત્વપૂર્ણ કરાર કરવામાં આવ્યા હતા. આ પગલું દેશને સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થયું છે.

પિનાકા સિસ્ટમ ભારતનું પોતાનું સંપૂર્ણ સ્વદેશી મલ્ટિ-બેરલ રોકેટ લોન્ચર છે, જે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ સિસ્ટમ દુશ્મનોના ઠેકાણાઓને સેકન્ડોમાં નષ્ટ કરવાની ક્ષમતા ધરાવે છે. ભારતીય વાતાવરણ અને ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવેલી આ સિસ્ટમથી ભારતીય સેનાની આર્ટિલરી ફાયરપાવરમાં અનેકગણો વધારો થયો છે.

પિનાકા રોકેટ લોન્ચરની ક્ષમતાની વાત કરીએ તો, તેના શરૂઆતના વર્ઝનની મારક ક્ષમતા ૪૦ કિલોમીટર સુધીની હતી. પરંતુ હવે તેના નવા અને અપગ્રેડેડ વેરિઅન્ટ્સમાં મોટા સુધારા કરવામાં આવ્યા છે. ગાઈડેડ પિનાકા અને લોંગ-રેન્જ ગાઈડેડ રોકેટ જેવા નવા વર્ઝનની મારક ક્ષમતા ૧૨૦ કિલોમીટર સુધી વિસ્તૃત કરવામાં આવી છે. આ લાંબા અંતરની સિસ્ટમ દુશ્મનોના પ્રદેશમાં ઊંડે સુધી હુમલો કરવા (ડીપ-સ્ટ્રાઈક ઓપરેશન્સ) માટે અત્યંત ઘાતક હથિયાર બની ગઈ છે.

## નરેન્દ્ર મોદી...

સંકલ્પ અને દ્રઢ નિશ્ચયને દર્શાવે છે. ત્રણ વખત ગુજરાતના મુખ્યમંત્રી અને ત્રણ વખત ભારતના વડાપ્રધાન તરીકે જનતાએ અપ્રતિમ લાગણી વરસાવી છે. પ્રધાનસેવક મોદી પ્રત્યે લોકોના વિશ્વાસ, સ્નેહ અને સમર્થનમાં દિવસે-દિવસે વધારો થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઓક્ટોબર ૨૦૦૧થી મે ૨૦૧૪ દરમિયાન નરેન્દ્ર મોદી ત્રણ વખત ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા.

## ગુજરાતના કન્ટેનરો અટવાયા...

દેશો સાથે સંકળાયેલો છે. ઈદના સમયે યુદ્ધની સ્થિતિ વણસી છે. જેના કારણે સમયસર માલ ન પહોંચે, ઓર્ડર રદ થાય, કન્ટેનરો અટકાઈ જવાથી ગુજરાતના ગારમેન્ટ-કપડા ઉદ્યોગને રૂ. ૧૫૦૦ કરોડનો આર્થિક ફટકો પડ્યો છે. આ જોતા ગુજરાતના ગારમેન્ટ ઉદ્યોગની સ્થિતિ ડામાડોળ થઈ છે. આ તરફ, દર વર્ષે ગુજરાતમાંથી હજારો કિલો કેસર કેરી અને અન્ય વિવિધ કેરી ખાડીના દેશોમાં પહોંચે છે. ગલ્ફના દેશો સાથે માત્ર કેરીનો જ રૂ. ૫૦૦ કરોડનો વેપાર થાય છે. જો યુદ્ધ લંબાશે તો કેસર કેરીના એક્સપોર્ટ પર મોટી અસર થઈ શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના ખેડૂતોને ખાડી યુદ્ધ નુકસાન કરશે.

એવી માંગ ઉઠી છે કે, યુદ્ધની પરિસ્થિતિમાં એક્સપોર્ટરો બરબાદ થઈ જાય તેવી પરિસ્થિતિમાં કેન્દ્ર સરકાર રાહત પેકેજ જાહેર કરે. જોકે, ઉદ્યોગોની સ્થિતિ વધુ વિકટ બની છે ત્યારે કેન્દ્ર સરકારના પેટનું પાણી હલતું નથી.

## લોકસભામાં બિલ રજૂ...

વાર્ષિક સામાન્ય સભા અંગે કંપનીઓને મોટી રાહત આપવામાં આવી છે. હવે દર વર્ષે ફિઝિકલ એજીએમ યોજવી ફરજિયાત રહેશે નહીં. કંપનીઓ ત્રણ વર્ષમાં એકવાર ફિઝિકલ એજીએમ યોજી શકશે અને બાકીની મીટિંગ્સ વીડિયો કોન્ફરન્સ દ્વારા કરી શકાશે, જેનાથી સમય અને ખર્ચ બચશે. વધુમાં, એમસીએ અન્ય રેગ્યુલેટર્સની જેમ સેટલમેન્ટ દ્વારા કેસ પતાવવાનો વિકલ્પ પણ આપ્યો છે, જે કંપનીઓને લાંબી કાનૂની પ્રક્રિયાઓમાંથી રાહત અપાવશે.

આ બિલ કોર્પોરેટ સેક્ટર માટે ખરા અર્થમાં ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. જો આ બિલ પસાર થશે તો કંપનીઓને કામકાજમાં વધુ લવચીકતા મળશે, ડિજિટલ પ્રક્રિયાઓને વેગ મળશે અને રેગ્યુલેટરી સિસ્ટમ વધુ મજબૂત બનશે. નોંધનીય છે કે આજે લોકસભામાં કોર્પોરેટ લો એમેન્ડમેન્ટ બિલની સાથે ફાયનાન્સ બિલ પણ રજૂ થઈ શકે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## ગરમીનું જોર...

પશ્ચિમ રાજસ્થાનમાં સક્રિય થયેલું સાયકલોનિક સર્ક્યુલેશન મુખ્ય પરિબળ માનવામાં આવે છે. જોકે, કાળઝાળ ગરમી વચ્ચે એક રાહતજનક સમાચાર પણ સામે આવ્યા છે.એક નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું હોવાથી, સાત દિવસ બાદ રાજ્યના વાતાવરણમાં ફરી એકવાર પલટો આવવાની શક્યતા છે. આ નવી સિસ્ટમ ગરમીના પારાને નીચે લાવવામાં મદદરૂપ થશે, જેનાથી નાગરિકોને થોડી રાહત મળી શકે છે. હાલના તબક્કે, વધતા જતા તાપમાન અને આકરા તડકાથી બચવા માટે જરૂરી સાવચેતી રાખવી અનિવાર્ય બની ગઈ છે.

## ગુજરાતને ધમરોળશે...

મુખ્યમંત્રી ભગવંત માન કાલથી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આગામી ૨૪ માર્ચે સાંજે બંને નેતા રાજકોટ પહોંચશે અને ત્યાં પ્રદેશ નેતૃત્વ સાથે બેઠક યોજશે.'આપના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ૨૫મી તારીખે અમરેલી ખાતે કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ ૨૬મી તારીખે જામનગરના લાલપુરમાં અરવિંદ કેજરીવાલ અને ભગવંત માનની ઉપસ્થિતિમાં ''વિજય વિશ્વાસ સંમેલન'' યોજાશે, જે ખેડૂતોના પ્રશ્નોને ધ્યાનમાં રાખીને આયોજન કરવામાં આવ્યું છે. ૨૭મી દાહોદ ખાતે પણ એક વિશાળ સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમ ચાર દિવસના પ્રવાસનો ભાગ છે, જેમાં અરવિંદ કેજરીવાલ, ભગવંત માન અને આમ આદમી પાર્ટીનું પ્રદેશ નેતૃત્વ વિવિધ સ્થળોએ જનસભાઓ અને રેલીઓને સંબોધિત કરશે. આમ આદમી પાર્ટી ગઠબંધન વગર પોતાની શક્તિ પર ચૂંટણી લડશે. ઉમરેઠ વિધાનસભાની પેટાચૂંટણી અંગેનો નિર્ણય પણ ટૂંક સમયમાં લેવામાં આવશે.આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસથી અમારી સ્ક્રિનિંગ કમિટીની બેઠકો યોજાઈ છે. આ મામલે અમે શીર્ષ નેતૃત્વ સાથે ચર્ચાઓ કરી છે. જેમાં પહેલું લિસ્ટ છે, તે ટૂંક સમયમાં અમે ઉમેદવારોનું જાહેર કરવા જઈ રહ્યા છીએ. અંદાજે ૧૦ હજારથી વધુ સીટોને લઈને વિચારણા ચાલી રહી છે, જેમાં નગરપાલિકા, જિલ્લા પંચાયત સહિતના મુદ્દાઓનો સમાવેશ થાય છે. આમ આદમી પાર્ટીએ પ્રથમ વખત સામાન્ય નાગરિકોને તક આપવા માટે ખુલ્લી પ્રક્રિયા અપનાવી છે. ઉમેદવારોની અરજીઓ મંગાવવામાં આવી હતી, જેમાંથી અનેક લોકો ચૂંટણી લડવા માટે આગળ આવ્યા છે. આ એક નવી શરૂઆત છે.

## પેટ્રોલ -ડીઝલનો જથ્થો...

અછત હોવાનું સામે આવ્યું છે. અમદાવાદ, રાજકોટ અને વડોદરા સહિતના વિસ્તારોમાં પેટ્રોલ અને ડિઝલની અછત જોવા મળી છે.રાજકોટમાં પેટ્રોલ અને ડિઝલનો જથ્થો ખૂટી પડ્યો છે. જિલ્લામાં આઈઓસી અને નયારાના પેટ્રોલ પંપ બંધ થયા છે. શોર્ટ સપ્લાયને પગલે પેટ્રોલ પંપ ઉપર વાહન ચાલકોની લાંબી કતારો લાગી છે. જે જગ્યાએ પેટ્રોલ ઉપલબ્ધ છે ત્યાં પેટ્રોલ પુરાવા માટે વાહન ચાલકો દોડાદોડી કરી રહ્યાં છે. એચપીઅને બીપીસીએલના પેટ્રોલ પંપ પર લાંબી કતારો જોવા મળી છે. રાજકોટમાં નાયરા જેવા ખાનગી પંપો પર પેટ્રોલનો જથ્થો ખૂટ્યો હોવાની વિગતો પ્રાપ્ત થઈ છે.બીજી તરફ વડોદરામાં પણ પેટ્રોલ અને ડિઝલની અછત સામે આવી છે. પેટ્રોલનો શોર્ટ સપ્લાય હોવાથી વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. વડોદરામાં સરકારી પેટ્રોલ પંપો પર વેચાણ ચાલુ હોવાનું જાણવા મળ્યું છે. પેનિક બોઈંગને કારણે પેટ્રોલ અને ડિઝલના વેચાણ પર અસર વર્તાઈ છે. પેટ્રોલ પંપો પર જથ્થો આવવામાં મોડુ થતાં શોર્ટ સપ્લાય જોવા મળી રહ્યો છે.એસોસિએશનના હોદેદારો એવું પણ કહી રહ્યા છે કે શનિ-રવિવારે બેંકમાં રજા હોવાના કારણે પેમેન્ટ થઈ શકયું નથી. જેના કારણે ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલ - ડીઝલનો જથ્થો આપવામાં આવ્યો ન હોવાના કારણે કેટલાક પેટ્રોલ પમ્પ આજે સવારથી બંધ છે. આઈઓસીના અધિકારીઓ અને પેટ્રોલ પમ્પ એસોસિએશનના હોદેદારોએ બેઠક ચાલી રહી છે.

# દુઃખદ અવસાન

## સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

### વાંકાનેર તાલુકાના ભાજપ અગ્રણી અસરફભાઈ બાદીનું નિધન



**વાંકાનેર:** વાંકાનેરના ખેરવાના વતની અને ચંદ્રપુર નિવાસી ભાજપ આગેવાન અસરફભાઈ રહેમાનભાઈ બાદીનું અવસાન થતાં જાહેર જીવનમાં શોક છવાયો છે. તે યાકુબભાઈ બાદીના ભાઈનું બેસણું તા. ૨૩ ને સોમવારે સાંજે ૩ થી ૬ દરમિયાન તેમના નિવાસ સ્થાને અમર સોસાયટી સી.એન.જી. પંપ પાછળ ચંદ્રપુર ખાતે રાખેલ છે.



**ગોંડલ:** લુહાર સમાજના અગ્રણી કિરણભાઈ વજુભાઈ હણસોરા (ઉ.વ.૪૮) તે ધનશ્યામભાઈ, રાજેશભાઈ, મુકેશભાઈ, દિપકભાઈ ના નાના ભાઈ, કુશ પિતા, વિનોદભાઈ સિધ્ધાપુરા (રાજકોટ) નાં જમાઈ, હિરેનભાઈ, અજયભાઈના બનેવીનું તા ૨૦ ને શુકવાર અવસાન થયું છે સદગત બેસણું તા ૨૩ ને સોમવારના રોજ લુહાર વાળી સ્ટેશન પ્લોટ સાંજે ૪ થી ૬ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** ઠા. મહેન્દ્રભાઈ વિઠ્ઠલદાસ કારીયા (જુનાગઢવળા) હાલ કેશોદ તે ગીતાબેનના પતિ, હેતલબેન વિશાલકુમાર માખેચાના પિતા, જગજીવન મોહનલાલ પલાણના જમાઈનું તા. ૨૦-૩ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તેમજ પિયર પક્ષની સાદડી તા. ૨૩-૩ ને સોમવારે સાંજે ૪ થી ૫ દરમિયાન શ્યામલ રાજ એપાર્ટમેન્ટ, સી.૨૦૪ શાંતિનગર ગેઈટની અંદર, રૈયાધાર રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી પાકોને થયેલ નુકસાનનું વળતર આપવા માંગ

## ભાજપ પ્રમુખ અતુલ કાનાણી અને લાઠી - બાબરા ધારાસભ્ય જનક તળાવિયાની મુખ્યમંત્રીને રજુઆત

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**



અમરેલી જિલ્લામાં તા.૧૮ માર્ચે પડેલા કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે ખેતી તથા બાગાયતી પાકોને ભારે નુકસાન થયું હોવાનું જણાવી ભારતીય જનતા પાર્ટી અમરેલી જિલ્લાના પ્રમુખ અતુલભાઈ કાનાણી અને લાઠી બાબરા ધારાસભ્ય જનક તળાવિયા દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરવામાં આવી છે.

હાલમાં જ અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદ પડવાથી ખેડૂતોને થયેલા વ્યાપક નુકશાનને લઈ અમરેલી ભાજપ પ્રમુખ અને લાઠી ધારાસભ્યએ મુખ્યમંત્રીને વળતર આપવા પત્ર લખ્યો છે.

જિલ્લા ભરમાં અચાનક આવેલા કમોસમી વરસાદ અને પવનના કારણે ખેડૂતોના ખેતરોમાં ઉભેલા પાકોને મોટાપાયે નુકસાન થયું છે. અમરેલી જિલ્લામાં ખેતી સાથે બાગાયતી ખેતી પણ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. ખાસ કરીને કેસર કેરીના આંબાના પાકમાં ખંભી પડી જવાની વ્યાપક સમસ્યા સર્જાઈ છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું છે. બાગાયતી પાકોમાં આંબા ઉપરાંત સીતાફળ અને જામફળ જેવા પાકોને પણ નુકસાન થયું હોવાથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કમોસમી વરસાદ અને પવનના કારણે થયેલા પાકના નુકસાનનો તાત્કાલિક સર્વે કરીને ખેડૂતોને યોગ્ય વળતર આપવામાં આવે તેવી માંગ સાથે મુખ્યમંત્રીને અપીલ કરવામાં આવી છે.

# ઉપલેટામાં લઘુમતિ સમાજને ઈદ-ઉલ-ફીત્રની શુભેચ્છા પાઠવતાં ધારાસભ્ય પાડલીયા સહિતના આગેવાનો






## સફા પેલેસમાં કુલારા પરિવાર સહિત મેમણ અગ્રણીઓને રૂબરૂ મળી શુભેચ્છા પાઠવી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

લઘુમતિ સમાજના રમજાન માસના પૂર્ણ બાઈ ઈદ ઉલ ફીત્રની ઈદની ઉજવણીમાં ઉપલેટા ધોરાજીના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા સહિત ભાજપના આગેવાનો જોડાયા હતા. અને ઈદની શુભેચ્છા પાઠવી હતી.

શહેરના સ્મશાન રોડ ઉપર આવેલ મેમણ કોલોનીપાસે પીરઝાદા ગ્રુપ દ્વારા ઈદ મીલન શુભેચ્છાના પ્રોગ્રામમાં ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા ઉપસ્થિત રહી નગર સેવક ઈમરાનમીયા પીરઝાદા, અનિસભાઈ ચણા રજાકભાઈ હિગોરા સહિત લઘુમતિ સમાજના આગેવાનો ગળે મળી શુભેચ્છા આપી હતી. જયારે સફા પેલેસમાં મેમણ સમાજના અગ્રણી બિલ્ડર અને ઉદ્યોગપતિ સામાજીક કાર્યકર અબરારભાઈ કુલારા પરિવારના નિવાસ સ્થાને શુભેચ્છા મુલાકાત લઈ ઈદની શુભેચ્છા પાઠવી હતી. ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા દ્વારા શહેરના વિકાસમાં અબરારભાઈ કુલારા પરિવારની સેવાને બિરદાવી હતી. આ તકે નગરપાલિકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, નગર પ્રાથમિક શિક્ષણ સમીતીના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, પત્રકાર સંઘના મંત્રી ભરતભાઈ રાણપરીયા, પ્લાસ્ટીક એસો.ના ઉપપ્રમુખ ભુપતભાઈ ગજેરા, નગરસેવક અશ્વિનભાઈ લાડાણી, અજયભાઈ જાગાણી, અમિતભાઈ વસવેલીયા, દિપકભાઈ સુવા, નૈમિષભાઈ પાનસરા મયુરભાઈ વાઘેલા શૈલેષભાઈ બારૈયા શહેર યુવા ભાજપના પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા શહેર ભાજપના મંત્રી કિશોરભાઈ સોલંકી સહિત ભાજપના આગેવાનો જોડાયા હતા.

# વેરાવળ: જિલ્લા-તાલુકા પંચાયતની ચૂંટણી માટે પ્રાથમિક મતદાર યાદી પ્રસિધ્ધ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશથી જિલ્લા/તાલુકા પંચાયતઓની સામાન્ય ચૂંટણી તથા વેરાવળ-પાટણ, તાલાલા, સૂત્રાપાડા અને ઉના નગપાલિકાની સામાન્ય ચૂંટણી માટેની મુસદારૂપ ફોટાવાળી મતદારયાદી તૈયાર કરી, આગામી તા.૨૩/૦૩/૨૦૨૬ ના રોજ પ્રાથમિક પ્રસિધ્ધિ કરવા જણાવવામાં આવેલ છે. મતદારો મતદારયાદીમાં નોંધાયેલ પોતાના નામની ચકાસણી સંબંધિત મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી, ગ્રામ પંચાયત કચેરી, તાલુકા પંચાયત કચેરી, જિલ્લા પંચાયત કચેરી તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની કચેરીએ તેમજ નગરપાલિકા ચૂંટણી અંગેના મતદારો પ્રાંત કચેરી, નગરપાલિકાઓની મુખ્ય કચેરી તેમજ વોર્ડવાઈઝ સરકારી કચેરીઓ ખાતે પોતાના નામની ચકાસણી કરી શકાશે.

ઉકત આદેશની વિગતે પંચાયત ચૂંટણીઓ માટે તા.૨૭/૦૩/૨૦૨૬ સુધીમાં તથા નગરપાલિકા ચૂંટણી માટે દાવાઓ ઉમેદવારી પત્ર રજૂ કરવાની છેલ્લી તારીખના ૧૦-દિવસ પહેલા સુધી નિયત નમૂના-ક માં સબંધિત મતદાર નોંધણી અધિકારી પાસે રજૂ કરી શકાશે તેમ એન.વી.ઉપાધ્યાય, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર, ગીર સોમનાથ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ જિલ્લામાં સરકારી ઈમારત, શૈક્ષણિક સંકુલમાં વરસાદી પાણી બચાવવા રચનાત્મક પહેલ

## ૩૫૨ શાળા, ૨૧૨ સરકારી કચેરી, ૧૩૨ ખાનગી હોસ્પિટલમાં વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેકટ અમલી બનાવાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જળએ જ જીવન છે. આ ઉકિત જુનાગઢ જિલ્લામાં સાર્થક સાબિત થઈ છે. વરસાદી પાણીની બચત થાય તે માટે જુનાગઢ જિલ્લાના સરકારી ઈમારતો, શૈક્ષણિક સંકુલ, ખાનગી હોસ્પિટલમાં વોટર હાર્વેસ્ટીંગ પ્રોજેકટની અમલવારી કરવામાં આવી છે. જેને કારણે હવે વરસાદી પાણી વહી નહી જાય પરંતુ તેની બચત થશે. આ માટે સરકાર જન ભાગીદારીનો સહયોગ મળ્યો છે. લોકો પણ આ અભિયાનમા ઉત્સાહભેર જોડાયા છે.

૨૨ માર્ચ વર્લ્ડ વોટર ડેના અવસરે સિંચાઈ યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર એમ.એમ. પાંચા જણાવે છે કે, કેન્દ્ર રાજ્ય સરકારના જળ સંરક્ષણ માટેના અભિયાનો અને યોજનાઓને ધરાતલ પર સફળ બનાવવા માટે જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અનેકવિધ જળસંચયના કાર્યો થયા છે. જિલ્લામાં જનભાગીદારીથી જળસંચય અભિયાન અંતર્ગત જુદા જુદા વિભાગની સરકારી ઈમારતો પર પડતા વરસાદી પાણીને રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટના માધ્યમથી સીધો જ જમીનમાં ઉતારવામાં આવે છે.

તેમણે જણાવ્યું કે, પ્રાથમિક, માધ્યમિક વગેરે શાળાના ૩૫૨ જેટલા શૈક્ષણિક બિલ્ડીંગ, જિલ્લાના સામુહિક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિતના આરોગ્ય વિભાગના ૨૧૨ સરકારી ઈમારતો અને ૧૩૨ ખાનગી હોસ્પિટલના બિલ્ડિંગ ઉપરાંત સિંચાઈ વિભાગના ૯ જેટલા બિલ્ડિંગમાં રૂફટોપ રેઈન વોટર હાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ લગાવવામાં આવ્યો છે. તાલુકા કક્ષાએ પણ તાલુકા પંચાયત, મામલતદાર ઓફિસ, ગ્રામ પંચાયતો, ઉપરાંત વહીવટી તંત્રના પ્રયાસોથી લોકોને પણ પોતાના મકાનની છત દ્વારા વરસાદી પાણી બચાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા છે, એમ કુલ ૧૯૯૯ જેટલા વરસાદી પાણીને બચાવવા માટેના કામ થયા છે. જિલ્લાની ૭ નગરપાલિકાઓમાં પણ ૧૦૩૯ રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામો થયા છે.



સિંચાઈ યોજના વિભાગના કાર્યપાલક ઈજનેર એ જણાવ્યું કે, વરસાદી પાણીના સંગ્રહ કરવા માટે વરસાદી પાણી જે છત ઉપર પડે છે તેને પીવીસી પાઈપ વડે નીચે ઉતારવામાં આવે છે, અને તેનું કનેક્શન ભૂગર્ભ ટાંકા, બોરવેલ, સોક પીટ, કુવા વગેરેમાં આપવામાં આવે છે. આ સાથે વરસાદી પાણી શુદ્ધ થઈ શકે તે માટે એક વોટર ચેમ્બર પણ બનાવવામાં આવે છે. જેમાં રેતી, કપચી વગેરે નાખવામાં આવે છે. જેથી શુદ્ધ થયેલું પાણી જ ભૂગર્ભમાં ઉતરે છે. આ પદ્ધતિમાં સ્થળ સ્થિતિ પ્રમાણે વખતે વત્તે ઓછે અંશે ફેરફાર પણ હોય છે.

આ અંગે એમ.એમ. પાંચા જણાવે છે કે, કેન્દ્ર, રાજ્ય સરકારે જળ શક્તિ અભિયાન : કેઈચ ધ રેઈન, ભાગીદારીથી જળસંચય, સુજલામ સુફલામ સહિતના અભિયાનો દ્વારા આ દિશામાં મહત્વપૂર્ણ કદમો લીધા છે. સાથે જ લોકોએ પણ તેમાં જોડાવું જરૂરી છે અને જનભાગીદારીથી જ આ અભિયાન ખરા રૂપમાં ચરિતાર્થ થતા હોય છે.

# ગોંડલના લીલાખામાં ૨.૯૧ કરોડના ખર્ચે પાવર પ્રોજેકટ મંજુર

## લીલાખા ગામે અદ્યતન આગણવાડી, રોડ, રસ્તા, પંચ જળના કામોનું કરાયું લોકાર્પણ

**અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ તાલુકાના લીલાખા ગામમાં વિકાસલક્ષી ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ગામના સર્વાંગી વિકાસને નવી દિશા આપતા અનેક મહત્વપૂર્ણ કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો છે. ધારાસભ્યના પ્રતિનિધિ અને યુવા અગ્રણી ગણેશભાઈના હસ્તે મુહુર્ત થયા હતા.

ગ્રામ પંચાયત ઓફિસ માટે રૂપિયા ૨૫ લાખના ખર્ચે પ્રોજેકટનું રે આંગણવાડી માટે રૂપિયા ૧૨ લાખના ખર્ચે ખાતમુહૂર્ત પેવર બ્લોક રોડનું રૂપિયા ૧૨ લાખના ખર્ચે લોકાર્પણ પ્રસંગે ૧૬ પરિવારોને સનદ વિતરણ કરવામાં આવી હતી, શુદ્ધ પીવાના પાણી માટે રૂપિયા ૫ લાખના ખર્ચે આર.ઓ. ફિલ્ટર પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યો સાથે લીલાખા ગામમાં કુલ ૫૦ લાખથી વધુના વિકાસ કાર્યોને ગતિ મળી છે. લીલાખા ગામ અને આસપાસના વિસ્તારોમાં વીજ પુરવઠાની સમસ્યાના નિરાકરણ માટે પીજીવીસીએલ ગોંડલ રૂરલ-૨ સબ ડિવિઝન હેઠળ આવતા લીલાખા, નવાગામ, મસીતાળા, ગોમટા, ચરખડી અને પડવલા સહિતના ગામોમાં હાલ ખુલ્લા વાયર દ્વારા વીજ પુરવઠો આપવામાં આવે છે, જેના કારણે બર્ડ ફોલ્ટ અને ઝાડવાંના કારણે વારંવાર વિક્ષેપ સર્જાય છે.

ગુજરાત સરકારની RDSS યોજના હેઠળ રૂપિયા ૨.૯૧ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે, જેમાં ખુલ્લા કંડક્ટરોને બદલે MVCC (કોટેડ વાયર) કંડક્ટર લગાવવામાં આવશે. આથી ત્રણેય ફીડરોમાં સુધારણા થવાથી ફોલ્ટની સમસ્યા ઘટાડાશે અને ગામોમાં અવિરત વીજ પુરવઠો સુનિશ્ચિત થશે.

કાર્યક્રમમાં લીલાખા ગામના વતની અને જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, તાલુકા પંચાયત પ્રમુખના પ્રતિનિધિ ભરતભાઈ ઢોલરીયા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ પ્રફુલભાઈ ટોળીયા, તાલુકા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ ઠુંમર, સરપંચ પરેશભાઈ ધામેલિયા ઉપસ્થિત રહ્યા હતા.

# ઉપલેટાથી પાનેલી સુધીના રોડને મઢવાના કામનું ખાતમુહુર્ત કરતા ધારાસભ્ય ડો.પાડલીયા



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**


ઉપલેટાથી પાનેલી અને ત્યાંથી આગળનો રસ્તો વાહન ચાલકો માટે માથાના દુખાવા રૂપ હોવાથી અગાઉ ધારાસભ્ય ડો. પાડલીયા દ્વારા સરકારમાં કરવામાં આવેલી રજુઆતના પગલે સરકાર દ્વારા ૨૬ કરોડ રૂપિયા મંજુર કરાતા રોડ રસ્તાનું ફિસર ફેનીંગ કરવા માટે ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે પાનેલી ગામે ખાસ મુદત કરવામાં આવેલ હતું.

રાજય સરકાર દ્વારા તાજેતરમાં ઉપલેટા - પાનેલીથી રાજકોટ જીલ્લાની હદ વિસ્તાર સુધી રોડ રસ્તા માટે ૨૬ કરોડ રૂપિયા મંજુર કરાયા હતો. તેને ખાસ મુદત પાનેલી ગામે ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા જણાવેલ રાજયમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર હમેશા છેવાડાના માનવીની ચિંતા કરે છે. છેવાડાના માનવીને રોડ-રસ્તાની સુવિધા મળે તે માટે રાજયના મુખ્યમંત્રી સતત પોઝીટીવ રહી કામ કરી રહ્યા છે.

આ ખાતમુહુર્તથી પાનેલી, સાતવડી હરીયાસણ, ખારચીયા સહિત નાના મોટા ગામો અને જામજોધપુર તથા જામનગર જતા વાહન ચાલકોને મોટી રાહત થશે.

આ કાર્યક્રમમાં પાનેલી તેમજ ગ્રામ્ય ભરનારના જીલ્લા તાલુકા ગ્રામ પંચાયતના સભ્યો ભારતીય જનતા પાર્ટીના હોદેદારો વિવિધ સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભાળિયા: ધારાસભ્ય મુળુભાઈ બેરાનો આજે જન્મદિવસ



ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અને પાયાના નેતા, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા વિધાનસભા બેઠકના લોકપ્રિય ધારાસભ્ય અને ગુજરાત સરકારના પૂર્વ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાનો આજે જન્મદિવસ છે. ભાજપ સાથે વર્ષો જૂનું જોડાણ ધરાવતા અને પક્ષના શરૂઆતના સંઘર્ષકાળથી એક વફાદાર સૈનિક તરીકે કાર્યરત મુળુભાઈ બેરા આજે લાખો કાર્યકરો અને જનતાના પ્રેરણારૂપ બન્યા છે. મુળુભાઈ બેરા રાજકીય સફર પાયાના સ્તરેથી શરૂ થઈ છે. સંગઠનમાં વર્ષો સુધી નિષ્ઠાપૂર્વક કામ કર્યા બાદ, તેમણે ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી તરીકે પણ ગુજરાતના વિકાસમાં મહત્વનું પ્રદાન આપ્યું છે. ખાસ કરીને જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના જટિલ પ્રશ્નોના ઉકેલ લાવવામાં અને ખંભાળિયા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે તેઓ હંમેશા તત્પર રહ્યા છે. તેમની સાદગી, મૃદુ સ્વભાવ અને લોકો સાથે સીધું જોડાણ તેમને એક અલગ ઓળખ અપાવે છે.

આજે તેમના જન્મદિવસના શુભ અવસરે વહેલી સવારથી જ રાજકીય અગ્રણીઓ, કાર્યકર્તાઓ અને શુભેચ્છકો દ્વારા તેમને ટેલિફોનિક તેમજ રૂબરૂ મળીને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# ધોરાજી: અદ્વૈત હોસ્પિટલમાં પીએમજેએવાય કાર્ડથી હાડકાના ઓપરેશન કરી અપાશે

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

ધોરાજીની અદ્વૈત હોસ્પિટલ ખાતે હાડકાના ઓપરેશન માટે હવે પીએમજેએવાય કાર્ડ ચાલશે. ધોરાજીના સ્ટેશન રોડ પર આવેલ આ અદ્વૈત મલ્ટીસ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ખાતે હવે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત હાડકાની તકલીફ હોઈ તેવા દર્દી જેમ કે દરેક પ્રકારના ફેક્ચરની સારવાર તેમજ ઓપરેશન, સ્નાયુ તથા તાણિયાના ઓપરેશન, પ્લેટ તથા સળિયા દૂર કરવાના (કાઢવાના)ઓપરેશન, કરી અપાશે. હાથ પગની નસ (જ્ઞાનતંતુના)ઓપરેશન, રમતગમત તથા ઔદ્યોગિક ઈજાઓની સારવાર તથા ઓપરેશન, કરોડરજ્જુ ગાદી તથા મણકાના ઓપરેશન, હાડકાંમાં સાંધામાં અને ફેકચર થયેલા રસી(ઈન્ફેકશન)ની સારવાર તથા સારવાર તેમજ ઓપરેશન હવે ધોરાજીની અદ્વૈત હોસ્પિટલમાં કાર્ડ હેઠળ કરી આપવામાં આવશે.

# ઉનાના અહેમદપુર માંડવી બીચ પર મરીન કમાન્ડો દ્વારા કરાયું ફુટ પેટ્રોલીંગ

## યુધ્ધની સ્થિતિ વચ્ચે પીપાવાવ મરીન કમાન્ડોની કવાયત



**અબતક, ઉના**

ઊના તાલુકાના અહેમદપુર માંડવી બીચ દરિયા કિનારે દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ વૈશ્વિક યુધ્ધ ની પરિસ્થિતિ ના અનુસંધાને દરિયાઈ વિસ્તારમાં તકેદારી રાખવા એ. ટી. એસ. સિક્યુરિટીના અધિક પોલીસ મહાનિરીક્ષક અમિતકુમાર વિશ્વકર્મા, ટાસ્ક ફોર્સના પોલીસ મહા નિરીક્ષક એ. એમ. મુનિયા અને મરીન ટાસ્ક ફોર્સ ના પોલીસ અધિક્ષક એ. જે. પરમારની સૂચના અને માર્ગ દર્શન હેઠળ પીપાવાવ સેક્ટરના પી. આઈ. એ. જી. ગામીત, પી. એસ. આઈ. પરમાર, પાટીલ સાથે મરીન કમાન્ડોનું ગ્રુપ એહમદ પુર માંડવી બીચ દરિયા કિનારે આવેલું અને સમગ્ર બીચ ના કિનારે ફૂટ પેટ્રોલિંગ કરી તમામ શંકાસ્પદ વિસ્તાર માં જઈ અજાણી રેઢી પડેલ વસ્તુઓ ચેક કરી તપાસ કરી હતી. કોઈ શંકાસ્પદ કે વાંધાજનક કઈ મળેલ ના હતું.

## સમયનો સદ્ઉપયોગ

# બગસરામાં પક્ષીપ્રેમી વેપારીએ સ્વહસ્તે બનાવેલા માળાનું વિતરણ કરી ઉજવ્યો ચકલી દિવસ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં હુડકો વિસ્તારમાં કિરાણાની દુકાન ચલાવતા વેપારી જગદીશભાઈ બુમતારિયા ઘણા સમયથી ચકલીના માળા ઉનાળામાં પોતાના ફ્રી સમયમાં બનાવે છે. આ વર્ષે ચકલીઓની ચિંતા કરતા વધુ સમય ફાળવી અને પુઠા ના ખોખા ના સરસ મજાના માળા બનાવીને પોતાની દુકાન આગળ ગોઠવી અને ચકલીઓને રહેવા માટેની સારી વ્યવસ્થા કરી હતી આ વેપારીની પક્ષી પ્રત્યેની લાગણી જોઈને બીજા લોકોને પણ પ્રેરણા મળે છે.

# વેરાવળની બ્લડ બેંક ખાતે યોજાયેલા નેત્ર કેમ્પનો ૮૫ દર્દીઓએ લીધો લાભ



**અબતક, જયેશ પરમાર, વેરાવળ**

વેરાવળ જન સમાજ સેવા સંઘ સ્વ રમેશભાઈ મસાણી બ્લડ બેન્ક વેરાવળ ખાતે દાતા રમાબેન અનિલભાઈ પારેખ તથા પારેખ પરિવારના સૌજન્યથી ગીતાબેન પરમાર ડો.ચન્યારા દીપ પ્રગટાવીને નેત્ર યજ્ઞને ખુલ્લો મૂકવામાં આવેલ આ વિનામૂલ્યે નેત્ર યજ્ઞનું અનોખું આયોજન કરવા માં આવ્યું હતું આ આ કેમ્પને વેરાવળ શહેર તથા આજુબાજુના ગામડા તાલુકા ઘણા દર્દીઓએ લાભ લીધો તમામ દર્દીઓને ચા પાણી નાસ્તો અને જમવાનું સંસ્થા દ્વારા સેવા આપવામાં આવે છે તેમાં જરૂરિયાત દર્દીને વીરનગર લઈ જવામાં આવેલ ઓપરેશન કર્યા પછી ત્રીજા દિવસે વેરાવળ પરત મૂકી જવામાં આવશે આ કેમ્પમાં ૮૫ દર્દીએ લાભ લીધેલ જેમાં જરૂરિયાત વાળા ૧૨ દર્દીને ઓપરેશન માટે વીરનગર લઈ જવામાં આવેલ આ કેમ્પ ને સફળ સંચાલન જયંતીભાઈ આંજણી સુમનભાઈ સિંઘલ, વિકેશભાઈ વિનોદરાય પરમાર અને તેમની ટીમ એ કરેલ.

# વેરાવળ, તાલાલા, સુત્રાપાડા વિસ્તારમાં જેને વિજ બિલ નથી ભર્યું તેના જોડાણ કપાશે

## પીજીવીસીએલે બાકી વિજ બિલ ભરી દેવા તાકિદ કરી: કાલથી ઝુંબેશ શરૂ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ, તલાલા અને સૂત્રાપાડા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના બાકી વીજ બિલ ધરાવતા ગ્રાહકોના તા. ૨૪-૦૩-૨૦૨૬ (મંગળવાર)ના રોજ વીજ જોડાણ કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પીજીવીસીએલે વિભાગીય કચેરી, વેરાવળના કાર્યક્ષેત્ર હેઠળ આવતા વેરાવળ, તલાલા અને સૂત્રાપાડા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના તમામ વીજ ગ્રાહકોને કે જેમના વીજ બિલ બાકી છે, તેઓએ તાત્કાલિક અસરથી પોતાનું બાકી વીજ બિલ ઓનલાઈન માધ્યમ દ્વારા અથવા સંબંધિત કચેરી ખાતે રુબરુ જઈ ભરપાઈ કરી દેવા તાકીદ કરી છે. વધુમાં તંત્ર દ્વારા જણાવાયું છે કે વીજ જોડાણ કપાયા બાદ પુનઃ જોડાણ મેળવવા માટે સંપૂર્ણ બાકી બિલ તેમજ રી-કનેક્શન ચાર્જ ભરવો ફરજિયાત રહેશે.

# આઈપીએલ પહેલા પ્રેક્ટિસ મેચમાં અભિષેક શર્માનું તોફાન: ૪૨ બોલમાં ૯૪ રન ફટકાર્યા

## અભિષેક પ્રેક્ટિસ મેચમાં ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા: ઈશાન કિશને પણ ૨૫ બોલમાં ૭૨ રન ઝૂડ્યા




**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપમાં નિરાશાજનક પ્રદર્શન કરનાર અભિષેક શર્માનું ફોર્મ આઈપીએલ ૨૦૨૬ શરૂ થતા પહેલા જ પરત આવી ગયું છે. સનરાઈઝર્સ ટીમના ખેલાડીઓ વચ્ચે ઈન્ટ્રાસ્કવોડ (આંતરિક) મેચ રમાઈ હતી, જેમાં અભિષેક શર્માએ ૯૪ રનની તોફાની ઈનિંગ રમી હતી. અભિષેકનું ટી૨૦ વર્લ્ડ કપમાં પ્રદર્શન ખાસ રહ્યું ન હતું, પરંતુ આઈપીએલ ૨૦૨૬ પહેલા તે શાનદાર ફોર્મમાં જોવા મળી રહ્યો છે. પ્રેક્ટિસ મેચમાં તેણે પોતાની ઈનિંગ દરમિયાન ૮ ચોગ્ગા અને ૭ છગ્ગા ફટકાર્યા હતા.

'હૈદ્રાબાદ એ ટીમ તરફથી રમતા અભિષેક શર્માએ લગભગ ૨૨૪ના તોફાની સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા માત્ર ૪૨ બોલમાં ૯૪ રન બનાવ્યા હતા. તે પોતાની ટીમ માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન રહ્યો હતો. આ એક સિમ્યુલેશન મેચ હોવાથી, અભિષેક હૈદ્રાબાદર બી માટે પણ બેટિંગ કરવા આવ્યો હતો, પરંતુ આ વખતે તે ૪ બોલમાં માત્ર ૧૨ રન જ બનાવી શક્યો હતો. જ્યાં હૈદ્રાબાદ એ માટે અભિષેકે ૯૪ રન કર્યા, ત્યાં બીજી તરફ હૈદ્રાબાદ બી માટે ઈશાન કિશને મેદાન ગજવ્યું હતું. ઈશાને માત્ર ૨૫ બોલમાં ૭૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને બધાને પ્રભાવિત કર્યા હતા.ટી૨૦ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં અભિષેક શર્માનું એકંદર પ્રદર્શન નિરાશાજનક રહ્યું હતું. ૮ ઈનિંગ્સમાં તે માત્ર ૧૪૧ રન જ બનાવી શક્યો હતો, પરંતુ સારી વાત એ રહી કે તેણે એક શાનદાર ઈનિંગ સાથે વર્લ્ડ કપને વિદાય આપી હતી. ન્યૂઝીલેન્ડ સામેની ફાઈનલ મેચમાં તેણે ૨૧ બોલમાં ૫૨ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને ભારતની ૯૬ રનથી મળેલી રેકોર્ડ જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

## ચેન્નાઇના ગ્રાન્ડ સ્લેમમાં ધોનીએ સેમસન, દુબે અને મ્હાત્રેનું કર્યું સન્માન



ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમમાં ત્રણ ખેલાડીઓનો સમાવેશ થાય છે જેમને તાજેતરમાં ટીમ ઈન્ડિયાને વર્લ્ડકપ જીતવામાં મદદ કરી હતી. આ ત્રણ ખેલાડીઓમાં સંજુ સેમસન, શિવમ દુબે અને આયુષ મ્હાત્રેનો સમાવેશ થાય છે. સંજુ સેમસન અને શિવમ દુબેએ ૮ માર્ચે ટીમ ઈન્ડિયાને ટી૨૦ વર્લ્ડકપ જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.સીઝનની શરૂઆત પહેલા ચેન્નાઈ સુપર કિંગ્સે તેમના હોમ ગ્રાઉન્ડ, એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ''રોર ૨૦૨૬'' નામનો એક કાર્યક્રમ યોજ્યો હતો. એમએસ ધોની સિવાય અંબાતી રાયડુ, મેથ્યુ હેડન, માઈકલ હસી, હરભજન સિંહ, સુરેશ રૈના, લક્ષ્મીપતિ બાલાજી અને મુરલીધરન સહિત ચેન્નાઈના ઘણા ભૂતપૂર્વ મહાન ખેલાડીઓએ આ ખાસ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

# કિવિને ૧૯ રનથી હરાવી આફ્રિકાએ સિરીઝ સરભર કરી



## ઈસ્ટરહ્યુઝે માત્ર ૩૩ બોલમાં ૫૭ રન ધમાકેદાર ઈનિંગ રમી: બુધવારે રમાનારી અંતિમ ટી૨૦ મેચ રોમાંચક બની રહેશે

**અબતક, રાજકોટ**

પ્રવાસી સાઉથ આફ્રિકાના સ્પિનરો સામે ન્યૂઝીલેન્ડની ટીમ લાચાર બની જતાં ચોથી ટી૨૦ ક્રિકેટ મેચમાં સાઉથ આફ્રિકાએ ૧૯ રને વિજય હાંસલ કરીને પાંચ મેચની સિરીઝમાં સ્કોર ફરીથી સરભર કરી દીધો હતો. આમ હાલમાં બંને ટીમ ૨-૨થી બરાબરી પર આવી ગઈ છે. વર્તમાન સિરીઝમાં બંને ટીમ એકબીજાને મચક આપતી નથી અને પાછળ રહી ગયા બાદ વળતો પ્રહાર કરીને સ્કોર સરભર કરી દે છે ત્યારે બુધવારે રમાનારી અંતિમ ટી૨૦ મેચ રોમાંચક બની રહેશે. ચોથી ટી૨૦માં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ કોનોર ઈસ્ટરહ્યુઝેનની શાનદાર અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો. જેના જવાબમાં ન્યૂઝીલેન્ડની ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૪૫ રન કરી શકી હતી. ઈસ્ટરહ્યુઝેને માત્ર ૩૩ બોલમાં ૫૭ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર અને સાત ચોગ્ગા સામેલ હતા. આ સ્કોર બંને ટીમો વચ્ચે મુખ્ય તફાવત સાબિત થયો હતો. ઈનિંગ્સના બીજા જ બોલે વિકેટ ગુમાવ્યા બાદ તેણે બાજી સંભાળી હતી અને પાવરપ્લેમાં ટીમને ૫૦ રન સુધી પહોંચાડી હતી.ન્યૂઝીલેન્ડની શરૂઆત સારી રહી હતી અને પાવરપ્લે બાદ તેમનો સ્કોર બે વિકેટે ૬૩ રન હતો. ટિમ રોબિન્સને ૨૨ બોલમાં ૩૨ રન ફટકાર્યા હતા. જોકે, સાઉથ આફ્રિકાના સ્પિનરોએ અહીંથી વળતી લડત આપીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. પ્રેનેલન સુબ્રાયન પોતાની પહેલી જ મેચમાં જ ૧૩ રન આપીને બે મહત્વની વિકેટ ઝડપી તો કેપ્ટન કેશવ મહારાજે ૨૨ રન આપીને બે વિકેટ મેળવી ન્યૂઝીલેન્ડના મધ્યક્રમને ધ્વસ્ત કર્યો હતો. ડેન ક્લીવર ત્રણ વર્ષ બાદ ટીમમાં પરત ફરી રહ્યો હતો અને તે જોખમી જણાઈ રહ્યો હતો પરંતુ સુબ્રાયને તેને બોલ્ડ કર્યો હતો તેણે ૨૬ રન ફટકાર્યા હતા. ટોમ લાથમને સ્થાને કાર્યકારી સુકાની બનેલા જેમ્સ નીશમને બે જીવનદાન મળ્યા છતાં તે મોટી ઈનિંગ્સ રમી શક્યો નહીં.


---

બાર કાઉન્સિલની ચૂંટણીના પરિણામો જાહેર

# મહિલા અનામતે સિનિયર વકીલોના જીતના દાવા પર પાણી ફેરવ્યું!

## ચેરમેન, વાઈસ ચેરમેન સહિતની કમિટીમાં કોનો હાથ ઉપર રહે છે અને કોનો દબદબો જળવાશે

## જે જે પટેલ, દિલીપ પટેલ, મનોજ અનડકટ, અનિરુદ્ધસિંહ ઝાલા, દીપેન દવે અને કરણસિંહ વાઘેલા સહિત ૧૮ ઉમેદવારોની જીત: અમૃતા ભારદ્વાજ સહિત પાંચ મહિલાઓ પ્રથમ વખત બાર કાઉન્સિલનું પ્રતિનિધિત્વ કરશે



### બાર કાઉન્સિલના ચૂંટાયેલા સભ્યો

બાર કાઉન્સીલના હાલના ચેરમેન જે.જે.પટેલ, દિલીપ પટેલ,એ.એ.અન્સારી, અનિલ સી.કેલ્લા, મનોજ અનડકટર, પરેશ વાઘેલા, કરણસિંહ બી.વાઘેલા, ભાવેશ રબારી, હિતેશ પટેલ, પી.ડી.પટેલ, દિપન દવે, કિશોર ત્રિવેદી, જીગ્નેશ પટેલ, ભરત ભગત, શંકરસિંહ ગોહિલ, હરીશ નાકરાણી અને ઝક્કી શેખ અને પાંચ મહિલા ઉમેદવારો નિમિષા ધોત્રે, અમૃતા ભારદ્વાજ ,વંદના ભટ્ટ, પ્રીતિ જોશી અને હીરલ પાનવાલાને વિજેતા જાહેર કર્યા છે.આ સિવાય અન્ય બે મહિલા વકીલો બીસીઆઈ કો-ઓપ્શનથી મૂકશે

**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીના પરિણામો જાહેર થયા છે જેમાં અનેક સિનિયર વકીલોના મહિલાના અનામત એ જીતના દાવા પર પાણી ફેરવ્યા છે. જેમાં બાર કાઉન્સિલનું અગાઉ પ્રતિનિધિત્વ કરી રહેલા વકીલોને આઠમમાં પ્રતિનિધિત્વ તક નહીં મળે તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનું ચેરમેન, વાઇસ ચેરમેન સહિતની કમિટીમાં કોનો હાથ ઉપર રહે છે અને કોનો દબદબો જળવાઈ રહે છે તે આવનારો સમય જ કહે છે

ગુજરાત બાર કાઉન્સીલની તા.૬ઠ્ઠી માર્ચેના રોજ યોજાયેલી પ્રતિષ્ઠાભરી ચૂંટણીની મત ગણતરી તારીખ ૯ માર્ચના રોજ હાથ ધરવામાં આવી હતી ૧૨ દિવસ સુધી ચાલેલી મતગણતરી બાદ પરિણામ જાહેર થયા હતા. જેમાં રાજકોટના દિલીપભાઈ પટેલ,જામનગર મનોજભાઈ અનડકટ, ભાવનગરના અનિરુદ્ધસિંહ ઝાલા,અમદાવાદના જે જે પટેલ સહિત ૧૨ ઉમેદવારોને વિજેતા જાહેર કરાયા હતા.જ્યારે બાર કાઉન્સીલની ચૂંટણીમાં મહિલા વકીલોના કવોટામાં રાજકોટના અમૃતાબેન ભારદ્વાજ સહિત પાંચ મહિલા વકીલ પ્રથમ વખત બાર કાઉન્સિલમાં એન્ટ્રી થશે બાર કાઉન્સીલની ચૂંટણીની છેલ્લા ૧૨ દિવસથી ચાલી રહેલી મતગણતરીના અંતે ઉમેદવારોના સમર્થકોમાં નિરાશાની લાગણી પ્રસરેલી જોવા મળી હતી.બાર કાઉન્સીલની ચૂંટણીના સત્તાવાર પરિણામો જાહેર થઈ જતાં રાજ્ય ન્યાયતંત્ર અને વકીલ આલમમાં નોંધ લેવાઈ હતી. બીજીબાજુ, ક્યાંય કહીં ખુશી, કહીં ગમના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.સૌથી પહેલુ ખાતુ વડોદરાની મહિલા વકીલ નિમિષા ધોત્રેએ ખોલાવ્યું હતું. ગુજરાત બાર કાઉન્સીલની ચૂંટણીમાં સત્તાવાર પરિણામો આજે જાહેર થઈ ગયા બાદ હવે વિજેતા ઉમેદવારોના નામોની યાદી સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર રચાયેલી હાઈપાવર કમીટીને મોકલાશે. તેની બહાલી બાદ બાર કાઉન્સીલની અસાધારણ સભા બોલાવવામાં આવશે. જેમાં ચૂંટાયેલા ૧૮ વકીલ પુરુષ સભ્યો અને મહિલા અનામત કવોટામાં સભ્યપદ મેળવનારી પાંચ સભ્યો અને બીસીઆઈ મારફતે કો-ઓપ્શનથી સ્થાન મેળવનારી બે મહિલા વકીલ સભ્યો મળી કુલ ૨૫ સભ્યોમાંથી ચેરમેન, વાઈસ ચેરમેન, એક્ઝીક્યુટીવ કમીટી, ફાયનાન્સ કમીટી સહિતની સાત કમીટીઓના ચેરમેન-સભ્યો તેમ જ જુદી જુદી ડિસ્પ્લીનરી કમીટીઓની રચના થશે.

# રાજ્યમાં આજથી ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ

## ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખરીદી માટેનું તમામ આગોતરું આયોજન પૂર્ણ કરી લેવામાં આવ્યું છે, તેમ કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, રાજ્યભરમાં ખેડૂતોની સુવિધા માટે પૂરતા પ્રમાણમાં ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. ખેડૂતોએ કરાવેલી નોંધણી, વાવેતર વિસ્તાર અને ઉત્પાદનને ધ્યાને લઈને ચણાની ખરીદી માટે ૧૬૫ તથા રાયડાની ખરીદી માટે ૬૦ ખરીદ કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.ચણા અને રાયડાના ટેકાના ભાવે વેચાણ માટે ચાલુ વર્ષે પુષ્કળ સંખ્યામાં ખેડૂતોએ નોંધણી કરાવી છે. ચણા માટે ૨.૫૯ લાખથી વધુ તેમજ રાયડા માટે ૩૭,૦૦૦થી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે. નોંધણી કરાવેલા તમામ ખેડૂતો પાસેથી પૂરતી માત્રામાં જથ્થાની ખરીદી કરવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

ખરીદી પ્રક્રિયામાં પારદર્શિતા લાવવા અને ખેડૂતોને હાલાકી ન પડે તે માટે આ વર્ષે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવાયા છે. નોંધણી કરાવેલ સાચા ખેડૂત પાસેથી જ ખરીદી થાય તે સુનિશ્ચિત કરવા માટે સૌપ્રથમવાર આધાર ઈનેબલ્ડ બાયોમેટ્રીક અથવા ફેસ ઓથેન્ટીકેશન પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. જો કોઈ ખેડૂત અનિવાર્ય સંજોગોમાં કેન્દ્ર પર હાજર ન રહી શકે, તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલ નોમીની પણ વેચાણ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે. ખેડૂતોને ભીડભાડથી બચાવવા અને વ્યવસ્થા જાળવવા માટે ખરીદ કેન્દ્રો દ્વારા એસએમએસ મારફતે અગાઉથી જાણ કરવામાં આવશે. ખેડૂતોએ તેમને મળેલા મેસેજ મુજબના નિયત સમયે અને તારીખે પોતાનો પાક લઈને કેન્દ્ર પર ઉપસ્થિત રહેવા વિનંતી કરવામાં આવી છે.

# આસામમાં એમ્બ્યુલન્સ-ટ્રક વચ્ચે ટક્કર દર્દી સહિત વ્યકિતના મોત, ૨ ગંભીર

## અથડામણ એટલી ભયંકર હતી કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો

**અબતક, રાજકોટ**

આસામના સોણિતપુર જિલ્લાના રવિવાર રાત્રે એક એમ્બ્યુલન્સ અને ટ્રક વચ્ચે થયેલી સામસામેની ભીષણ અથડામણમાં છ લોકોનાં મોત થયા છે.અકસ્માતમાં બે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમની સારવાર ચાલુ છે. આ ઘટના નેશનલ હાઈવે ૧૫ પર બની હતી. પોલીસ મુજબ, એમ્બ્યુલન્સ એક દર્દી અને તેના પરિવારજનોને લઈને તેજપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ જઈ રહી હતી. તે દરમિયાન સામેની દિશામાંથી આવી રહેલા ટ્રક સાથે જોરદાર ટક્કર થઈ. અથડામણ એટલી ભયંકર હતી કે એમ્બ્યુલન્સનો આગળનો ભાગ સંપૂર્ણ રીતે ચકનાચૂર થઈ ગયો.

સોણિતપુરના વરિષ્ઠ પોલીસ અધિકારીએ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું કે આ અકસ્માતમાં છ લોકોનાં સ્થળ પર જ મોત થયા. મૃતકોમાં દર્દી, તેના પરિવારજનો અને એમ્બ્યુલન્સ સ્ટાફનો સમાવેશ થવાની આશંકા છે. જ્યારે બે અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેમને તરત જ સ્થાનિક લોકો અને પોલીસની મદદથી તેજપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેમની સ્થિતિ હાલ ગંભીર છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસ અને ઈમરજન્સી સેવા ટીમ તરત જ સ્થળ પર પહોંચી અને બચાવ કામગીરી શરૂ કરી. નુકસાનગ્રસ્ત વાહનોને રસ્તા પરથી હટાવવા અને ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે ભારે મહેનત કરવી પડી. અકસ્માત બાદ હાઈવે પર ટ્રાફિક થોડા સમય માટે બંધ રહ્યો હતો, જેને હવે ફરી શરૂ કરવામાં આવ્યો છે.

# માણાવદરના માર્ગનું વિનોદ જોશી માર્ગ નામ કરણ કરાયું

## સાહિત્યકાર પૂર્વ સેક્રેટરી વિનોદભાઈને શહેરની કાયમી સ્મરણાંજલી




**અબતક, જીગ્નેશ પટેલ**
**માણાવદર**

માણાવદરના સાહિત્યકાર અને નગર પાલિકાના પૂર્વ સેક્રેટરી વિનોદ જોશીની કાયમી સ્મૃતિમાં એક માર્ગનું નામ વિનોદ એમ.જોશી નામકરણ કરાયું છે.

માણાવદર સ્વ. વિનોદભાઈ એન. જોષી કે નગરપાલિકાના સેક્રેટરીપદે રહી શહેરના સર્વાંગી વિકાસના ઘણાં કાર્યો કરી જનમાનસમાં એક કર્તવ્યનિષ્ઠ અધિકારી તરીકેની છબી ઉભી કરેલ અને શહેરના ધાર્મિકજનોની આસ્થાના પ્રતિક સમાન શહેરમાં આવેલા ગાયત્રી મંદિરનું નિર્માણ પણ તેઓના પ્રયત્નોથી જ શક્ય બનેલ તેઓ એક ઉમદા સાહિત્યકાર હોય નવલકથા, ગઝલ સંગ્રહો અને ભક્તિગીતો જેવા ઉત્તમ સાહિત્યિક સર્જનોની આ વિસ્તારના સાહિત્યપ્રેમીઓને ભેટ મળેલ આમ સામાજિક, સાહિત્યિક, આધ્યાત્મિક અને વહીવટી ક્ષેત્રે તેઓના યોગદાન બદલ આવા કર્તવ્યપરાયણ વ્યક્તિને શ્રધાંજલિ અર્પિત કરવા શહેરના વિવિધ સમાજના નાગરિકો, ગાયત્રી પરીવાર અને સમસ્ત બ્રહ્મ સમાજની અરજીઓ અનુસંધાને માણાવદર નગરપાલિકા દ્વારા પાવર હાઉસ સામે આવેલ માર્ગને ''શ્રી વિનોદ એન. જોષી'' માર્ગ જાહેર કરવામાં આવેલ છે. જે માર્ગનું તા. ૨૨/૦૩/૨૦૨૬ ને રવિવારે અનાવરણ કરવામાં આવેલ આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, પાલિકા પ્રમુખ જીતુભાઈ પનારા, ભાજપ પ્રમુખ નીરજભાઈ જોશી, ચીફ ઓફિસર બી. પી. બોરખતરિયા, આગેવાનો અને ઉપસ્થિત રહેલ હતા

# ચૂંટણી ઢુંકડી: ત્રણ દિવસમાં ૨૫૦૦ કરોડના વિકાસ કામોની ભેટ

## રાજયના તમામ જિલ્લામાં વિકાસ કામોનો ધમધમાટ

**અબતક, રાજકોટ**

મહેસાણા જિલ્લાના વિકાસના ઈતિહાસમાં એક નવું સોપાન ઉમેરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલે આજે વિસનગર ખાતે 'મહિમાવંત મહેસાણા' કાર્યક્રમ અંતર્ગત રૂ. ૯૩૮ કરોડથી વધુના વિવિધ જનહિતલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીએ વિસનગર અને મહેસાણા જિલ્લા માટે રૂ. ૬૩૦ કરોડથી વધુના કામોનું ખાતમુહૂર્ત, રૂ. ૧૬૮ કરોડથી વધુના કામોનું ભૂમિપૂજન તેમજ રૂ. ૧૪૦ કરોડના ખર્ચે પૂર્ણ થયેલા વિવિધ વિકાસકામો જનતા માટે ખુલ્લા મૂક્યા હતા. આ પ્રકલ્પો મહેસાણા જિલ્લાના સર્વાંગી ઉત્કર્ષ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે તેવી મક્કમતા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત આજે ફાઈનાન્શિયલ મેનેજમેન્ટમાં દેશમાં અગ્રેસર છે, જેના પરિણામે આજે ગુજરાતમાં નાણાંની કોઈ તંગી વર્તાતી નથી. મુખ્યમંત્રીએ ખાતરી આપી હતી કે મહેસાણા જિલ્લાના વિકાસ માટે સરકાર પાસે ભંડોળની કોઈ કમી નથી અને જિલ્લામાંથી આવતા દરેક વ્યાજબી કામને પ્રાધાન્ય આપી મંજૂર કરવામાં આવશે.રાજ્યના સર્વાંગી વિકાસનો ચિતાર રજૂ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ દિવસમાં જ ગુજરાતમાં રૂ. ૨૫૦૦ કરોડથી વધુના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. મહેસાણા-પાલનપુર રેલવે લાઈનનું ડબલિંગ અને વર્ષોથી પડતર એવી તારંગા-અંબાજી રેલવે લાઈનને મળેલી મંજૂરી આ વિસ્તારની આર્થિક ગતિવિધિઓને વેગ આપશે.

ભુપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું કે મહેસાણા માં ઉત્તર ગુજરાત રીજીયનની રિજનલ વાઈબ્રન્ટ સમિટમાં થયેલા રૂ. ૩.૨૪ લાખ કરોડના એમઓયુ જિલ્લાના ઔદ્યોગિક ભવિષ્યની ઝાંખી કરાવે છે અને હવે આ જિલ્લો ફૂડ પ્રોસેસિંગ હબ તરીકે પણ ઉભરી રહ્યો છે.

આ પ્રસંગે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાનએ શરૂ કરેલી વિકાસની મશાલને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેજ ગતિએ આગળ ધપાવી રહ્યા છે. તેમણે સરકારની ખેડૂતલક્ષી નીતિઓની વિગતો આપતા કહ્યું કે રાજ્ય સરકારે ખેડૂતો માટે રૂ. ૧૧,૦૦૦ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું છે, જે અંતર્ગત મહેસાણાના ખેડૂતોને પાક નુકસાની પેટે રૂ. ૨૫૦ કરોડથી વધુની રકમ સીધી તેમના ખાતામાં જમા કરવામાં આવી છે. જિલ્લામાં આરોગ્ય માળખું મજબૂત કરતા વિજાપુર અને ખેરાલુને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલની ભેટ મળી છે, તેમજ શિક્ષણ ક્ષેત્રે એમ.એન. સાયન્સ કોલેજની સાથે નવીન કોલેજો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

# 'શ્રી અન્ન'નો ઉત્સવ: મિલેટ ફ્રેંકી જેવી અવનવી વાનગીઓનો લીધો લહાવો

## સ્વસ્થ જીવનશૈલી માટે 'શ્રી અન્ન' અપનાવવા ધારાસભ્યનું આહવાન; લાઈવ ફૂડ ઝોનમાં મિલેટ-પાણીપુરી અને વાનગીઓનું આકર્ષણ





હાલના સમયમાં સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતતા વધારવા અને વિસરાતા જતા પૌષ્ટિક આહાર 'શ્રી અન્ન'ના મહત્વને જન-જન સુધી પહોંચાડવાના હેતુથી જામનગર શહેરમાં ૨૧ અને ૨૨ માર્ચના રોજ બે દિવસીય 'મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ઓસવાળ-૩ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ મહોત્સવનો પ્રારંભ ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી અને જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરીએ જામનગરના નાગરિકોને મિલેટ્સ અપનાવવા આહવાન કરતા જણાવ્યું હતું કે, બદલાતી જતી જીવનશૈલીમાં ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવી બીમારીઓથી બચવા માટે આપણે ફરી એકવાર પૂર્વજોના પૌષ્ટિક આહાર એટલે કે બાજરી, જુવાર અને રાગી જેવા 'શ્રી અન્ન' તરફ વળવું અનિવાર્ય છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી આજે મિલેટ્સને વૈશ્વિક સ્તરે સન્માન મળ્યું છે, ત્યારે આપણે પણ રોજિંદા ભોજનમાં તેનો સમાવેશ કરી 'સ્વસ્થ ભારત'ના નિર્માણમાં સહભાગી બનીએ તેવો અનુરોધ તેમણે કર્યો હતો.મહોત્સવની મુખ્ય વિશેષતા 'લાઈવ ફૂડ ઝોન' છે, જ્યાં નાગરિકો મિલેટ ફ્રેંકી, મિલેટ-પાણીપુરી, રાગી સૂપ અને બાજરાની ખીચડી જેવી અવનવી વાનગીઓનો આસ્વાદ માણી રહ્યા છે. આ ઉપરાંત, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની પ્રોડક્ટ્સના વેચાણ માટે ૫૦ જેટલા વિશેષ સ્ટોલ ઉભા કરાયા છે. કાર્યક્રમમાં બીનાબેન કોઠારી, ક્રિષ્નાબેન સોઢા સહિતના અગ્રણીઓ, કૃષિ વૈજ્ઞાનિકો અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા ખેતીવાડી અધિકારી ગોહિલે જામનગરના નગરજનોને આ પૌષ્ટિક મેળાનો લાભ લેવા ખાસ વિનંતી કરી છે.

# રામસવારી પૂર્વે ભક્તિ ફેરીમાં જયશ્રી રામના નાદ સાથે શહેર ગુંજ્યું

## હિન્દૂ ઉત્સવ સમિતિ અને મહાદેવ હર મિત્ર મંડળ દ્વારા પંચેશ્વર ટાવરથી બાલા હનુમાન મંદિર સુધી પદયાત્રાનું આયોજન; કોઠારી સ્વામી ચતુર્ભુજદાસજીના આશીર્વચન સાથે પ્રસ્થાન



જામનગર શહેરમાં પ્રતિવર્ષની પરંપરા મુજબ 'હિન્દૂ ઉત્સવ સમિતિ' અને 'મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટ'ના નેજા હેઠળ યોજાનારી ભવ્ય રામસવારીના આયોજનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. આ આયોજનના પૂર્વાધરૂપે ગઈકાલે પંચેશ્વર ટાવરથી બાલા હનુમાનજીના મંદિર સુધી એક વિશાળ 'ભક્તિ ફેરી'નું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે બહોળી સંખ્યામાં રામભક્તો હાથમાં ભગવા ધ્વજ લઈ 'જય શ્રી રામ'ના ગગનભેદી જયઘોષ સાથે જોડાયા હતા.અખંડ રામધૂનમાં સહભાગી થયા ભક્તો પદયાત્રા તળાવની પાળે આવેલા વિશ્વ પ્રસિદ્ધ બાલા હનુમાનજીના મંદિરે પહોંચી હતી, જ્યાં ભક્તોએ પ્રભુ રામ, લક્ષ્મણ, જાનકી અને હનુમાનજીના દર્શન કરી આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ તમામ ભક્તો બાલા હનુમાનજી મંદિરમાં ચાલતી 'અખંડ રામધૂન'ના જાપમાં જોડાયા હતા. રામધૂન બાદ ફરીથી જય શ્રી રામના નારા સાથે આ ફેરી ગૌરીશંકર મહાદેવના મંદિરે પરત ફરી પરિપૂર્ણ થઈ હતી.સફળ સંચાલન સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહાદેવ હર મિત્ર મંડળ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ વ્યાસ (મહાદેવ) દ્વારા કરવામાં આવ્યું હતું. આ ભક્તિ ફેરીએ આગામી રામસવારી માટે શહેરમાં ભક્તિમય માહોલ ઊભો કર્યો છે.

# શ્રી ખોડલધામ પરિવાર દ્વારા "રાંદલ મા લોટા ઉત્સવ"માં ભક્તિના મહાસાગર ઘૂઘવાયો

## રણજીતસાગર રોડ પર સતત ચોથા વર્ષે યોજાયો દિવ્ય મહોત્સવ; મહાઆરતી, મહારાસ અને મહાપ્રસાદના ત્રિવેણી સંગમમાં શ્રદ્ધાળુઓએ લીધો ભક્તિનો લહાવો



જામનગર શહેરના રણજીતસાગર રોડ સ્થિત ખોડીયાર પાર્ક સોસાયટીના કોમન પ્લોટ ખાતે શ્રી ખોડલધામ પરિવાર અને મંદિર સમિતિ દ્વારા સતત ચોથા વર્ષે "રાંદલ મા લોટા ઉત્સવ"નું અત્યંત ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં જામનગરના હજારો માઈભક્તોએ ઉમટી પડી દર્શન, પૂજન અને મહાપ્રસાદનો અલૌકિક લહાવો લીધો હતો.આ મહોત્સવનો પ્રારંભ શાસ્ત્રોક્ત પૂજન વિધિ અને મહિલા સત્સંગ સાથે થયો હતો, જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ માતાજીના ગુણગાન ગાયા હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ જળહળતી મહાઆરતી રહી હતી, જેના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી. આરતી બાદ ખેલૈયાઓએ ઢોલના તાલે મહારાસની રમઝટ બોલાવીને સમગ્ર વાતાવરણને ભકિતમય બનાવી દીધું હતું. મહોત્સવના અંતે હજારો ભાવિકોએ માતાજીનો મહાપ્રસાદ ગ્રહણ કર્યો હતો.

# માવઠાના મારથી થયેલા નુકસાનનું ખેડૂતોને વળતર આપવા કોંગ્રેસની માંગ

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મનોજ કથીરિયાએ મુખ્યમંત્રીને પત્ર લખી તાત્કાલિક સર્વે કરાવવા રજૂઆત



જામનગર જિલ્લામાં ગત તા. ૧૯/૦૩/૨૦૨૬ના રોજ થયેલા કમોસમી વરસાદ અને માવઠાએ ખેડૂતોની કમર તોડી નાખી છે. તૈયાર થયેલા ઊભા પાકને થયેલા વ્યાપક નુકસાન અંગે જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ તાત્કાલિક સર્વે કરી આર્થિક સહાય ચૂકવવાની માંગણી કરવામાં આવી છે. જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી બદલાયેલા વાતાવરણ અને અનરાધાર વરસાદને કારણે ખેતરોમાં તૈયાર થયેલો પાક બગડી ગયો છે, જેના કારણે જગતનો તાત ભારે આર્થિક સંકટમાં મુકાઈ ગયો છે. અનેક ખેડૂતો દેવાના બોજ નીચે દબાયેલા હોવાથી હાલની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોજ કથીરીયાએ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું છે કે, અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે પાક નુકસાનીનો સર્વે કરાવી યોગ્ય વળતર અને આર્થિક સહાય આપવામાં આવે. આ બાબતે તમામ રાહત કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવાની પણ કોંગ્રેસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# રિક્ષાચાલકની પુત્રીએ મિત્રતા તોડી નાખતા ઈન્ટાગ્રામ ફ્રેન્ડે આપી ધમકી

## સીટી સી. ડિવિઝન પોલીસે ધમકી આપનાર હૈદરાબાદના શખ્સ સામે ગુનો નોંધી શોધખોળ: હાથ ધરી

જામનગરમાં ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતા રિક્ષાચાલકની યુવાન પુત્રી સાથે ઈન્સ્ટાગ્રામ માં ફ્રેન્ડશીપ કરનાર હૈદરાબાદના એક શખ્સ એ મિત્રતા તોડી નાખવાના મામલે ધાકધમકી આપી હતી, જેથી મામલો સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો છે, જામનગરના ડિફેન્સ કોલોની વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલકની યુવાન પુત્રી જેને થોડા સમય પહેલા ઈન્સ્ટાગ્રામમાં દિનેશ નામક યુવક સાથે મિત્રતા થઈ હતી.

થોડો સમય વાતચિત ચાલી હતી, પરંતુ યુવતીને પસંદ ન હોવાથી દિનેશ સાથે મિત્રતા તોડી નાખી હતી, જેથી તે ઉસકેરાયો હતો, અને યુવતીને ફોન કરીને ધાકધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. જેથી આ મામલાને સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો, ત્યાં રીક્ષા ચાલક અમૃતભાઈ દ્વારા હૈદરાબાદના દિનેશ નામના શખ્સ વીરુદ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુન્હો નોંધ્યો છે, અને સોશિયલ મીડિયાના માધ્યમથી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# જામજોધપુર : એ.વી.ડી.એસ. કોલેજમાં વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃત્તિક કૃતિ કરી રજુ



**અબતક, ભરત ગોહિલ**
**જામજોધપુર**

જામ જોધપુર શ્રીમતી એવીડીએસ કોલેજના સાંસ્કૃત્તિક હોલમાં વાર્ષિક ઉત્સવ નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમો ઉજવાયા જેમાં સાંસ્કૃતિક કાર્યક્રમ, વર્ષ દરમિયાન રમતગમત ક્ષેત્રે તેમજ શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન કરનારને પ્રોત્સાહિત કરવા માટે શીલ્ડ તેમજ પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓનો દીક્ષાંત સમારોહ પણ યોજાયો. આ ત્રિવિધ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે સર્વોદય કેળવણી મંડળના પ્રમુખ રમેશભાઈ કાલરીયા, કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ડીન ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ અને જી.જે. શેઠ કોમર્સ કોલેજ મોરબીના પ્રિન્સિપાલ ડો.જીતેન્દ્ર એલ. ગરમોરા મુખ્ય અતિથિ તરીકે ચીફ ઓફિસર, નગરપાલિકા જામજોધપુરના બ્રિજરાજસિંહ વાળા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથિ વિશેષમાં પૂર્વ ધારાસભ્ય ચિરાગભાઈ કાલરીયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પ્રતિભાબેન કાલરીયા તેમજ કોલેજ ટ્રસ્ટના અન્ય ટ્રસ્ટીગણ તેમજ જામજોધપુરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના આચાર્યઓ પણ હાજર રહ્યા હતા. આ ત્રિવિધ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# કોપોરેશનની ૧૦૦% વ્યાજ માફી યોજના ૩૧ માર્ચે પૂરી

## મિલકત જપ્તીની કાર્યવાહીથી બચવા અને વ્યાજ રાહતનો લાભ લેવા મહાનગરપાલિકાનો જનતાને અનુરોધ

જામનગર મહાનગરપાલિકા દ્વારા બાકી વેરાના ભારણમાંથી મુક્તિ અપાવવા માટે શરૂ કરવામાં આવેલી ૧૦૦ ટકા વ્યાજ માફી યોજના હવે અંતિમ તબક્કા તરફ છે. ગત ૧૩ ફેબ્રુઆરીથી શરૂ થયેલી આ યોજના આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂર્ણ થઈ રહી છે. મનપા દ્વારા તમામ કરદાતાઓને આ યોજનાનો મહત્તમ લાભ લેવા અપીલ કરવામાં આવી છે.આ યોજના હેઠળ હાઉસ ટેક્સ, વોટર ચાર્જ, વ્યવસાય વેરા, કારખાના લાયસન્સ ફી અને ભાડાની બાકી રકમ પરના વ્યાજમાં ૧૦૦ ટકા રાહત આપવામાં આવી રહી છે. જે કરદાતાઓ ૩૧ માર્ચ સુધીમાં પોતાની મૂળ રકમ ભરપાઈ કરશે, તેમને વ્યાજમાં સંપૂર્ણ માફી મળશે. આ સાથે જ મનપાએ ચેતવણી આપી છે કે સમયસર વેરો ન ભરનાર આસામીઓ સામે આગામી દિવસોમાં રિકવરી અને મિલકત જપ્તી જેવી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નાગરિકોની સુવિધા માટે વેરાની રકમ ઓનલાઈન વેબસાઈટ અને JMC CONNECT એપ્લિકેશન પર સ્વીકારવામાં આવશે. આ ઉપરાંત મુખ્ય કેશ કલેક્શન વિભાગ, વિવિધ સિટી સિવિક સેન્ટરો (સરૂ સેક્શન, રણજીતનગર, ગુલાબનગર, ગ્રીન સિટી, સમર્પણ સર્કલ), શહેરની નિયત બેંકોની શાખાઓ અને મોબાઈલ ટેક્સ કલેક્શન વેન પર પણ વેરો ભરી શકાશે.

# રણજીતસાગર રોડ પર કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં પતિ, પત્ની અને પુત્ર ઈજાગ્રસ્ત

જામનગરમાં રઘુવીર પાર્ક શેરી નંબર ૮ માં રહેતા રોનકભાઈ કિશોરભાઈ સોજીત્રા (ઉ.વ. ૩૫) કે જેઓ ગઈકાલે પોતાના પત્ની રિદ્ધિબેન (૩૦) તેમજ તેના પુત્ર પરાગ ને બાઈક પર બેસાડીને રણજીતસાગર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, જે દરમિયાન રસ્તામાં જીજે ૩૭ વી ૦૪૬૯ નંબરની એક કારના ચાલકે અચાનક આવીને બાઈકને ટક્કર મારી દેતાં અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં પતિ પત્ની અને પુત્ર સહિત ત્રણેયને નાની મોટી ઈજા થઈ છે, અને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે.

આ અકસ્માતના બનાવ અંગે રિદ્ધિબેન રોનકભાઈ સોજીત્રાએ બોલેરો કારનાચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ધો.૧૨ની પરીક્ષા આપવા આવેલી...

# સગીરા પર મહિલા પોલીસમેનના મિત્રએ આચર્યું દુષ્કર્મ

## ચાર દિવસ પૂર્વે વિદ્યાર્થીની સાથે સંપર્કમાં આવેલા શખ્સે કારમાં હવસનો શિકાર બનાવી

## કિશોરીના ગળાના ભાગે ઈજાના નિશાને કુકર્મનો ભાંડો ફોડયો: આરોપીની ધરપકડ

જામનગરમાં બારમા ધોરણની પરીક્ષા આપવા માટે આવેલી ગ્રામ્ય વિસ્તારની વિદ્યાર્થીની, પર મહિલા પોલીસ કર્મચારીના લિવિંગ પાર્ટનરે કારમાં દુષ્કર્મ ગુજાયું આ ચકચાર જનક બનાવની વિગત એવી છે કે જામનગર ગ્રામ્ય વિસ્તારની ધો.૧૨ની વિદ્યાર્થીની ગત ૧૬ મી તારીખે જામનગર આવી હતી, ચાર દિવસ પહેલા જ સંપર્કમાં આવેલી ભરત ગોવિંદભાઈ બામરોટીયા વિદ્યાર્થીનીને એસ.ટી. ડેપો પરથી કારમાં બેસાડી હતી, ત્યારબાદ સાત રસ્તા થઈને નવા ઓર બ્રિજની નીચેના એક ખાંચામાં લઈ ગયો હતો. જ્યાં કારના ડાર્ક કાચ ચડાવી વિદ્યાર્થીનીને ધાકધમકી આપી હતી, અને તેણી પર દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીને છોડીને પોતે ભાગી છૂટ્યો હતો. પેપર આપીને મોડી સાંજે એસટી બસ મારફતે પોતાના ઘેર પહોંચી હતી, જ્યાં તેણીના ગળાના ભાગમાં ઈજાના નિશાનો જોયા હોવાથી માતા અને ભાઈ વગેરેને વિદ્યાર્થીનીની પૂછપરછ કરી હતી.

દરમિયાન તેણીએ આખો મામલો જણાવી દેતાં પરિવારજનો હતપ્રભ બની ગયા હતા, અને મોડી રાત્રે જામનગર આવી પહોંચ્યા હતા, અને પોલીસ સમક્ષ સમગ્ર ઘટના જણાવી હતી. આ સમગ્ર બનાવને લઈને સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં પરત ગોવિંદભાઈ બામરોટીયા સામે દુષ્કર્મ ગુજારવા અંગે ગુનો નોંધ્યો છે. ભોગ બનનાર

સગીર હોવાથી એસ્ટ્રોસિટી અને પોકસો સહિતના કલમોનો ઉમેરો કરવામાં આવ્યો હતો, અને પોલીસે ઊંડાણપૂર્વકની તપાસના આધારે આરોપી ભરત ગોવિંદભાઈ ને પકડી પાડ્યો હતો, અને તેનો મોબાઈલ ફોન અને બનાવના સમયે પહેરેલા કપડા તેમજ જી.જે. ૫ આરએફ ૯૬૫૯ નંબરની કાર કબજે કરી લીધી હતી. આરોપીને અદાલત સમક્ષ રજૂ કરતાં તેને જેલમાં ધકેલી દેવાયો છે.તપાસ એસટીએસસી સેલના ડીવાયએસપી મિત રુદલાલ સહિતના સ્ટાફની ઊંડાણપૂર્વકની તપાસમાં આરોપી ગત ૧૨ મી તારીખે એસટી ડેપો પર આવ્યો હતો, અને વિદ્યાર્થીની ના સંપર્કમાં આવીને પોતાના મોબાઈલ નંબર આપ્યા હતા. જે વિદ્યાર્થીને ૧૨ તારીખે પોતાના ઘેર પહોંચ્યા પછી શું કામ છે? તે અંગે મેસેજ કર્યો અને તેના જવાબના ભાગરૂપે ૧૬ મી તારીખે વિદ્યાર્થીની પરીક્ષા દેવા પરત આવી ત્યારે આરોપી ભરત બામરોટીયા પોતાની કાર લઈને એસ ટી ડેપો પર આવ્યો હતો, અને વિદ્યાર્થીનીને બેસાડી તેણી કંઈ સમજે તે પહેલા ધાકધમકી આપી ઓવર બ્રિઝ નીચે લઈ ગયો હતો, અને દુષ્કર્મ ગુજાર્યું હતું.જ્યાં બંને વચ્ચે ખેંચતાણ થઈ હતી, જેમાં વિદ્યાર્થીની ને ગળાના ભાગે ઈજા થઈ હતી, જે ઈજાના કારણે સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન આરોપી ભરત બામરોટીયા કે જેના અગાઉ પ્રેમ લગ્ન થયા હતા, અને તે લગ્ન થકી તેને સંતાન પણ પ્રાપ્ત થયું હતું. પરંતુ પત્ની સાથે અણબનાવ બનતાં બંને છૂટા પડી ગયા હતા, અને પત્ની દ્વારા ભરણપોષણનો કેસ પણ કરવામાં આવ્યો છે. મહિલા પોલીસ કર્મચારી સાથે મૈત્રી સંબંધ બાંધી લીધા હતા, અને હાલ તેની સાથે પોલીસ હેડક્વાર્ટર માં જ લિવિંગ પાર્ટનર તરીકે રહેતો હતો, અને કારની લે વેચ નો વ્યવસાય કરતો હતો. પોલીસ આ મામલામાં વધુ તપાસ ચલાવી રહી છે.

# માવઠાનો મારઃ કૃષિ વિભાગે સર્વે હાથ ધર્યોઃ રિપોર્ટ બાદ સહાય અંગે વિચારણા

## સર્વે રાજ્યભરમાં થશે અને તેના જે કંઈ રિપોર્ટ આવશે તેના આધારે સરકાર ખેડૂતોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેનો વિચાર કરશેઃ જીતુ વાઘાણી

### સાત દિવસ બાદ વાતાવરણમાં ફરી પલટો આવશે

હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી સાત દિવસ બાદ વાતાવરણમાં ફરી મોટો પલટો આવવાની શક્યતા છે. હાલમાં રાજ્યના મહત્તમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે, અને આગામી ૨૪ કલાક દરમિયાન વધુ ગરમીનો અહેસાસ કરાવશે. માત્ર દિવસનું જ નહીં, પરંતુ રાત્રિના તાપમાનમાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે, ત્યારબાદ તાપમાનમાં સ્થિરતા જોવા મળશે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં હાલમાં કોઈ ભારે પવન ફૂંકાવાની શક્યતા નથી.



**અબતક, રાજકોટ**

વિતેલા સપ્તાહમાં ભર ઉનાળે એકાએક વરસેલી આકાશી આફતથી રાજ્યના ખેડૂતોને વધુ એક ગંભીર ફટકો પડ્યો છે. ચોમાસાની મોસમમાં અતિવૃષ્ટી અને દિવાળી ટાણે માવઠાનો માર સહન કરનાર ખેડૂતોને તેજ આંધી પવન અને કરા સાથેના વરસાદથી શિયાળુ પાકનો કોળિયો મોં એ પહોંચે એ પહેલાં જ છીનવાઈ ગયો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. રાજ્યમાં લગભગ સવા સો તાલુકાઓમાં તો વત્તા ઓછા અંશે વરસાદ નોંધાયો છે જ્યારે આંધી અને પવનના કારણે ઠેકઠેકાણે તબાહી મચી છે. આની વચ્ચે રાજ્યના કૃષિવિભાગે કમોસમી વરસાદથી પાકને નુકશાનીનો સર્વે હાથ ધર્યો છે.કૃષિમંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, કલાઈમેટ ચેન્જની સ્થિતિના કારણે વારંવાર બનતી ઘટનાથી ખેડૂતોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તેમાં શક્ય એટલી સહાય કરવા સરકાર પ્રયાસ કરે છે તેમાં હમણાં થયેલા માવઠાથી ખેતીને ક્યાં કેટલું નુકશાન થયું છે તેનો સર્વે કૃષિ વિભાગને હાથ ધરવાની સૂચના આપવામાં આવી છે. એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહ્યું કે, આ સર્વે રાજ્યભરમાં થશે અને તેના જે કંઈ રિપોર્ટ આવશે તેના આધારે સરકાર ખેડૂતોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેનો વિચાર કરશે. અહીં નોંધવુ જરૂરી છે કે ખરીફ સિઝન વખતે પણ બરાબર આવી જ સ્થિતિ સર્જાઈ હતી. દિવાળીના તહેવારોના લીધે ખેડૂતોએ પાક લણીને અથવા તો તહેવારો પછી તેને લણવાની તૈયારીઓ કરી હતી ત્યાં જ માવઠાએ પરિસ્થિતિ બગાડી મુકી હતી. સરકારે સર્વે કરીને લગભગ દસેક હજાર કરોડના પેકેજની જાહેરાત કરી હતી. જેની ચુકવણી લગભગ થઈ ચૂકી છે.ગત શુક્રવારથી રાજ્યના વાતાવરણમાં પલટો આવ્યો હતો. આમ તો ગુરુવારથી જ ઘણે ઠેકાણે, ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં વાદળો ઘેરાય હતા. શુક્રવારે તેજ આંધી તુફાન સાથે વરસાદ ખાબકી પડ્યો હતો. સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં ત્રણ ત્રણ દિવસ સુધી વરસાદી માહોલ રહ્યો હતો.

આવી જ સ્થિતિ મધ્ય, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં જોવા મળી હતી. આના કારણે ગીર તલાલા, જૂનાગઢ, અમરેલી કચ્છની પ્રખ્યાત કેરીના પાકને હવે સિઝન શરૂ થાય એ પહેલાં જ ગંભીર ફટકો પડ્યો હતો. આ જ રીતે વલસાડ અને નવસારીમાં હાફૂસ સહિતની જાણીતી કેરીના ફળ પડી ગયા હતા. ચીકુ અને કેળાની વાડીઓને પણમાં છોડ વળી ગયા હતા. ચીકુ ખરી પડ્યા હતા. ખેડૂતોનો ઘઉંનો પાક હવે લણવાની તૈયારીમાં હતો તેના રોપા, ચણા, કપાસ, લસણ, તલ, જીરૂ જેવા પાકને પણ સારું એવુ નુકશાન થયું છે.

### રાજ્યભરમાં ગરમીનું જોર વધ્યુંઃ પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચશે

**માવઠા અને વાવાઝોડાનો માહોલ વીખાઈ ગયા બાદ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં તાપમાનનો પારો ચારથી પાંચ ડિગ્રી વધ્યો**

રાજ્યમાં ઉનાળાના પગરવ સાથે હવે ગરમીનો પારો ધીમે-ધીમે ઊંચકાઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આજથી જ તાપમાનમાં નોંધપાત્ર વધારો થવાની શરૂઆત થઈ ગઈ છે. ગત રોજ લઘુતમ તાપમાન ૩૪ ડિગ્રી નોંધાયું હતું, જે આજે વધીને ૩૬ ડિગ્રી સુધી પારો પહોંચી ગયો છે.આગામી બે દિવસો દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારોમાં ગરમીનું જોર વધશે અને તાપમાનમાં હજુ પણ ૨ થી ૩ ડિગ્રીનો ઉછાળો જોવા મળી શકે છે.

રાજ્યમાં અમદાવાદ, કેશોદમાં ૩૬ ડિગ્રી સુધી તાપમાન નોંધાયું છે. રાજકોટ, સુરેન્દ્રનગરમાં ૩૬ ડિગ્રી, ગાંધીનગર, ભુજ, ડીસામાં ૩૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે, ગુજરાતમાં હાલ પૂરતું વરસાદનું સંકટ ટળ્યું છે, અને આગામી દિવસોમાં ગરમીનું જોર વધશે તેવી આગાહી સામે આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને રાજસ્થાન પર સર્જાયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનને કારણે ૫૦ થી ૭૦ કિમીની ઝડપે ફૂંકાયેલા પવને રાજ્યમાં ધૂળની ડમરીઓ અને વરસાદી માહોલ ઊભો કર્યો હતો.નોંધનીય છે કે,આગામી બે દિવસ દરમિયાન રાજ્યમાં ગરમીનું જોર વધશે અને તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઉછાળો જોવા મળી શકે છે. આ ફેરફાર પાછળ (અનુ. આઠમા પાને)

# રાજ્યના માછીમારોને બોટ માટે અગાઉ નક્કી કરાયેલા દરે જ ડીઝલ અપાશે

## ભારત પેટ્રોલીયમ દ્વારા ૨૨.૪૩ નો ભાવ વધારો પરત ખેંચાયો

**અબતક, રાજકોટ**

ગુજરાતના દરિયાકાંઠે વસતા માછીમાર ભાઈઓના આર્થિક હિતોના રક્ષણ માટે માછીમારી બોટના ડીઝલના ભાવ વધારા અંગે મહત્વનો ઉકેલ લાવ્યા છે.અને ભારત પેટ્રોલિયમ દ્વારા રૂ. ૨૨.૪૩ નો ભાવ વધારો પરત ખેંચવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના મત્સ્ય સંઘ દ્વારા માછીમારોને ડિસ્કાઉન્ટ ભાવે ડીઝલ મળી રહે તે માટે ભારત પેટ્રોલિયમ સાથે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જોકે, તાજેતરમાં ભારત પેટ્રોલિયમ દ્વારા માછીમારો માટેના ડીઝલના ભાવમાં લિટર દીઠ રૂ. ૨૨.૪૩ નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જેને પગલે માછીમારોમાં કચવાટ ફેલાયો હતો. આ નિર્ણયને લઈ સ્થાનિક આગેવાનો અને વિવિધ માછીમારી સંસ્થાઓ દ્વારા રાજ્યના મત્સ્યોદ્યોગ



મંત્રીને રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમા જણાવ્યું હતું કે, જે રીતે રાજ્ય માર્ગ પરિવહન નિગમને ભાવ વધારામાંથી મુક્તિ આપવામાં આવી છે, તે જ રીતે મત્સ્યોદ્યોગ ક્ષેત્રને પણ 'સ્પેશિયલ એક્સેપ્શન' ગણીને રાહત આપવી જોઈએ. માછીમારોને 'કન્ઝ્યુમર સેગમેન્ટ'ને બદલે રિટેલ ગ્રાહકોની સમકક્ષ ગણવા આગ્રહ કર્યો હતો. ગુજરાત રાજ્યના માછીમારોની આ વાજબી રજૂઆતને સ્વીકારી છે. જેના પરિણામે, કેન્દ્ર સરકારે ભારત પેટ્રોલિયમને માછીમારોની બોટમાં વપરાતા ડીઝલના ભાવમાં કરાયેલો રૂ. ૨૨.૪૩નો વધારો પાછો ખેંચવા સ્પષ્ટ સૂચના આપી છે. જેથી રાજ્યના માછીમારોને હવે અગાઉ નક્કી થયેલા રાહત દરે જ ડીઝલ પ્રાપ્ત થશે.આ નિર્ણય ને લઈ માછીમારોમાં રાહતની લાગણી ફેલાઈ છે.


# રાહુલ ગાંધી આજે વડોદરામાં કાલથી કેજરીવાલ અને માન ગુજરાતને ધમરોળશે

## ''આપ''ના બંને નેતાઓનું કાલે સાંજે રાજકોટમાં આગમન બુધવારે અમરેલી અને ગુરૂવારે જામનગરમાં વિજય વિશ્વાસ સભા યોજાશે, શુક્રવારે દાહોદમાં વિશાળ સભા

**અબતક, રાજકોટ**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીની પડઘમ વાગી રહ્યા છે ત્યારે ગુજરાતમાં દરેક રાજકીય પક્ષે પોતાનો પ્રચાર આરંભ્યો છે. કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને લોકસભાના વિરોધપક્ષના નેતા આજે ગુજરાતની મુલાકાતે આવ્યા છે.તેઓએ વડોદરા ખાતે પ્રજાજનો સાથે સંવાદ કર્યો હતો. દરમિયાન આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના (અનુ. આઠમા પાને)









# ભાવનગરમાં ચાર મહિલા બુટલેગરના ઘર પર જેસીબી ફરી વળ્યું

## બે કલાકમાં ૨ ઘર, ૧૪ દુકાન અને ૭ ઓરડી તોડી પડાઈ ડીવાયએસપી, એલસીબી, ઘોઘારોડ, બોરતળાવ અને ગંગાજળિયા પોલીસ સહિત ૨૦૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો

**અબતક, રાજકોટ**

ભાવનગર એસપી નિતેશ પાંડે દ્વારા શહેરમાં વધતી ગુનાહિત પ્રવૃત્તિઓ, ખાસ કરીને પ્રોહિબિશન અને શરીર સંબંધિત ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓ સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. આજે સવારથી અચાનક પાંચ અસામાજિક તત્વોના રહેણાંક મકાનોનું ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી મુજબ, ભાવનગર શહેરના આડોડીયા વિસ્તારમાં આવેલા આરોપીઓના રહેણાંક મકાનોને તોડવાના શરૂ કરવામાં આવ્યા છે. આ કામગીરી માટે સિટી ડીવાયએસપી, એલસીબી, ઘોઘારોડ, બોરતળાવ અને ગંગાજળિયા પોલીસ સહિત ૨૦૦થી વધુ પોલીસ જવાનોનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.

હાલમાં ચાર જેસીબી મશીનો દ્વારા ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે, જેમાં કોર્પોરેશન, પીજીવીસીએલ અને ફાયર વિભાગનો સ્ટાફ પણ જોડાયો છે. અચાનક હાથ ધરાયેલી આ કાર્યવાહીથી શહેરના અન્ય ગુનાહિત પ્રવૃત્તિમાં સંકળાયેલા શખસોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ઘરો તૂટતા જોઈને મહિલાઓ રડતી જોવા મળી હતી.સવારે ૮થી ૯.૩૦ વાગ્યા સુધીમાં એક મહિલા બુટલેગરનું ઘર તેમજ ગેરકાયદેસર બાંધકામ ધરાવતી ૫ દુકાન તોડી પાડવામાં આવી છે અને કામગારી હજુ પણ ચાલી રહી છે.

તો બીજી તરફ ઘરો તૂટતા જોઈને મહિલાઓ રડતી જોવા મળી હતી. હાલમાં કેટલા આરોપીઓના ઘરોનું ડિમોલિશન કરવામાં આવશે તેની વિગતો તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી નથી.

# જેતપુરના નવાગઢમાં પરિણીતાના કપડાં ફાડી નાખી પૂર્વ પ્રેમીએ દુષ્કર્મ ગુજાર્યુ

## રાજકોટથી પાર્લરનું કામ શીખી ગીર સોમનાથ પરત ફરતી વેરાવળની પરિણીતાને જૂનાગઢ બસ સ્ટેન્ડ સુધી મૂકી જવાનું કહી બાદશાહ નામના શખ્સેં અવાવરૂ સ્થળે લઈ જઈ આબરૂ લૂંટી

**અબતક, રાજકોટ**

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળની પરિણીતા પર પરિચિત શખ્સેં જેતપુરના નવાગઢ ખાતે બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હતો. રાજકોટથી પાર્લરનું કામ શીખી વેરાવળ જઈ રહેલી પરિણીતાને જેતપુર બસ સ્ટેન્ડ ખાતેથી જૂનાગઢ મૂકી જવાનું કહી બાદશાહ નામના શખ્સેં નવાગઢ ખાતે લઈ જઈ કપડાં ફાડી નાખી આબરૂ લૂંટી લીધી હતી. બાદમાં પરિણીતાએ આ બાબતે પતિને જાણ કરતા પતિ અને ભાઈ પરિણીતાને લઈ દુષ્કર્મ ગુજારનાર શખ્સની શોધખોળ કરવા જેતપુર ખાતે પહોંચ્યા હતા. જયા હવસખોરના સાગરીત મહિલા સહીતની ત્રિપુટીએ પરિણીતાના પતિ પર લોખંડના પાઈપ વડે હીંચકારો હુમલો કર્યો હતો. બનાવ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલિસેં અલગ અલગ બે ગુના નોંધ્યા હતા.

બનાવ અંગે મૂળ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં રહેતી ૨૨ વર્ષીય પરિણીતાએ જેતપુર ઉદ્યોગનગર પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે મોહસીન ઉર્ફે બાદશાહનું નામ આપતાં પોલિસેં દુષ્કર્મ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને સકંજામાં લીધો હતો.

પોલિસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, અગાઉ તેણી જેતપુરના નવાગઢ ખાતે રહેતા મોહસીન ઉર્ફે બાદશાહ સાથે સંબંધ ધરાવતી હતી. બંને વચ્ચે સમય જતાં પ્રેમ સંબંધ પાંગરતા અગાઉ બંને વચ્ચે શરીર સંબંધ પણ બંધાયેલ હતા. ત્યારબાદ બંને વચ્ચે મનમેળ નહિ થતાં પરિણીતાએ મોહસીન ઉર્ફે બાદશાહ સાથે સંબંધ તોડી નાખેલ હતા.

બાદમાં પરિણીતા રાજકોટ ખાતે પાર્લરનું કામ શીખવા આવેલ હતી અને ગીર સોમનાથ પરત ફરતી વેળાએ તેણી જેતપુર બસ સ્ટેન્ડ ખાતે ઉતરેલ હતી. જયા ફરી બાદશાહ એક્ટિવા લઈને ધસી આવેલ હતો અને તે પોતે જૂનાગઢ જઈ રહ્યો હોય પરિણીતાને પણ તેં જૂનાગઢ બસ સ્ટેન્ડ ખાતે ઉતારી દેશે તેમ જણાવ્યું હતું. જેથી પરિણીતા મોહસીન ઉર્ફે બાદશાહના એક્ટિવામાં બેસી જૂનાગઢ ખાતે જવા રવાના થયેલ હતી. દરમિયાન બાદશાહ પરિણીતાને જેતપુરના નવાગઢ ખાતે લઈ ગયેલ હતો અને કપડાં ફાડી નાખી બળજબરીપૂર્વક દુષ્કર્મ ગુજારી લીધેલ હતો.

જે અંગે પરિણીતાએ પોતાના ઘરે પહોંચી સમગ્ર હકીકતની જાણ પતિને કરી હતી. પરિણીતાએ પતિને આપવીતી જણાવતા આવતીકાલે હું તારી સાથે જેતપુર આવીશ, તુ મને તે જગ્યા બતાવજે તેમ જણાવ્યું હતું. બાદ તા.૨૨/

### પરિણીતાએ સમગ્ર મામલાની પતિને જાણ કરી બાદશાહને શોધવા નવાગઢ ખાતે આવેલા યુવાનને હવસખોરના સાગરીતોએ પાઈપ વડે ફટકાર્યો

૦૩/૨૦૨૬ ના રોજ પરિણીતા, તેણીનો ભાઈ અને પતિ ત્રણેય મોટરકાર લઈ બપોરના બે વાગ્યાના અરસામાં જેતપુરના નવાગઢ ખાતે ધારેશ્વર વિસ્તારમાં રેલ્વે પાટાની પાસે ગયેલ હતા. જયા એક મહીલા જેને બધા ભુરી કહીને બોલાવતા હતા તેં મળી આવી હતી. તેણીને બાદશાહ નામના શખ્સ વિશે પુછપરછ કરતા ભુરીબેને કોઈને ફોન કરી દીધેલ હતો અને બોલાચાલી કરવા લાગેલ હતી. દરમિયાન ભુરીનો દીકરો જયેશ તથા તેનો મીત્ર દીપીન આવી ગયેલ હતો. બાદ ભુરી તથા દીપીન પરિણીતાના પતિ સાથે ઝપાઝપી કરી માર મારવા લાગેલ હતા. દરમિયાન જયેશ લોખંડનો પાઈપ લઈને ધસી આવ્યો હતો અને પરિણીતાના પતિને ડાબા હાથ, જમણા પગે તથા બંન્ને પગમાં સાથળે ઘા મારવા લાગેલ હતો. જેથી પરિણીતા, તેણીનો ભાઈ અને પતિ મોટર કાર લઈ ત્યાંથી નીકળી ગયેલ હતા. બાદમાં પરિણીતાના પતિને ઈજાગ્રસ્ત હાલતમાં જેતપુર સરકારી દવાખાને સારવારમાં દાખલ થયેલ હતો.

બનાવ અંગે જેતપુર ઉદ્યોગનગર પોલિસેં બાદશાહ ઉર્ફે મોહસીન નામના શખ્સ વિરુદ્ધ દુષ્કર્મ, નિર્લજ્જ હુમલા સહીતની કલમો હેઠળ ગુનો નોંધી બાદશાહને સકંજામાં લીધો હતો. જયારે ભૂરી, તેનો પુત્ર જયેશ અને મિત્ર દીપિન વિરુદ્ધ હુમલા સહીતની કલમો હેઠળ બીજો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**જેતપુર ઉદ્યોગનગર પોલીસે દુષ્કર્મ અને હુમલાની અલગ અલગ બે ફરિયાદ નોંધી બાદશાહ ઉર્ફે મોહસીનને સકંજામાં લીધો મહિલા સહિત ત્રણની શોધખોળ**

# રાજકોટ સહિતના શહેરોને પેટ્રોલ -ડીઝલનો જથ્થો ફાળવવાનું બંધ? અનેક પેટ્રોલ પંપ બંધ

## આઈઓસી અને નયારાના પેટ્રોલ પમ્પ પર ઈંધણ ખુટ્યુંઃ એચપી અને બીપીસીએલના પમ્પ પર લાંબી લાઈનો

**અબતક, રાજકોટ**

ઈરાન અને ઈઝરાયેલ અમેરિકા વચ્ચે છેલ્લા ત્રણ સપ્તાહથી વધુ સમયથી ચાલી રહેલા ભિષણ યુધ્ધની અસર હવે ભારતમાં દેખાવા લાગી છે. રાજકોટ સહિતના ગુજરાતના અનેક શહેરોને અમુક ઓઈલ કંપનીઓ દ્વારા પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ફાળવવાનું બંધ કરી દેવામાં આવતા આજે સવારથી પેટ્રોલ પંપ બંધ થઈ ગયા છે. બીજી તરફ એચપી અને બીપીસીએલના પેટ્રોલ પમ્પ પર



તસવીરઃ શૈલેષ વાડોલિયા

વાહન ચાલકોની લાંબી લાઈનો જોવા મળી છે. પેટ્રોલ પમ્પ એસોસીએશનના હોદેદારોએ આ સંદર્ભ તાત્કાલીક આઈઓસીના અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી.

ખાડી દેશોમાં સર્જાયેલી યુદ્ધની સ્થિતિને લઈને ઈંધણની અછત શરૂ થઈ ગઈ છે. ગેસની અછતને કારણે રોજગાર, ઉદ્યોગો અને હોટેલ રેસ્ટોરન્ટ પર અસર થઈ છે. સરકારે સંગ્રહખોરી સામે એક્શન લીધા છે અને પૂરતો પુરવઠો હોવાનું જણાવ્યું છે. ત્યારે હવે પેટ્રોલ અને ડિઝલની (અનુ. આઠમા પાને)

### દ્વારકામાં ડીઝલ-પેટ્રોલનો જથ્થો ખૂટ્યોઃ યાત્રિકો સલવાયા

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વધતા જતા તણાવની સીધી અસર હવે સ્થાનિક સ્તરે પણ જોવા મળી રહી છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકામાં પેટ્રોલ અને ડીઝલની ભારે અછત સર્જાતા હાલાકીના દ્રશ્યો સામે આવ્યા છે. હાલમાં દ્વારકા શહેરના મુખ્ય બે પેટ્રોલ પંપ પર ઈંધણનો જથ્થો સંપૂર્ણપણે ખાલી થઈ ગયો છે. શનિવાર અને રવિવારની રજાઓ હોવાને કારણે મોટી સંખ્યામાં યાત્રિકો ભગવાન દ્વારકાધીશના દર્શનાર્થે ઉમટી પડ્યા છે, પરંતુ ઈંધણ ખૂટી પડતા પ્રવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

પંપ સંચાલકોના જણાવ્યા અનુસાર, ઈંધણનો જથ્થો અત્યારે પૂર્ણ થઈ ગયો છે અને હવે નવો જથ્થો આવ્યા બાદ જ પેટ્રોલ-ડીઝલ મળી શકશે. ત્યાં સુધી વાહનચાલકો



અને પ્રવાસીઓએ રાહ જોવી પડશે અથવા અન્ય વિકલ્પો શોધવા પડશે.